સૌજન્યમૂર્તિ

# શ્રી માપજી દામજી શાહ

## જીવન સ્મૃતિ



સૌજન્યમૂર્તિ

# શ્રી માવજી દામજી શાહ

# જીવનસ્મૃતિ

★

પ. પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી

મહારાજના બે બોલ સાથે

卐

લેખક તથા સંપાદક

શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

શ્રી માવજી દામજી શાહ જીવનસ્મૃતિ પ્રકાશનસમિતિ વતી
**પ્રકાશક**
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ
ચીંચબંદર, મુંબઇ - ૯

★

આવૃત્તિ પહેલી
વિ. સં. ૨૦૨૧ : સને ૧૯૬૫

★

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ, ઘીકાંટા
**અમદાવાદ**



સદ્ગત શ્રી માવજી દામજી શાહ

જન્મ-ભાવનગર — અવસાન-મુંબઈ

સં. ૧૯૪૮, આસો વદિ ૧૩ — સં. ૨૦૨૧ના અષાડ સુદિ ૧૧

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।

# ઉપહાર

શ્રી. ......................................................

......................................................

......................................................ને

સપ્રેમ ભેટ

# પ્રકાશકનું નિવેદન

સદ્ગત સૌજન્યમૂર્તિ શ્રી માવજી દામજી શાહની જીવનસ્મૃતિનું આ લઘુ પુસ્તક પાઠકોના કરકમલમાં સમર્પિત કરતાં અમને અતિશય આનંદ થાય છે.

સાહિત્ય – પ્રકાશનમાં જીવનચરિત્રોનું વિશિષ્ટ સ્થાન છે. તેમાં યે જેણે જીવનભર શિક્ષણ અને સાહિત્યની જ ઉપાસના કરી હોય, તેનું ચરિત્ર વિશેષ મનનીય નીવડે છે. અમને સંપૂર્ણ આશા છે કે પ્રસ્તુત પુસ્તકમાં શ્રી માવજીભાઈના જીવનચરિત્ર અંગે જે સામગ્રી પ્રગટ કરવામાં આવી છે, તે પાઠકોને 'સાદા જીવન અને ઉચ્ચ વિચાર'ની પ્રબળ પ્રેરણા કરશે.

શ્રી માવજીભાઈ સદ્ગત થતા પછી તેમને જે ભવ્ય શ્રદ્ધાંજલિ અપાઈ, તેનો સમાવેશ પણ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. ઉપરાંત તેમણે શ્રી ભક્તામર અને કલ્યાણમંદિર સ્તોત્રનાં જે ભાવવાહી પદ્યાનુવાદો કરેલા, તે પણ આ પુસ્તકમાં દાખલ કરેલા છે.

પ્રસંગોચિત ચિત્રો આ પુસ્તકની શોભાનું એક અનેરું અંગ બની રહેશે.

શ્રી જયંત એમ. શાહે આ પુસ્તકના પ્રકાશનમાં જે રસ દાખવ્યો છે તથા પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે અમારી વિનંતિને માન આપીને બે બોલ લખી આપ્યા છે, તે માટે તેમનો ખાસ આભાર માનીએ છીએ.

—પ્રકાશક.

॥ ॐ ह्रीँ अर्हँ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

# બે બોલ

જે ભાઈ માટે બે બોલ લખું છું, તે ભાઈ એક શ્રમણોપાસક ગૃહસ્થ હતા અને લખનાર હું સાધુ છું. કોઇ પણ શ્રાવક માટે સાધુપદે વિદ્યમાન કોઈ પણ મહાનુભાવ કાંઈ પણ લખે અથવા બોલે, ત્યારે સ્વાભાવિક પ્રશ્ન થાય કે સાધુ મુનિરાજ અવિરતિવંત અથવા દેશવિરતિધર શ્રદ્ધાસંપન્ન શ્રાવક માટે અનુમોદના કિંવા પ્રશંસા સ્વરૂપે કાંઈ બોલે તેમજ લખે તો તે ઉચિત ગણાય ખરૂં ? સાધુ મુનિરાજને અવિરતિની અનુમોદનાનો દોષ લાગે ખરો ?

આ બાબત ટુંકમાં એટલું જ કે કોઈ પણ સાધુપદની મર્યાદાને સમજનાર સાધુ કોઈ પણ શ્રાવકમાં વર્તતા રત્નત્રયીને અનુકૂલ ગુણોની અનુમોદના સુખેથી કરી શકે છે. અને એવી અનુમોદના આઠ પ્રકારના દર્શનાચાર પૈકી પાંચમો દર્શનાચાર છે.

સ્વ. માવજીભાઈ વર્તમાનકાળના શ્રાવકસંઘમાં એક આદર્શ શ્રાવક હતા. તેમના જીવનમાં જૈનશાસન પ્રત્યે અવિચલ શ્રદ્ધા હતી, દેવ - ગુરુ - ધર્મના તેઓ પરમ ઉપાસક હતા અને દેવદર્શન - પૂજા - ામાયિક તેમજ યથાશકિત વ્રત-નિયમ એ તેમના જીવનનો નિરંતર દૈનિક ધાર્મિક કાર્યક્રમ હતો.

નાની ઉંમરથી જ તેઓ સુવિહિત સાધુઓના સંસર્ગમાં રહેવાનું ખાસ પસંદ કરતા અને એ કારણે શ્રદ્ધાપૂર્વકની ધર્મ આરાધનામાં બાલ્યકાળથી જોડાયા હતા. બાલ્યવયમાં યથાયોગ્ય વ્યાવહારિક શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ યૌવનના પ્રારંભથી જ કાશી - બનારસ જેવા વિદ્યાની ઉપાસનાના કેન્દ્રધામમાં રહીને શાસ્ત્રવિશારદ સ્વ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી સ્થપાયેલ પાઠશાળા દ્વારા ધર્મશાસ્ત્રો ઉપરાંત સંસ્કૃત વ્યાકરણ, ન્યાય, સાહિત્ય તેમજ પ્રાકૃત ભાષાના તેઓ સારા અભ્યાસી તરીકે તૈયાર થયા હતા.

પોતે પ્રાપ્ત કરેલ જ્ઞાન ફક્ત પોતાના ઉપયોગ પૂરતું તેમણે સાચવી રાખ્યું ન હતું, પરંતુ મુંબઈની બાબુ પન્નાલાલ હાઈસ્કૂલમાં લગભગ સુડતાલીશ વર્ષ સુધી મુખ્ય ધાર્મિક શિક્ષક તરીકેના સ્થાનને શોભાવી હજારો જૈન બાળકોમાં ધાર્મિક શિક્ષણ દ્વારા ધર્મશ્રદ્ધાના અને ધાર્મિક આચાર–વિચારોના પાયા રોપ્યા હતા. આજે મુંબઈમાં સંખ્યાબંધ એવી આગેવાન વગેરે વ્યક્તિઓ છે કે જેઓ આ બાબતમાં સદ્‌ગત માવજીભાઈના ઉપકારને હરહંમેશ યાદ કરે છે.

માવજીભાઈના જ્ઞાનનો લાભ અનેક સાધુ–સાધ્વીઓને પણ સારા પ્રમાણમાં મળ્યો છે. કોઈ પણ સાધુ–સાધ્વીને સંસ્કૃત વિગેરે અભ્યાસ કરવો હોય તો માવજીભાઈ ગમે તે રીતે સમય મેળવીને અભ્યાસ કરાવવા માટે હંમેશા તત્પર રહેતા હતા અને એ રીતે સાધુ–સાધ્વીની ભક્તિનો લાભ મળવા બદલ પોતાની જાતને ધન્ય માનતા હતા.

સદ્‌ગત માવજીભાઈને કવિત્વશક્તિની કુદરતી બક્ષિસ હતી. કોઈ પણ સમારંભ અથવા પ્રસંગને અનુસરતું કાવ્ય બનાવવું હોય તો તેમની કલમ અસ્ખલિત કામ આપતી હતી. તેમણે પોતાના જીવન દરમ્યાન અનેક કાવ્યો, કવિતાઓ ઉપરાંત નાની નાની પુસ્તિકાઓ તૈયાર કરવા દ્વારા આમજનતાને શિષ્ટ સાહિત્યની ભેટ ધરી છે.

દેવદર્શન, પ્રભુપૂજા, સામાયિક વગેરે ધાર્મિક પ્રવૃત્તિ તેમજ ધર્મશાસ્ત્રોના અભ્યાસ વગેરેની જીવનમાં ઘણી જરૂર છે, અને તેના ફળસ્વરૂપે અંતરાત્મામાં ક્ષમા, સરલતા, નમ્રતા, સહનશીલતા વગેરે સદ્‌ગુણોની સુવાસ પ્રગટ થાય તો જ ધાર્મિક પ્રવૃત્તિ કે ધર્મશાસ્ત્રોનો અભ્યાસ એ વાસ્તવિક ગણાય છે. સદ્‌ગત માવજીભાઈમાં સદ્‌ગુણોની સુવાસ ઠીક ઠીક પ્રમાણમાં પ્રગટ થયેલી હતી. તેમની છેલ્લી લાંબી માંદગી પ્રસંગે ૧૫–૨૦ દિવસે કે મહિને–બે મહિને જ્યારે જ્યારે તેમની પાસે મારે જવાનું થયેલ, ત્યારે ત્યારે મને આ બાબતનો યથોચિત અનુભવ છે. વધુ પડતી માંદગીના પ્રસંગમાં પણ સમભાવ

ટકી રહેવો, પંચપરમેષ્ઠિમય નવકાર મહામંત્રનું સ્મરણ ચાલુ રાખવું, સ્ત્રી – પુત્રાદિ સ્વજનો ઉપરનો મમત્વ ભાવ ઘટી જવો અને છેવટે અરિહંત – અરિહંતના ધ્યાનમાં જ આયુષ્યની સમાપ્તિ થવી, એ જ જીવનનું સાચું સરવૈયું છે. એ સાચા સરવૈયાના અમુક પ્રમાણમાં પણ તેઓ અધિકારી બની શકયા હતા.

બીજમાં મધુરતા હોય તો ફળમાં પણ પ્રાયઃ અવશ્ય મધુરતા આવે; એ ન્યાય પ્રત્યેક પિતા – પુત્રમાં લાગુ પડે એવો એકાંત નિયમ હોતો નથી, એમ છતાં સ્વ. માવજીભાઈના સુપુત્ર શ્રી જયંતભાઈ જેઓ આજે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને સરસ પ્રેકટીસ ધરાવવા સાથે ધર્મની ભાવનામાં પણ પ્રગતિશીલ છે, તેમની અપેક્ષાએ તો એ ન્યાય અવશ્ય લાગુ પડેલ છે.

જયંતભાઈને માટે માવજીભાઈ જેમ આદર્શ પિતા હતા; તે પ્રમાણે સદ્‌ગત માવજીભાઈ માટે જયંતભાઈએ એક આદર્શ પુત્ર તરીકે નામના મેળવી છે. આટલો ઈંગ્લીશ અભ્યાસ અને આટલી સુંદર ધંધાની પ્રેકટીસ છતાં ગૃહસ્થાશ્રમની અપેક્ષાએ માતા – પિતાને તીર્થ તરીકે માનનાર અને માંદગી વગેરે પ્રસંગે અવિરત સેવા – ચાકરી કરનાર જયંતભાઇ જેવા સુપુત્ર કોઈક પુન્યવંત પિતાને જ પ્રાપ્ત થતા હશે. જયંતભાઈ આજે બાહ્ય તેમજ અંતરંગ દૃષ્ટિએ જે વિકાસ સાધી શકયા છે, તેનું મુખ્ય કારણ તો સ્વ. માવજીભાઇએ નાની ઉંમરથી જ પોતાના સંતાનને આપેલો સંસ્કાર અને શુભાશિષનો વારસો છે.

સદ્‌ગત માવજીભાઈનો આત્મા આજે જ્યાં હોય ત્યાં પોતાના આત્મવિકાસની વધુ સાધના કરે અને ત્યાં રહ્યા રહ્યા પોતાના કુટુંબ પરિવારને આત્મકલ્યાણની પ્રેરણાનું અમીપાન આપ્યા કરે, એ જ શુભ ભાવના.

વિ. સં. ૨૦૨૧ ના આસો
વદિ ૨, તા. ૧૨–૧૦–૬૫
મુંબઈ

વિજયધર્મસૂરિ

# વિષયાનુક્રમ

## જીવનસ્મૃતિ


| | | પૃષ્ઠનો ક્રમાંક |
|---|---|---|
| ૧ | આમુખ ... ... ... ... | ૩ |
| ૨ | પૂર્વકથા ... ... ... ... | ૫ |
| ૩ | જન્મ અને બાલ્યાવસ્થા ... ... ... | ૯ |
| ૪ | સત્પુરુષનો સમાગમ ... ... ... | ૧૪ |
| ૫ | વિશેષ વિદ્યાભ્યાસ ... ... ... | ૧૯ |
| ૬ | શિક્ષકપદનો સ્વીકાર ... ... ... | ૨૬ |
| ૭ | લેખન – પ્રકાશન – પ્રવૃત્તિ ... ... ... | ૩૨ |
| ૮ | કૌટુંબિક જીવન ... ... ... | ૪૬ |
| ૯ | જીવનસાથી ... ... ... ... | ૫૨ |
| ૧૦ | પિતૃભક્તિનો પુણ્ય પ્રકાશ ... ... ... | ૫૬ |
| ૧૧ | નિવૃત્તાવસ્થા ... ... ... ... | ૬૨ |
| ૧૨ | વ્યક્તિત્વ ... ... ... ... | ૭૦ |
| ૧૩ | અંતિમ દિવસો ... ... ... ... | ૭૫ |


## શ્રદ્ધાંજલિ


| | | |
|---|---|---|
| ૧૪ | મુંબઈમાં જૈનોની જાહેર સભા ... ... | ૮૩ |
| ૧૫ | સામયિક નોંધો ... ... ... ... | ૧૦૬ |
| ૧૬ | ઠરાવો ... ... ... ... | ૧૧૪ |
| ૧૭ | પત્રો ... ... ... ... | ૧૧૮ |


## વિશેષ


| | | |
|---|---|---|
| ૧૮ | શ્રી ભક્તામર સ્તોત્રનો પદ્યાનુવાદ ... ... | ૧૨૯ |
| ૧૯ | શ્રી કલ્યાણમંદિર સ્તોત્રનો પદ્યાનુવાદ ... ... | ૧૪૧ |

સૌજન્યમૂર્તિ

# શ્રી માવજી દામજી શાહ

# જીવનસ્મૃતિ

[૧]

# આ મુ ખ

જૈન મહાપુરુષોએ કહ્યું છે કે "ગુણવાન મનુષ્યોને જોઇને હૃદયમાં આનંદ અનુભવવો, તેમના ગુણની વારંવાર પ્રશંસા તથા અનુમોદના કરવી. જે આત્મા ગુણવાનોની મન-વચન-કાયાથી પ્રશંસા અનુમોદના કરે છે, તે સ્વયં-ગુણવાન બનીને ભવસાગર તરી જાય છે." ગુણાનુરાગી થવા માટે આથી વધારે સુંદર ઉદ્‌બોધન બીજું કયું હોઇ શકે?

હિંદુ ધર્મમાં ગુરુ દત્તાત્રેયની કથા આવે છે, તેનો સાર પણ એ જ છે કે 'જ્યાં ગુણ દેખાય ત્યાંથી ગ્રહણ કરવા, તેમાં જરા પણ સંકોચ રાખવો નહિ.'

મહાકવિ ભવભૂતિએ પોતાની લાક્ષણિક છટામાં કહ્યું છે કે 'गुणाः पूजास्थानं गुणिषु, न च लिङ्गं न च वयः।' ગુણવાનોમાં ગુણો એ જ પૂજાનું સ્થાન છે, નહિ કે તેમનો વેશ યા તેમનું વય. તાત્પર્ય કે એક મનુષ્ય સામાન્ય સ્થિતિનો હોય, પરંતુ તે ગુણથી અલંકૃત હોય, તો તેનું

સન્માન-બહુમાન કરવું, એ આપણું ખાસ કર્તવ્ય છે. તેનાથી આપણું પોતાનું પણ હિત જ સધાય છે.

સદ્ગત શ્રી માવજી દામજી શાહ સામાન્ય સ્થિતિના ગૃહસ્થ હતા, પણ તેમણે પોતાના જીવનને અનેકવિધ ગુણોથી અલંકૃત કર્યું હતું અને હજારો વિદ્યાર્થીઓના જીવનશિલ્પી બની એક આદર્શ શિક્ષકની ખ્યાતિ પ્રાપ્ત કરી હતી, એટલે જ અમે આજે તેમના જીવનની એ ગરવી ગાથાઓ ગાવાને તત્પર થયા છીએ. અમને આશા છે કે તેમની આ જીવનસ્મૃતિ અનેક આત્માઓને સાત્ત્વિક-સફલ જીવનની પ્રેરણાનાં પીયૂષ પાશે અને વિકાસોન્મુખ થવામાં સહાયભૂત થશે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી જોઈએ કે સદ્ગત શ્રી માવજીભાઈએ જો પોતાની આત્મકથા લખી હોત તો આપણને ઘણું ઘણું જાણવાનું મળત, પરંતુ એક યા બીજા કારણે તેમણે તેમ કર્યું નથી. આમ છતાં તેમના પ્રકાશનો, લેખો અને કાવ્યો તેમની અમર સ્મૃતિ મૂકી ગયા છે, અને મુખ્યત્વે તેના આધારે જ અમે આ જીવનસ્મૃતિ તૈયાર કરી છે.



[ ૨ ]

## પૂર્વકથા

સૌરાષ્ટ્રની ભૂમિ સદા સોહાગણ છે. તેણે આજ સુધીમાં અનેક મહાપુરુષો, શૂરવીરો, શાયરો અને સાક્ષરોને જન્મ આપ્યો છે અને હજી પણ આપતી જ રહી છે.

સમસ્ત ભૂમંડળમાં અમર નામના પેદા કરનાર મહાત્મા ગાંધીજી તેના જ પનોતા પુત્ર હતા. મહાકવિ નાનાલાલ, કલાપી, બોટાદકર, મેઘાણી વગેરે આ જ ધરતીનાં ધાવણ ધાવ્યા હતા. અને જૈન સમાજના અનેક લેખકોએ તથા વિચારકોએ પણ આ જ મહીમાતાનું પયપાન કર્યું હતું.

સૌરાષ્ટ્રનો ગોહિલવાડ જીલ્લો પ્રાચીન કાલની અનેક સ્મૃતિઓનો ખ્યાલ આપી જાય છે. શાશ્વત ગિરિરાજ શ્રી શંત્રુજય તેની જ ભૂમિ પર અડગ ઊભેલો છે કે જેની સ્પર્શના શ્રી નેમિનાથ ભગવાન સિવાયના ત્રેવીશ તીર્થંકર ભગવંતોએ તથા અસંખ્ય મહાપુરુષોએ કરેલી છે. તેની નજીકમાં રહેલો ઢંકગિરિ એક કાલે રસાયણવિદ્યાનું પરમ ધામ હતો. સિદ્ધ

નાગાર્જુને અનેક પ્રકારની રસસિદ્ધિઓ અહીં જ કરેલી. મહુવા અને ઘોઘા પ્રસિદ્ધ બંદરો હતાં અને તેના વહાણવટીઓ સાત સાગરની સફર કરીને અહીં પુષ્કળ ધનમાલ લઈ આવતા.

ભાવનગર ગોહિલ રજપૂતોના સત્તાસમયમાં વસ્યું, પણ તે એવા શુભ મુહૂર્તે વસ્યું કે તેનો સિતારો દિનપ્રતિદિન સતેજ થતો ગયો અને તેના અધિપતિઓના યશ તથા ગૌરવમાં વધારો કરતો ગયો. આજે તો ભાવનગર સૌરાષ્ટ્રનું એક અગ્રગણ્ય શહેર ગણાય છે તથા વિદ્યા અને સંસ્કારી પ્રવૃત્તિઓનું ધામ મનાય છે.

તે સમયે ભાવનગરમાં શ્વેતામ્બર મૂર્તિપૂજકોનાં ૨૫૦૦ થી ૩૦૦૦ જેટલાં ઘરો હતાં કે જે મહાજન રૂપે રાજ્યમાં ઘણું માન ધરાવતાં અને પ્રજાના અન્ય વર્ગપર પણ સારૂં એવું વર્ચસ્વ ભોગવતાં. આલિશાન મંદિરો, વિશાળ ઉપાશ્રયો તથા જ્ઞાનદાયક પાઠશાળાઓથી અલંકૃત આ શહેરમાં જૈન સાધુ–સાધ્વીઓની અવરજવર સારા પ્રમાણમાં રહેતી, એટલે લોકોની ધર્મભાવનાને ખૂબ રંગ ચડતો અને પૂજા–પ્રભાવનાદિ કાર્યો નિરંતર ચાલુ રહેતાં. વિશેષમાં જૈન ધર્મની પ્રભાવનાનિમિત્તે સાહિત્ય–પ્રકાશન આદિ પ્રવૃત્તિઓ પણ હાથ ધરાતી કે જેમાંથી કાલક્રમે જૈનધર્મ પ્રસારક સભા, જૈન આત્માનંદ સભા તથા શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા જેવી પ્રાણવાન સંસ્થાઓ પ્રકટી નીકળી અને સંસ્કૃત, પ્રાકૃત તથા ગુજરાતી ભાષાનાં સંખ્યાબંધ પ્રકાશનો કરવાને સમર્થ નીવડી.

ધીમે ધીમે ભાવનગર વ્યાપારનું એક સારું કેન્દ્ર બન્યું હતું, એટલે આસપાસનાં ગામોમાંથી માણસો અહીં રોજી રળવાને આવતા અને સંયોગો અનુકૂળ લાગે તો સ્થિર થઇ જતા. આ રીતે શ્રી માવજીભાઈના વડવાઓ શિહોરથી અહીં આવીને વસ્યા હતા અને પરચૂરણ ધંધો–ધાપો કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા.

સામાન્ય સ્થિતિમાં પણ મનુષ્ય આનંદમય સુખી જીવન ગાળી શકે છે, પણ તેની શર્ત એટલી જ કે તેણે સંતોષવૃત્તિ કેળવેલી હોવી જોઈએ. જે મનુષ્યને સંતોષ નથી, તેને કૈલાસ પર્વત જેવડા સુવર્ણના ડુંગરો પણ આનંદ આપી શકતા નથી. શ્રી માવજીભાઈના વડવાઓ સામાન્ય સ્થિતિમાં પણ આનંદમય જીવન જીવતા હતા. તેનું ખરૂં રહસ્ય આ જ હતું. તેઓ એકંદર આબરૂભર્યું જીવન ગાળતા હતા.

આજે જ્ઞાતિઓનું મહત્ત્વ રહ્યું નથી અને ઉચ્ચ નીચની ભાવના મોટે ભાગે ઓસરી ગઇ છે, પણ એ જમાનામાં જ્ઞાતિ એક બળવાન તત્ત્વ હતું, એટલે શ્રી માવજીભાઇના વડવાઓ વીશા શ્રીમાલી જ્ઞાતિના હોવા માટે ગૌરવ ધારણ કરતા હતા. જેનો વ્યવહાર વીસ વસા હોય, એટલે કે સોળ આની હોય તે વીસા અને જેના પૂર્વજો રાજસ્થાનના શ્રીમાલ નગરથી આવ્યા હોય તે શ્રીમાલી.

શ્રી માવજીભાઈના કયા વડવા શિહોરથી ભાવનગર આવ્યા, તેનો નિર્ણય થઈ શકતો નથી; પરંતુ શ્રી કેશવજીભાઈ

તથા તેમના પુત્ર શ્રી જૂઠાભાઇ ભાવનગરમાં જ રહેતા હતા, એ નિશ્ચિત છે.

શ્રી જૂઠાભાઈના પુત્રો જેઠાભાઈ, જેચંદભાઈ અને દામજીભાઈ હતા.

શ્રી જેઠાભાઈને શ્રી કુંવરજીભાઈ નામના એક પુત્ર અને મોંઘીબહેન નામનાં એક પુત્રી હતાં; શ્રી જેચંદભાઈને શ્રી માણેકચંદભાઈ નામના એક પુત્ર હતા; અને શ્રી દામજીભાઈને શ્રી માવજીભાઈ નામના એક પુત્ર અને શ્રી મણિબહેન નામનાં એક પુત્રી હતાં.

શ્રી દામજીભાઈનાં સુશીલ ધર્મપત્નીનું નામ પૂરીબહેન હતું. શ્રી મણિબહેનના જન્મ પછી ઘણાં વર્ષે તેમની કુક્ષિએ એક પુત્રરત્નનો જન્મ થયો હતો અને તે અન્ય કોઈ નહિ, પણ આ જીવનસ્મૃતિના નાયક શ્રી માવજીભાઈ પોતે જ હતા.

[ ૩ ]

## જન્મ અને બાલ્યાવસ્થા

શરદઋતુના દિવસો સામાન્ય રીતે સોહામણા હોય છે; કારણ કે વર્ષાઋતુ પૂરી થઈ હોવાથી નદીનાળાં ભરેલાં હોય છે, ખેતરોમાં ધાન્ય પાકેલાં હોય છે અને વન–ઉપવનો લીલીછમ વનસ્પતિથી વિભૂષિત હોઈને નયનરમ્ય દૃશ્ય ખડું કરે છે. શરદ્‌ઋતુના આવા સોહામણા દિવસોમાં શ્રી માવજીભાઈનો જન્મ થયો, એને આપણે એક સૂચક ઘટના જ લેખવી જોઈએ.

વિશેષમાં એ દિવસ 'ધનતેરસ' એટલે ધનત્રયોદશીના શુભ પર્વનો હતો, એટલે સર્વત્ર લક્ષ્મીપૂજન આદિ મંગલ કાર્યો થઈ રહ્યાં હતાં અને જનતાના હૃદયમાં આનંદપ્રમોદની લાગણી ઉભરાઈ રહી હતી.

એ વિ. સં. ૧૯૪૮ની સાલ હતી. ઈસ્વીસન પ્રમાણે ૧૮૯૨નું વર્ષ ચાલી રહ્યું હતું અને તેના ઓકટોબર

માસની ૧૮મી તારીખ આ જગત પર પોતાનો પ્રભાવ પાથરી રહી હતી.

એ વખતે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર હતું અને ઐન્દ્ર નામનો યોગ હતો.

શ્રી માવજીભાઈની જન્મકુંડલી અમે જોઈ છે. તેનું ફલાદેશ એક જ્યોતિષી મિત્રે નીચે પ્રમાણે કહેલું છે :

આ કુંડળીમાં ગુરુગ્રહ વક્રદૃષ્ટિએ રહીને પોતાની રાશિ ભોગવે છે. કર્મભુવનનો અધિપતિ ગુરુગ્રહ લગ્નમાં રહેવાથી, તેમજ લગ્નમાં રહેલો ગુરુ દશમા કર્મભુવનનો શુભ વેધ કરતો હોવાથી રાજયોગ જેવું ફળ આપનારો છે.

આ ગુરુની સારી અસરથી ધર્મભાવના શુદ્ધિવાળી ભોગવાય, પ્રતિદિન શુભપ્રવૃત્તિમાં પોતાનો પુરુષાર્થ કેળવાય અને તર્કશક્તિ ઉત્તમ પ્રકારની હોય. તે એક સારો કવિ બની સુંદર નામના મેળવી શકે.

ભાગ્ય અને ધર્મભુવનનો અધિપતિ મંગળ ગ્રહ લાભ-ભુવનમાં અગિયારમે હોવાથી પોતાનું જીવનઘડતર પોતાના બળે કરે. મિત્રો એકંદરે સારા હોય.

વળી ચંદ્ર શનિ સાથે રહેવાથી માનસિક વલણ ત્યાગ-વૃત્તિ તરફ રહે અને સુંદર ધાર્મિક જીવન ગાળી શકે.

બીજા ભુવનનો અધિપતિ મંગળ ગ્રહ ઉચ્ચનો હોવાથી

વાણીવિલાસ ઉત્તમ પ્રકારનો હોય અને તે બીજાને ધર્મ પમાડી શકે.

વર્ષ ૭૨ સુધીનું પૂર્ણ આયુષ્ય ભોગવાય.

હવે પછીની પંક્તિઓમાં શ્રી માવજીભાઈની જીવન-સ્મૃતિનું જે ચિત્ર દોરવામાં આવ્યું છે, તે પરથી સ્પષ્ટ સમજાશે કે આ ફલાદેશ મહદ્ અંશે સાચું પડ્યું છે અને તે એમના જીવનને યશકીર્તિ આપનારું નીવડ્યું છે.

મનનો આનંદ એજ સાચો ઉત્સવ છે, એમ માનીએ તો શ્રી માવજીભાઈના જન્મે આનંદની લાગણી પ્રગટાવી હતી.

જૈનશાસ્ત્રોમાં કહ્યું છે કે આર્યદેશ, ઉત્તમ કુલ, પંચેન્દ્રિયની પૂર્ણતા તથા દીર્ઘાયુષ્ય પુણ્યનો યોગ હોય તો જ પામી શકાય છે, એટલે શ્રી માવજીભાઈને આપણે પરમ પુણ્યવાન માનવા જોઈએ, કારણ કે તેમને આ ચારેય વસ્તુઓ પ્રાપ્ત થઈ હતી.

શ્રી માવજીભાઈને પાંચ વર્ષની ઉંમર થતાં વ્યાવહારિક શિક્ષણ આપવા માટે સ્થાનિક સર ભગવતસિંહજી પ્રાયમરી સ્કૂલમાં બેસાડવામાં આવ્યા. શ્રી માવજીભાઈએ આ શાળામાં નિયમિત જવા માંડયું અને લખવા–વાંચવામાં કુશળતા પ્રાપ્ત કરી લીધી. તે સાથે ઇતિહાસ–ભૂગોળમાં રસ દાખવી એક સારા વિદ્યાર્થીની ખ્યાતિ પ્રાપ્ત કરી. તેઓ શિક્ષકને ચાહતા હતા, શિક્ષક તેમને ચાહતા હતા.

આ જમાનો સોટીવાગે ચમચમ અને વિદ્યા આવે ધમધમનો હતો, એટલે વિદ્યાર્થીઓ શિક્ષકથી બીતા અને બને ત્યાં સુધી તેમની સાથે વાત કરવાનો પ્રસંગ ટાળતા. પરંતુ શ્રી માવજીભાઈ તેમાં અપવાદરૂપ નીવડયા. તેઓ શિક્ષકને વિદ્યાગુરુ માની તેમને વિનયપૂર્વક નમન કરતા, તેમની સાથે નિર્ભયતાથી વાતો કરતા અને જે બે સવાલો પૂછવા જેવા લાગે તે પૂછી પણ લેતા. અન્ય વિદ્યાર્થીઓ તેમનું આ વર્તન જોઈ આશ્ચર્ય પામતા.

શ્રી માવજીભાઈએ આ શાળામાં રહીને ચાર ગુજરાતી ચોપડીનો અભ્યાસ પૂરો કર્યો, પણ દરમિયાન જે દુર્ઘટના બની, તેણે એમના જીવનને ખૂબ જ ઓશિયાળું બનાવી દીધું. એ દુર્ઘટના હતી માતા અને પિતાનું થોડા થોડા સમયના અંતરે અકાળ અવસાન. સાત વર્ષનાં બાળકને માથેથી માતા–પિતાની શીળી છાય ખેંચાઈ જાય, ત્યારે તેની હાલત કેવી થાય, એ કહેવાની જરૂર છે ખરી ? મોટી બહેન સાસરે હતાં. અન્ય ભાઈભાંડુંઓ હતાં નહિ, એટલે આ જગતમાં તેમની સ્થિતિ ઘડીભર તો 'ઉપર આભ અને નીચે ધરતી' જેવી થઇ પડી હતી; પરંતુ કુટુંબીજનોએ પોતાનું કર્તવ્ય વિચારી તથા તેમના પ્રત્યે રહેમ દાખવી, તેમને પોતાની સાથે રાખ્યા અને એ રીતે તેમની જીવનનૈયા સંસારસાગરમાં આગળ વધી.

આ જ અરસામાં છપ્પનિયા દુકાળે દેખાવ દીધો. અને

સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં હાહાકાર મચી ગયો. મૂઠી ધાન્ય મેળવવા માટે માણસો જ્યાં ત્યાં રખડવા લાગ્યા, અને તેની પ્રાપ્તિ ન થતાં વૃક્ષો વગેરેનાં પાંદડાં ખાઈને પોતાનો નિર્વાહ કરવા લાગ્યા. પરંતુ આમ કેટલો વખત ચાલે? એ ભીષણ દુષ્કાળે જોતજોતામાં લાખો મનુષ્યના પ્રાણ હરી લીધા અને માત્ર પુણ્યશાળીઓ જ બાકી રહ્યા. શ્રી માવજીભાઈ તેમાંના એક હતા, એટલે આપણે તેમનું અભિવાદન કરીએ.



[ ૪ ]

# સત્પુરુષનો સમાગમ

રજાના દિવસો હતા. તે પસાર કરવા માટે શ્રી માવજી-ભાઈ પોતાની બહેનને ત્યાં પાલીતાણા આવ્યા હતા. વાચકો એ તો જાણી ચૂક્યા છે કે શ્રી માવજીભાઈને મણિબહેન નામે એક બહેન હતાં. તેમનાં લગ્ન પાલીતાણાનિવાસી શેઠ મોહનલાલ વોરા સાથે થયાં હતાં. મણિબહેન ઉંમરે શ્રી માવજીભાઈથી બાર-ચૌદ વર્ષે મોટાં હતાં, એટલે તેમને પોતાના નાનેરા ભાઈ માટે કેટલો પ્રેમ-કેટલો સ્નેહ હોય, એ સમજી શકાય એવું છે. શ્રી મણિબહેન તેમને ખૂબ સાચવતાં અને તેમનો વખત આનંદમાં પસાર થાય તે માટે પૂરતી કાળજી રાખતાં. બહેનના પ્રેમમાં પોતાનો સમય કેમ પસાર થાય છે, તેની તેમને ખબર પડતી નહીં.

શ્રી માવજીભાઈ અહીં આવ્યા પછી રોજ સિદ્ધગિરિની યાત્રા કરવા જતા અને આજે પણ પુનઃ યાત્રા માટે જ પ્રયાણ કર્યું હતું. લગભગ બાર વાગ્યાના સુમારે જ્યારે તેઓ એ પવિત્ર ગિરિરાજ પરથી નીચે ઊતરી તળેટીએ

ભાતું વાપરવા બેઠા હતા, ત્યાં એક લાલ પાઘડી પહેરેલા આધેડ વયના પુરુષે તેમની સામે જોયું, ક્ષણભર દૃષ્ટિ સ્થિર કરી અને પછી નજીક જઈ પ્રશ્ન કરતાં નીચે મુજબ વાર્તાલાપ થયોઃ—

'તમારું નામ શું છે ભાઈ?'

'માવજીભાઈ.'

'ક્યાંથી આવો છો?'

'ભાવનગરથી.'

'ન્યાતે કેવા છો?'

'વીશા શ્રીમાલી જૈન.'

'પિતા શું કરે છે?'

'તેઓ થોડા વખત પહેલાં જ ગુજરી ગયાં.'

'માતા તો છે ને?'

'તે પણ થોડા વખત પહેલાં જ ગુજરી ગયાં છે.'

આ શબ્દો બોલતાં શ્રી માવજીભાઈની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં.

'અહીં શું કરો છો?'

'બહેનને ત્યાં રજા ગાળવા આવ્યો છું.'

'ક્યાં સુધી અભ્યાસ કર્યો છે?'

'ચાર ગુજરાતી પૂરી કરી.'

'હવે શું કરવાના છો?'

'કંઈ નક્કી નથી.'

'એમ કેમ ? હજી તો તમારી ઉંમર ભણવાની છે.'

'પણ ભણવાના સંજોગો જોઈએને ?'

'શું તમારી પોતાની ઇચ્છા ભણવાની છે ખરી !

'હાજી.'

'કેટલું ભણવાની ?'

'જેટલું ભણી શકાય તેટલું ભણવાની.'

'તે માટે બહારગામ રહેવાનું થાય તો રહેશો ખરા ?'

'હાજી. મારે તો ભણવું જ છે.'

'તો એમ કરો કે મને મારા મુકામે ધર્મશાળામાં મળજો.' અને તેમને કાગળ પર ઠેકાણું લખી આપ્યું.

આ પ્રશ્નો પૂછનાર મહેસાણાનિવાસી શેઠ શ્રી વેણીચંદ સુરચંદ હતા કે જેઓ ઉત્તમ પ્રકારનું ધાર્મિક જીવન ગાળતા હતા અને વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા જૈન સમાજનું ઉત્થાન કરવાને મથતા હતા. વિદ્યાર્થીઓ માટે તેમને ભારે મમતા હતી. તેમનું એ દઢ મંતવ્ય હતું કે જો વિદ્યાર્થીઓને નાનપણથી સારી ધાર્મિક કેળવણી આપીએ તો એ આગળ જતાં ધર્મપરાયણ થાય અને પોતાનું તથા પરનું કલ્યાણ સાધી શકે.

અને તેમણે વિક્રમ સંવત્ ૧૯૫૪ના પ્રારંભથી જ તે અંગે મહેસાણામાં એક સંસ્થા સ્થાપી દીધી હતી, જે અનુક્રમે શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા તરીકે ખ્યાતિ પામી હતી.

તેમણે શ્રી માવજીભાઈનું મુખ જોઈને જ પારખી લીધું કે આ છોકરો ભણશે તો વિદ્યાવાન થશે અને જૈન-ધર્મની સેવા કરશે; એટલે જ તેમની સાથે આ પ્રકારનો વાર્તાલાપ કર્યો હતો અને તેમના મનની મુરાદ પૂરી કરી આપવાનો મનોમન સંકલ્પ કર્યો હતો.

શ્રી માવજીભાઈએ શ્રી વેણીચંદભાઈના ઉતારે જઈ તેમની મુલાકાત લીધી; અને ફરી પણ પોતાની ભણવાની ઇચ્છા જોરદાર શબ્દોમાં જાહેર કરી. શ્રી વેણીચંદભાઈએ કહ્યું: 'તમારી ઇચ્છા ભણવાની જ હોય તો મારી સાથે માંડલ+ ચાલો. ત્યાં તમને બધી સગવડ કરી આપીશ.'

શ્રી માવજીભાઈના હર્ષનો પાર રહ્યો નહિ. તેમણે આ વાત પોતાની બહેનને કરી અને બહેને સર્વ સંયોગોનો વિચાર કરી માંડલ જવા માટે સંમતિ આપી.

શ્રી માવજીભાઈએ અહીંથી ભાવનગર વડીલો પર એક પત્ર લખ્યો કે, 'હું ભણવા માટે મહેસાણાનિવાસી ધર્મરત્ન શેઠ શ્રી વેણીચંદ સુરચંદની સાથે માંડલ જાઉં છું. તમે મારી કોઈ જાતની ચિંતા કરશો નહિ.' અને તેઓ નિયત દિવસે શ્રી વેણીચંદભાઈ સાથે માંડલ ગયા કે જ્યાં થોડા વખત પહેલાં જ શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા સ્થાપવામાં આવી હતી.

સત્પુરુષનો સમાગમ મનુષ્યના જીવનમાં કેવું પરિવર્તન

+ આ ગામ વિરમગામ તાલુકામાં આવેલું છે.

કરે છે, તેનું આ સુંદર ઉદાહરણ છે. અહીં અમને પ્રાચીન કવિના નિમ્ન શબ્દો યાદ આવે છે:—

जाडयं धियो हरति सिञ्चति वाचि सत्यं,
मानोन्नतिं दिशति पापमपाकरोति।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिम्,
संत्संगतिः कथय किं न करोति पुंसाम्॥

અર્થાત્:—સત્સંગતિ બુદ્ધિની જડતા હરે છે, વાણીમાં સત્યનું સિંચન કરે છે, માનપ્રતિષ્ઠાની ઉન્નતિ કરે છે, પાપને દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન રાખે છે અને કીર્તિનો સર્વત્ર વિસ્તાર કરે છે. હે મિત્ર ! તું સાચું કહે કે તે મનુષ્યને શું શું ફળ નથી આપતી ?





જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ
જેમણે કાશીમાં સ્થાપેલી શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત
પાઠશાળામાં શ્રી માવજીભાઈએ વિશેષ અભ્યાસ કર્યો.

[ ૫ ]

# વિશેષ વિદ્યાભ્યાસ

જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનું નામ આજે તો વિશ્વવિખ્યાત બની ચૂક્યું છે. તેઓ સૌરાષ્ટ્ર-ગોહિલવાડ-મહુવાની એક મહાન વિભૂતિ હતા. તેમણે વીશ વર્ષની ઉમરે દીક્ષિત થઈને જૈન શાસ્ત્રોનો સુંદર અભ્યાસ કર્યો હતો તથા સમ્યક્ ચારિત્ર નિર્માણ કર્યું હતું. તેઓ એક ઉત્તમ કોટિના વિચારક હતા અને જૈન ધર્મની ઉન્નતિ માટે નિરંતર વિચાર કર્યા કરતા.

અન્યાન્ય સ્થળોએ કેટલાંક ચાતુર્માસ ર્ક્યા બાદ તેઓ પોતાની જન્મભૂમિમાં એટલે મહુવા પધાર્યા, ત્યાં તેમની ભાવના ખૂબ વિકસ્વર થઈ અને તેમણે જૈન ધર્મની ઉન્નતિ માટે પ્રબળ પુરુષાર્થ કરવાનો સંકલ્પ કર્યો. આ વખતે તેમને બે વસ્તુઓની તાત્કાલિક અગત્ય લાગી; એક તો સમર્થ વિદ્વાનો ઉત્પન્ન કરે તેવી પાઠશાળા અને બીજી જગતભરના વિદ્વાનોના મનમાં જૈન સાહિત્ય માટે માન ઉત્પન્ન કરે તેવી ગ્રંથમાળા.

આ વસ્તુઓ કઇ રીતે અમલી બને, તે માટે તેઓ જુદી જુદી યોજનાઓ વિચારવા લાગ્યા.

મહુવાનું ચાતુર્માસ પૂરું કરીને તેઓ ગુજરાત ભણી વળ્યા અને વીરમગામ પધાર્યા. ત્યાં એક પુસ્તકાલયની સ્થાપના કરી. અહીંથી પાસે રહેલા માંડલ ગામમાં તેમણે ચાતુર્માસ કર્યું. અહીંનો શ્રાવકવર્ગ એકંદર સમજુ અને કંઈક આગળ પડતા વિચારો ધરાવનારો, એટલે તેમણે પોતાની યોજના અમલમાં મૂકી. દશ વિદ્યાર્થીઓની મર્યાદાવાળી એક પાઠશાળા ખોલી તેનું નામ 'શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા' રાખ્યું. અહીં રહેનાર વિદ્યાર્થીએ બધો સમય પાઠશાળોમાં જ રહેવાનું હતું અને તેના નિયત થયેલા કાર્યક્રમ મુજબ વર્તવાનું હતું. બહારગામથી આવનાર વિદ્યાર્થીઓ માટે ખાનપાનની તથા રહેવાની સગવડ રાખવામાં આવી હતી. ધર્મરત્ન શ્રી વેણીચંદભાઈને આ યોજના ખૂબ ગમી હતી, એટલે તેઓ એને સાથ-સહકાર આપી રહ્યા હતા. પોતે મ્હેસાણામાં શ્રી. યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા ચલાવી રહ્યા હતા અને લગભગ તેવા જ આશય તથા તેવા જ નામવાળી આ બીજી પાઠશાળા સ્થપાણી હતી, છતાં તેને તેઓ સાથ-સહકાર આપવામાં આનંદ માનતા હતા, એ તેમનું અદ્ભુત ઔદાર્ય સૂચવે છે.

માંડલની પાઠશાળામાં વિદ્યાર્થીઓની મર્યાદા તો પૂરી થઇ ગઈ હતી, પરંતુ શ્રી વેણીચંદભાઇએ ભલામણ કરી, એટલે શ્રી માવજીભાઇને ત્યાં દાખલ કરવામાં આવ્યા અને

તેઓ ધાર્મિક અભ્યાસ કરવામાં પ્રવૃત્ત થયા. તેમનો સ્વભાવ મિલનસાર હતો, એટલે બધાની સાથે હળીમળીને રહેતા. સંતકવિ તુલસીદાસજીએ ઠીક જ કહ્યું છે કે : –

તુલસી યહ સંસારમેં, ભાત ભાત કે લોગ;
સબ સે હિલમિલ ચાલીએ, નદી–નાવ સંજોગ.

અહીંના થોડા વખતના અનુભવ પછી શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજને એમ લાગ્યું કે વિદ્યાના ક્ષેત્રમાં સંગીન કામ કરવું હોય તો હિંદની પ્રાચીન વિદ્યાપુરી કાશી જ તેને માટે યોગ્ય ક્ષેત્ર છે. ત્યાં ભિન્ન ભિન્ન દર્શનોના અનેક અધ્યાપકોના સમાગમમાં આવી શકાય અને વિદ્યાર્થીઓને ઘણી ઉચ્ચ કક્ષા સુધીનો અભ્યાસ કરાવી શકાય. પરંતુ કાશી અહીંથી ૧૨૦૦–૧૩૦૦ માઇલના અંતરે આવેલું હતું અને ત્યાં પગપાળા પહોંચવામાં અનેક પ્રકારની અગવડો હતી. વળી ત્યાં જૈન સાધુઓને ઉતરવા માટે સ્થાન મળવું પણ મુશ્કેલ હતું. આમ છતાં શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે મનને અતિ મક્કમ કરી, એક સવારે માંડલ છોડયું. તે વખતે તેમની સાથે છ સાધુ અને પાઠશાળાના દશ વિદ્યાર્થીઓ હતા. અમારા સંશોધન મુજબ શ્રી માવજીભાઈ તેમાં સામેલ ન હતા. માંડલમાંથી પાઠશાળા ઉઠી જતાં તેઓ શ્રી વેણીચંદભાઈની સાથે રહ્યા હતા અને સં. ૧૯૫૯માં શ્રી વિજયધર્મસૂરિજી મહારાજે કાશીમાં શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા ચાલુ કર્યા પછી, બે વર્ષે તેમાં દાખલ થયા હતા. તેઓ તીર્થાધિરાજ સમેતશિખરજીના પુસ્તકમાં પૃષ્ઠ ૬૧

પરની પાદનોંધમાં જણાવે છે કે મેં ઇ.સ. ૧૯૦૫થી૧૯૧૦ સુધીનાં છ વર્ષ આ પાઠશાળામાં રહીને સંસ્કૃત અને પ્રાકૃત વિદ્યાભ્યાસ કર્યો હતો. વિક્રમ સંવત્ અનુસાર આ સમય સં. ૧૯૬૧થી ૧૯૬૬ સુધીનો ગણાય.

કાશીમાં કેટલોક ધર્મપ્રચાર કર્યા બાદ પાઠશાળા માટે નંદનસાહુ મહોલ્લામાં અંગ્રેજી કોઠીના નામે ઓળખાતી આખી ઈમારત ખરીદવામાં આવી હતી અને તે માટે શેઠ શ્રી વીરચંદ દીપચંદ તથા શેઠ શ્રી ગોકળભાઈ મૂળચંદે સારી આર્થિક સહાય કરી હતી.

આ પાઠશાળામાં ભણનાર વિદ્યાર્થીઓને પ્રાતઃકાળમાં લગભગ ચાર વાગે ઉઠવું પડતું અને શીખેલા પાઠોની આવૃત્તિ કરવી પડતી. ત્યારબાદ લગભગ સાડા પાંચ વાગતાં શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ સાથે પ્રતિક્રમણક્રિયામાં જોડાવું પડતું. ત્યારબાદ દેવદર્શનનો વિધિ પતાવી નવકારશી કરવી પડતી, અને ત્યારબાદ જ તેનું મોઢું ખુલતું. પશ્ચાત્ શ્રી જિનેશ્વર પ્રભુની સેવાપૂજા કરી અભ્યાસમાં પ્રવૃત્ત થવાનું રહેતું. અને મધ્યાહ્નકાળે ભોજન કર્યા બાદ થોડો આરામ મળતો. નમતા પહોરે પાછો સ્વાધ્યાય શરૂ થતો અને સાયંકાલનું ભોજન પતાવ્યા પછી દેવદર્શન તથા પ્રતિક્રમણ ક્રિયા થતી. ત્યારબાદ પૂજ્ય મહારાજશ્રી સાથે વિવિધ પ્રકારનો વાર્તાલાપ થતો અને તેથી ઘણું નવું જાણવાનું મળતું.

આ પાઠશાળાએ પોતાનાં થોડાં વર્ષની કારકિર્દીમાં ઘણા સારા વિદ્વાનો તૈયાર કર્યા, તે એની શ્રેષ્ઠતા સાબીત

કરે છે. સમાજના દુર્ભાગ્યે આ પાઠશાળા લાંબી ન ચાલી, *પરંતુ આજે પણ તેની ખોટ સાલે છે.*

શ્રી માવજીભાઈને અનેકવિધ મુશ્કેલીઓમાં આવી એક સુંદર પાઠશાળામાં અભ્યાસ કરવાનો મળ્યો, તેને જીવનની એક સોનેરી તક જ લેખવી જોઈએ. ત્યાં રહીને તેમણે વ્યાકરણ, કાવ્ય, તર્ક અને ન્યાયનો અભ્યાસ કર્યો તથા સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું ઊંડું જ્ઞાન મેળવી લીધું, જે આગળ જતાં તેમના જીવનમાં ઘણું જ ઉપકારક નીવડ્યું.

શ્રી માવજીભાઈ કાશીમાં વિદ્યાભ્યાસ કરતા હતા, ત્યારે તારથી ખબર આવી કે 'મણિબહેન બહુ માંદાં છે. મળવા આવો.' આજે તાર કરવાનું સામાન્ય થઈ પડ્યું છે, પણ એ વખતે અસાધારણ પ્રસંગ હોય તો જ તાર કરવામાં આવતો, એટલે શ્રી માવજીભાઈના મન પર તેની ખૂબજ માઠી અસર થાય, એ દેખીતું છે. તેઓ ચિંતાતુર હાલતમાં પહેલી ટ્રેઈને પાલીતાણા જવા નીકળ્યા.

રસ્તામાં માનવજીવનની ક્ષણભંગુરતા અંગે અનેક વિચારો આવ્યા અને હજી થોડા વખત પહેલાં જ કંઠસ્થ કરેલી નિમ્ન પંક્તિઓ તેમના સ્મરણપટ પર તરવા લાગી:

**अनित्यमारोग्यमनित्ययौवनं,**
**विभूतयो जीवितमप्यनित्यम् ।**

'આરોગ્ય અનિત્ય છે, યૌવન પણ અનિત્ય છે તથા જીવિત પણ અનિત્ય છે.'

चला विभूतिः क्षणभङ्गि यौवनम्,
कृतान्तदन्तान्तरवर्ति जीवितम् ॥

'સંપત્તિ ચંચળ છે, યૌવન ક્ષણભંગુર છે અને આયુષ્ય જમના દાંતની વચ્ચે રહેલું છે.'

શ્રી માવજીભાઈના અંતર પર જ્ઞાનનો કેટલોક પ્રકાશ પડયો હતો, પરંતુ તેઓ માનવસુલભ લાગણીઓથી પર થયા ન હતા, એટલે તેમના મનમાં ક્યારે પાલીતાણા પહોંચું અને ક્યારે વહાલી બહેનનું મુખડું જોઉં, એ પ્રકારની ઉત્સુકતા જાગે, એ સ્વાભાવિક હતું. ઉત્સુકતાની ક્ષણો કાળના કલેવરને લાંબુ બનાવી દે છે, એટલે થોડી ક્ષણો પણ દિવસ કે માસ જેવી લાગે છે, અને તે કેમેય કરી પસાર થતી નથી. શ્રી માવજીભાઈ આ હાલતમાં પાલીતાણા પહોંચ્યા.

પરંતુ અહીં જુદી જ ઘટના બની ચૂકી હતી. તેમને તાર કર્યા બાદ થોડી જ વારે શ્રી મણિબહેનનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું અને હવે તો તેમનો અગ્નિસંસ્કાર પણ થઈ ચૂકયો હતો. ક્ષત પર ક્ષાર ભભરાવવા જેવી આ ઘટનાએ શ્રી માવજીભાઈને અત્યંત અસ્વસ્થ બનાવી દીધા, અને તેઓ કરુણ આક્રંદ કરવા લાગ્યા. "હે દૈવ! તને આ શું સૂઝયું! આપ્તજનોમાં એક જ બેનડી હતી, તે પણ તેં ઝુટવી લીધી! હવે હું કોના આધારે જીવીશ! કોને મારા સુખ-દુ:ખની વાત કરીશ? હે કાલ! તેં તારી કુટિલતા બતાવવામાં કંઈ બાકી રાખી નથી! ગઈ કાલની સાજી-નરવી બહેનને તેં

જોતજોતામાં ઉપાડી લીધી અને મને છેલ્લો મેળો પણ ન થવા દીધો !

પરંતુ તને દોષ દેવો નકામો છે. હું જ હતભાગી છું, હું જ પુણ્યને પરવારી બેઠો છું, નહિ તો આવી હાલત ન હોય !'

સગાંવહાલાંઓનાં ઘણા ઘણા આશ્વાસન પછી શ્રી માવજીભાઈ શાંત થયા અને થોડા દિવસ બાદ માનસિક શાંતિ અને સમતુલા કેળવવા જેવા થયા. પણ હવે આ જગતમાં તેઓ તદ્દન એકલા પડી ગયા હતા અને એ સ્થિતિ તેમનાં કુમળા હૃદયને અનેક વાર સ્પર્શ કરી જતી હતી. પરંતુ પાઠ-શાળાનું વાતાવરણ ધાર્મિક હોવાથી તેમજ શ્રી વિજયધર્મ સૂરીશ્વરજી મહારાજ જેવા સમર્થ તત્ત્વચિંતકની છાયા પ્રાપ્ત થયેલી હોવાથી તેઓ હતાશ થયા નહિ. ગમે તેવી મુશ્કેલીઓનો સામનો કરીને આગળ વધવું; એ એમનો જીવનમંત્ર બની ગયો અને તેણે જ આગળ જતાં તેમને ખૂબ ખૂબ યારી આપી.

[ ૬ ]

# શિક્ષકપદનો સ્વીકાર

શ્રી માવજીભાઈ વિદ્યાભ્યાસ પૂરો કરીને સં. ૧૯૬૬, સને ૧૯૧૦માં પોતાના વતન ભાવનગરમાં પાછા ફર્યા, તેથી કુટુંબીજનોને આનંદ થયો અને સહાધ્યાયીઓ તથા સહૃદયીઓએ ખૂબ ખુશી બતાવી.

એક રીતે આ પ્રસંગ અસાધારણ હતો, કારણ કે વર્ષો થયાં કોઈ જૈનનો છોકરો આવી રીતે કાશીએ જઈને ભણી આવ્યો ન હતો. એ વખતે બ્રાહ્મણના છોકરાઓ જ કાશીએ જતા અને ત્યાં દશબાર વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરીને કોઇ પણ એક વિષયના પંડિત થઈને પાછા ફરતા. સમાજ તેમનું બહુમાન કરતો, અને તેના આધારે તેમની આજીવિકા ચાલતી. પરંતુ જૈનો માટે આ વિચાર નવો જ હતો. તેઓ દૃઢતાથી એમ માનતા કે લખતાં–વાંચતાં આવડયું અને હિસાબ–લેખાં ગણતાં આવડયાં, એટલે બસ. વ્યાપારમાં એથી વધારે જ્ઞાનની જરૂર શી છે! શાસ્ત્રાભ્યાસ કરવાનું કામ બ્રાહ્મણોને પરવડે,

તેમાં આપણું કલ્યાણ થાય નહિ. 'व्यापारे वसति लक्ष्मीः' એ ન્યાયે આપણે તો વ્યાપારમાં પાવરધા થવું જોઈએ અને તે માટે પાંચ–સાત ગુજરાતીનું શિક્ષણ પૂરતું છે.

શ્રી વિજયધર્મસૂરિજી મહારાજે આ દૃષ્ટિમાં પરિવર્તન આણ્યું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે "શાસ્ત્રાભ્યાસ જૈનો માટે તેટલો જ જરૂરનો છે કે જેટલો બ્રાહ્મણોને માટે. જો આપણે જ્ઞાનની ઉપાસના કરીશું નહિ, વિદ્વાન થઈશું નહિ, તો આપણી ઉન્નતિ કદી સાધી શકીશું નહિ." અને તેમણે શાસ્ત્રાભ્યાસ માટે કાશીમાં સંસ્કૃત પાઠશાળા ખોલી. તેથી વિચારક જૈનોનું તેના તરફ આકર્ષણ થયું અને તેઓ ત્યાંથી ભણીને આવનારનો સત્કાર કરવા લાગ્યા.

કુતૂહલવૃત્તિથી પ્રેરાયેલા અનેકે શ્રી માવજીભાઈને કાશી અંગે, કાશીનાં તીર્થસ્થાનો અંગે, કાશીના પંડ્યાઓ અંગે, પાઠશાળા અંગે તથા પાઠશાળાની શિક્ષણપદ્ધતિ અંગે અનેક સવાલો પૂછ્યા અને શ્રી માવજીભાઈએ તે બધાના સંતોષકારક ઉત્તરો આપ્યા. કેટલાક તરફથી એમ પણ પૂછાયું કે 'હવે શું કરશો?' શ્રી માવજીભાઈએ ઉત્તરમાં એટલું જ કહ્યું કે "વિદ્યાનો સદુપયોગ કરીને જીવનને સાર્થક બનાવીશ." કાશીના વિદ્યાભ્યાસ દરમ્યાન તેમના મન પર જે શુભ સંસ્કારો પડ્યા હતા, તેનું આ સુંદર-સ્પષ્ટ પરિણામ હતું.

અહીં આવ્યા પછી તેઓ દરરોજ શ્રી જૈન આત્માનંદ સભા વગેરેમાં જતા અને ત્યાં જે સામાયિકો તથા વર્તમાનપત્રો આવતાં તેનું વાંચન કરતા. ત્યાં ઘણીવાર આગંતુકો

સાથે જૈન ધર્મ, જૈન તત્ત્વજ્ઞાન તથા જૈન સાહિત્ય અંગે વાર્તાલાપ થતો, જે તેમણે સંપાદિત કરેલા જ્ઞાનને નવપલ્લવિત રાખવામાં સહાયભૂત થતો. એવામાં એક દિવસ એક વર્તમાનપત્રમાં એવી જાહેરખબર જોવામાં આવી કે ‘ મુંબઈની બાબુ પન્નાલાલ પૂરણચંદ જૈન હાઈસ્કૂલને એક ધાર્મિક શિક્ષકની જરૂર છે. ઉમેદવારે લાયકાતના પ્રમાણપત્રો સાથે મળવું.’

આ જાહેરખબર વાંચ્યા પછી શ્રી માવજીભાઈ ને વિચાર આવ્યો કે “ આ પદની ઉમેદવારી હું કરું તો ! એથી મારી વિદ્યાનો સદુપયોગ થશે અને જીવનનિર્વાહ પણ સારી રીતે ચાલશે. ” આ વિચારે તેમને મુંબઈ જવાની પ્રેરણા આપી અને તેઓ મુંબઈ તેમના મોટાભાઈ કુંવરજીભાઈને ત્યાં આવ્યા. પછી તેઓ બાબુ પન્નાલાલ પૂરણચંદ જૈન હાઈસ્કૂલના સંચાલકો સમક્ષ ઉપસ્થિત થયા અને શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાનું પ્રમાણપત્ર તેમની આગળ ધર્યું. સંચાલકોને તેમની યોગ્યતા માટે ખાતરી થઈ ગઈ, પણ ઉમ્મરમાં નાના હોવાને કારણે તેમને સૂચના આપવામાં આવી કે તેમણે ટોપી ન પહેરતાં માથે ફેંટો બાંધવો, જેથી વિદ્યાર્થીઓ ઉપર તેમની છાપ પડે. આ રીતે આ હાઈસ્કૂલમાં તેમની મુખ્ય ધાર્મિક શિક્ષક તરીકે નિમણુક કરવામાં આવી.

સને ૧૯૧૦ના ઓગસ્ટ માસની પહેલી તારીખથી શ્રી માવજીભાઈ એ આ પવિત્ર પદની જવાબદારી સંભાળી લીધી.

આ વખતે તેમના મેટ્રીકના વિદ્યાર્થીઓમાં શ્રી વીરચંદ પાનાચંદ શાહ વગેરે હતા.

શિક્ષકનું પદ ઉપલક દૃષ્ટિએ સામાન્ય લાગે છે, પણ વાસ્તવમાં તેવું નથી. ખાસ કરીને ભાવી પ્રજાના જીવનઘડતરની દૃષ્ટિએ તે એક ઘણું ઊંચું પદ છે. શિક્ષકો વિદ્યાર્થીઓને જે રીતે ઘડે, તે રીતે જ પ્રજાનું સ્વરૂપ નિર્માણ થાય છે અને તે રાષ્ટ્રના ઇતિહાસમાં પોતાનો સારો કે નબળો ભાગ ભજવે છે.

સર્વસત્તાધીશ માજી કૈસરને જર્મન પ્રજાનું ઉત્તમ પ્રકારે ઘડતર કરવું હતું. તેના અનેકવિધ ઉપાયો વિચાર્યા પછી તેણે એક ઉપાય એ પણ વિચાર્યો કે શિક્ષકપદનો સ્વીકાર કરનારને માટે સહેલાઈથી મુલાકાત આપવી, એટલે સારા શક્તિશાળી માણસો એ પદનો સ્વીકાર કરશે અને તેઓ જર્મન પ્રજાનું ઉત્તમ રીતે ઘડતર કરી શકશે. તેણે આ ઉપાય અમલમાં મૂક્યો, અને એ કારગત નીવડ્યો. કૈસરને મળવાની મુરાદથી ઘણા શક્તિશાળી માણસોએ શિક્ષકનું પદ સ્વીકાર્યું અને તેમણે જર્મન પ્રજામાં નવું જ ખમીર રેડી દીધું.

ભારતવર્ષે તો અતિ પ્રાચીન કાલથી 'आचार्य देवो भव ।' એ સૂત્ર ઉચ્ચારીને વિદ્યાગુરુની એક દેવ તરીકે પ્રતિષ્ઠા કરી છે અને તેનું સન્માન-બહુમાન કરવામાં જીવનની સાર્થકતા બતાવી છે.

વિદ્યાદાન એક મહાદાન છે, એ વસ્તુ શ્રી માવજીભાઈ સારી રીતે જાણતા હતા અને એવું દાન દેવાનો સુઅવસર

પોતાને પ્રાપ્ત થયો હતો, એટલે પોતાની જાતને ભાગ્યશાળી માનતા હતા. તેમણે ખૂબ જ ખંતથી કામ કરવા માંડયું અને તેમાં પોતાની બધી શક્તિઓ રેડવા માંડી. આ સંયોગોમાં તેમની કામગીરી ઝળકયા વિના કેમ રહે? તેમણે ટૂંક સમયમાં જ વિદ્યાર્થીઓના હૃદયમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી લીધું અને શિક્ષકવર્ગનો સ્નેહ પણ સારી રીતે સંપાદન કરી લીધો. એ શિક્ષકવર્ગમાં શ્રી રાજારામ શાસ્ત્રી, શ્રી અમૃતલાલ રણછોડજી ઢેબર, શ્રી ભોગીન્દ્રરાવ ર. દીવેટીયા, શ્રી દલીચંદ હાકેમચંદ મહેતા, શ્રી. છગનલાલ કરસનજી જોષી વગેરે મુખ્ય હતા.

આ વખતે આ શાળાનું આચાર્યપદ શ્રી દત્તાત્રય અનંત તેલંગ જેવા નિઃસ્પૃહી અને બાહોશ કેળવણીકારના હાથમાં હતું. તેમનો શ્રી માવજીભાઈ માટે ખૂબ જ ઉંચો અભિપ્રાય બંધાયો હતો અને તે આખર સુધી ટકી રહ્યો હતો.

દિનપ્રતિદિન શ્રી માવજીભાઇની ઓળખાણ વધતી ગઈ હતી અને તેમણે ધાર્યું હોત તો તેઓ અન્ય ધંધારોજગારમાં ઝંપલાવી ઘણું ધન પેદા કરી શકયા હોત; પણ શિક્ષણકાર્ય માટે તેમની નિષ્ઠા અપ્રતિમ હતી, શિક્ષકપદ માટે તેમના હૃદયમાં અતિ ગૌરવભર્યું સ્થાન હતું, એટલે તેમણે પોતાની વૃત્તિને સ્થિર રાખી અને પોતાનું સમસ્ત જીવન એમાં જ ખર્ચ્યું. અન્ય શબ્દોમાં કહીએ તો તેઓ લાગલાગટ ૪૭ વર્ષ સુધી આ સ્થાને રહ્યા અને હજારો વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર કરી એક ઉત્તમ "જીવનશિલ્પી"નું બિરુદ પામ્યા.

આ શાળાની સર્વતોમુખી ઉન્નતિ થાય, એ તેમની અંતરભાવના હતી અને તેથી જ્યારે જ્યારે ફંડફાળાની જરૂર પડી કે બીજી સેવાઓ આવશ્યક જણાઈ, ત્યારે ત્યારે તેમણે પોતાની કિંમતી સેવાઓ તેના ચરણે ધરી. ચંદન જેમ સ્વયં ઘસાઈને બીજાને સુગંધ આપે છે, તેમ શ્રી માવજીભાઈએ પોતાની જાતને ઘસીને બીજાને સેવાની સુગંધ આપી હતી અને એજ એમના જીવનની નોંધપાત્ર મહત્તા હતી.



[૭]

## લેખન-પ્રકાશન-પ્રવૃત્તિ

કાશીના વિદ્યાભ્યાસ દરમિયાન શ્રી માવજીભાઈ કવિત્વ અને લેખનશક્તિનો પ્રસાદ પામ્યા હતા અને તેણે એમના જીવનમાં કુમકુમ પગલીઓ પાડી હતી.

અઢાર વર્ષની ઉંમરે તેમણે કવિ પદ્માનંદકૃત સંસ્કૃત વૈરાગ્યશતકનો ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો હતો અને તે ભાવનગરથી પ્રસિદ્ધ થતાં 'જૈનધર્મપ્રકાશ' નામના માસિકમાં પ્રકટ થતાં વાચકોદ્વારા પ્રશંસા પામ્યો હતો.

શ્રી માવજીભાઈ જૈન સામયિકોમાં પ્રસંગોપાત્ત લેખો લખતા. એક વાર જૈન ધર્મ પ્રસારક સભાએ જ્ઞાનપંચમી અને તેના ઉદ્યાપન માટે જાહેર રીતે નિબંધની માગણી કરી અને શ્રેષ્ઠ નિબંધ લખનારને રૂ. ૨૫ નું ઇનામ જાહેર કર્યું. આ નિબંધ લખનાર માત્ર બે જ વ્યક્તિઓ નીકળી. તેમાં એક શ્રી માવજીભાઈ હતા અને તેમનો નિબંધ ઈનામને પાત્ર ગણાયો હતો.

સને ૧૯૨૩માં તેમણે શ્રી સોમપ્રભસૂરિકૃત સિંદૂરપ્રકર નામના સંસ્કૃત પ્રબંધનું સંપાદન કર્યું અને તેનો ગુજરાતી ભાષામાં અનુવાદ પણ કર્યો. આ વસ્તુ તેમણે પોતે જ પ્રકાશિત કરી. આ હતું તેમનું પ્રથમ પ્રકાશન! પરંતુ તે ઘણો લોકાદર પામ્યું હતું અને સને ૧૯૩૬ સુધીમાં તેની ચાર આવૃત્તિઓ થઈ હતી. બેરિસ્ટર ચંપતરાય જૈન જેવાએ પણ તેની પ્રશંસા કરી હતી.

આ સમયથી તેમની લેખન અને પ્રકાશન પ્રવૃત્તિ વ્યવસ્થિત રીતે ચાલવા લાગી અને તે સને ૧૯૫૪ સુધી બરાબર ચાલુ રહી. દરમિયાન તેમણે નાની મોટી ૭૬ જેટલી કૃતિઓ સમાજને ચરણે ધરી.

સામાન્ય જનતા ભારેખમ પુસ્તકો વાંચી શકતી નથી, વળી તેના પ્રકાશનને માટે આર્થિક ચિંતા સેવવી પડે છે. એટલે શ્રી માવજીભાઈએ નાની નાની પુસ્તિકાઓ અલ્પ મૂલ્યે પ્રકટ કરવાનો નિર્ણય કર્યો હતો અને તેને એકંદર સારી સફળતા મળી હતી.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત લેખાશે કે જૈન સમાજને જેમ શાસ્ત્રાભ્યાસ અને જ્ઞાનાર્જનમાં વિશેષ રસ નથી, તેમ લેખન-પ્રકાશનમાં પણ વિશેષ રસ નથી; એટલે લેખન-પ્રકાશન-પ્રવૃત્તિ હાથ ધરનારને ઘણી વાર ગાંઠનું ગોપીચંદન ઘસવું પડે છે અને કરજદાર થઈ જવાનો વખત આવે છે; પરંતુ શ્રી માવજીભાઈનો શિષ્યવર્ગ મોટો હતો

અને જાતે પણ પુરુષાર્થી હતા, એટલે તેમને આવો કપરો સમય જોવાનો પ્રસંગ આવ્યો નહિ, એટલું જ નહિ પણ આ પ્રવૃત્તિ કંઇક અંશે તેમની સાંસારિક જવાબદારીઓ પૂર્ણ કરવામાં સહાયભૂત બની.

શ્રી માવજીભાઈની લેખનશૈલી સરળ અને સ્પષ્ટ હતી તથા વિષયની છણાવટ સુંદર હતી, એટલે તેમની પુસ્તિકાઓ નાના મોટા સહુને ગમી જતી. વળી આ પુસ્તિકાઓ એક જ કદની હતી, એટલે તેનો સંગ્રહ શોભી ઉઠતો.

શ્રી માવજીભાઈની કેટલીક કૃતિઓ આઠમી આવૃત્તિ સુધી પહોંચી, એ તેની લોકપ્રિયતા તથા ઉપયોગિતા સૂચવે છે. અહીં તેમની સમસ્ત કૃતિઓનું સાલવાર નિદર્શન કરાવ્યું છે, તે પરથી તેમની લેખન–પ્રકાશન–પ્રવૃત્તિનું સ્પષ્ટ ચિત્ર પાઠકો સમક્ષ આવી જશે.

### સને ૧૯૨૩

(૧) **સિંદૂરપ્રકર**–સંસ્કૃત કાવ્ય અને ગુજરાતી અનુવાદ.

### સને ૧૯૨૪

(૨) **જ્ઞાનપંચમી અને તેનું ઉદ્યાપન**–નિબંધ.

પૂર્વે જૈનધર્મ પ્રસારક સભા માટે લખાયેલો નિબંધ આમાં અંતર્ગત છે.

### સને ૧૯૨૫

(૩) **જૈન કાવ્યપ્રવેશ**–વિવેચન.

(૪) **જીવનચર્યા**–વિવેચન.

આ પુસ્તકનું બીજું નામ સો વર્ષ જીવવાની કળા રાખવામાં આવ્યું હતું અને તેમાં તેને લગતા સિદ્ધાંતોનું વિવેચન કરવામાં આવ્યું હતું.

(૫) **કુમારિકાને પત્રો**-પ્રાથમિક સત્યોની રજૂઆત.

સને ૧૯૨૬

(૬) **કુમારિકાધર્મ**-વિવેચન.

આ પુસ્તિકાની આઠ આવૃત્તિઓ થવા પામી હતી. કેટલીક કન્યાશાળાઓમાં પાઠયપુસ્તક તરીકે પણ સ્થાન પામી હતી.

(૭) **લગ્નરહસ્ય**-વિવેચન.

આ પુસ્તિકામાં લગ્ન એટલે શું ? લગ્નની લાયકાત, લગ્નનો ઉદ્દેશ વગેરે મહત્ત્વના વિષયો ચર્ચવામાં આવ્યા છે.

સને ૧૯૨૯

(૮) **નીતિપ્રવેશ**-પાઠસંકલના.

આ પુસ્તિકામાં બાલોપયોગી ૨૪ પાઠો આપવામાં આવ્યા છે.

(૯) **આર્યકુમારિકા**-સૂત્રસંકલના.

આ લઘુપુસ્તિકામાં 'કુમારિકા એટલે અણખીલી કલી' આદિ ૧૮૩ સૂત્રોનું સંકલન કરવામાં આવ્યું છે.

(૧૦) **ર્તમાન સ્ત્રી જીવન અથવા સ્ત્રી જીવનના વિકટ પ્રશ્નો**-ભાષણ.

જૈન મહિલા સમાજના ઉપક્રમે શ્રી મુંબઈ માંગરોળ જન સભાના હોલમાં તા. ૩-૩-૨૮ના રોજ આ ભાષણ આપવામાં આવ્યું હતું.

**(૧૧) ધર્મપત્ની** - વિવેચન.

આ પુસ્તિકામાં પ્રાચીન એકજ શ્લોકનો અર્થ વિસ્તારથી સમજાવવામાં આવ્યો છે.

**(૧૨) આર્ય સ્ત્રીના ધર્મો**–વિવેચનસંગ્રહ.

આ પુસ્તકમાં કુમારિકા ધર્મ, ધર્મપત્ની અને સ્ત્રી જીવન નામના ત્રણ વિવેચનાત્મક નિબંધો જે અગાઉ પ્રકટ થયેલ, તેને સાથે પ્રકટ કરવામાં આવ્યા છે. તેનું પ્રકાશન શ્રી ચંદનબ્હેન મગનલાલ, મહેતા શેરી, ભાવનગર તરફથી થયું હતું અને તે વિના મૂલ્યે અધિકારી આત્માઓને વહેંચવામાં આવ્યું હતું.

સને ૧૯૩૦

**(૧૩) આદર્શ કુમારિકા**–વિવેચન.

**(૧૪) આદર્શ કુમાર**–વિવેચન.

**(૧૫) નવયુગનો નારીધર્મ**–ભાષણ.

જૈન મહિલા સમાજના ઉપક્રમે શ્રી મુંબઈ માંગરોળ જૈન સભાના હોલમાં તા ૧૮–૧૧–૨૯ના રોજ આ ભાષણ અપાયું હતું.

**(૧૬) વિજયધર્મસૂરિનાં વચનામૃતો**–સંગ્રહ.

આ પુસ્તિકામાં શ્રી વિજયધર્મસૂરિનાં લખાણોમાંથી ૫૪ સુવાક્યોનો સંગ્રહ આપવામાં આવ્યો છે.

**સને ૧૯૩૧**

**(૧૭) કુમારધર્મ**–વિવેચન.

### સને ૧૯૩૩

**(૧૮) ગૃહસ્થ જીવન.**

આ પુસ્તકમાં 'सानन्दं सदनं सुताश्च सुधिय:' આદિ પદથી શરૂ થતા શ્લોકના પ્રત્યેક ભાવ પર વિવેચન કરવામાં આવ્યું છે.

**(૧૯) વિજયનું રહસ્ય.**

આ પુસ્તિકાનું બીજું નામ 'Seven steps to success' રાખવામાં આવ્યું છે. તેમાં નામ પ્રમાણે વિજય પમાડનારા સાત સિદ્ધાંતો પર સુંદર વિવેચન કરેલું છે.

### સને ૧૯૩૪

**(૨૦) વૈરાગ્યશતક**-પદ્યાનુવાદ.

કવિ પદ્માનંદવિરચિત સંસ્કૃત વૈરાગ્યશતકનો અઢાર વર્ષની ઉંમરે કરેલો આ ભાવવાહી સુંદર અનુવાદ છે. પ્રથમ તે જૈનધર્મ પ્રકાશ માસિકમાં પ્રકટ થયેલો, તે બાવીસ વર્ષ બાદ પુસ્તિકાકારે પ્રકટ કરેલો છે.

### સને ૧૯૩૫

**(૨૧) ભગવાન મહાવીર**-ભાષણ.

મુંબઈમાં ભગવાન મહાવીરના ૨૫૩૩મા જન્મજયંતિ પ્રસંગે શ્રી જૈનમહિલા સમાજ, શ્રી ક. દ. ઓ જૈન દાંડિયા રાસ મંડળ, શ્રી ક. દ. ઓ જૈન પખવાજ મંડળ, શ્રી ક. દ. ઓ જૈન સ્વયંસેવક મંડળ તથા શ્રી ક. દ. ઓ જૈન કુમારસંઘ તરફથી ઉજવાયો હતો. તે વખતે બહેનોની સભા સમક્ષ તા. ૧૬-૪-૩૫ના રોજ આ ભાષણ અપાયું હતું.

(૨૨) **કુમારિકાની કીર્તિકથાઓ**–વાર્તાસંગ્રહ.

(૨૩) **ધર્મશતક**–કાવ્ય.

ભાવનગર ખાતે જૈનધર્મ પ્રસારક સભાના હોલમાં શ્રી વિજયધર્મસૂરિજીની તેરમી જયંતી પ્રસંગે તા. ૧૧–૯–૩૫ના રોજ ગવાયેલી ગજલની ૧૦૦ કડીઓ.

(૨૪) **શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ**–કાવ્ય.

મુંબઈ ખાતે શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં સં. ૧૯૯૧ના જેઠ વદિ ૩ ના રોજ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીની જન્મ-જયંતિ પ્રસંગે ગવાયેલી ગઝલની ૧૦૦ કડીઓ.

સને ૧૯૩૬

(૨૫) **વિજયાનંદશતક**–કાવ્ય.

'સૂરિશતક' નામના હિંદી કાવ્યનો પદ્યાત્મક ગૂર્જર અનુવાદ. હિંદી કાવ્યની પ્રકાશિકા સંસ્થા સાથે લેખકે પત્ર-વ્યવહાર કરીને અનુમતિ મેળવ્યા બાદ તે પ્રકટ કરવામાં આવ્યો છે. તેમાં વિશ્વવિખ્યાત વિજયાનંદસૂરિ ઉર્ફે શ્રી આત્મારામજી મહારાજની સુંદર સ્તુતિ છે. આ પુસ્તિકામાં નામ અનુસાર પૂરા સો પદ્યો હોવા જોઈએ, પરંતુ ગમે તે કારણસર છેલ્લું પદ્ય છપાયું નથી. માત્ર ૯૯ પદ્યો છપાયેલાં છે.

(૨૬) **મહાવીરશતક**–પદ્ય.

ભગવાન મહાવીરના જીવનની પ્રશસ્તિરૂપે રચાયેલાં સો પદ્યો.

(૨૭) **મુનિશ્રી મોહનલાલજી** – જીવનચરિત્ર.

## સને ૧૯૩૭

**(૨૮) મુનિશ્રી વિદ્યાવિજયજીનાં વચનામૃતો**-સંગ્રહ.

'સમયને ઓળખો' નામક મુનિશ્રી વિદ્યાવિજયજીના પ્રસિદ્ધ પુસ્તકમાંથી તારવેલાં ૧૦૮ સુંદર વાક્યોનો સંગ્રહ આમાં રજૂ કરાયો છે.

**(૨૯) ભક્તામરસ્તોત્ર**-પદ્યાનુવાદ.

શ્રીમાનતુંગસૂરિકૃત ભક્તામરસ્તોત્ર અતિ પ્રસિદ્ધ છે. તેનો સમશ્લોકી ગુજરાતી અનુવાદ મૂળ ગાથાઓ સાથે આ પુસ્તિકામાં રજૂ કરાયો છે.

## સને ૧૯૩૮

**(૩૦) સુખમય જીવન.**

'अर्थागमो नित्यमरोगिता च' એ શ્લોકના પ્રત્યેક ભાવ પર વિવેચન કરેલું છે.

**(૩૧) જગદ્‌ગુરુચરિત્ર.**

શ્રી હીરવિજયસૂરિજીનું ચરિત્ર.

**(૩૨) ધર્મગીતાંજલિ**—કાવ્ય.

શ્રી વિજયધર્મસૂરિજીની સ્તુતિરૂપ પંચાશિકા, જે તેમની સોળમી જયંતી અંગે રચાયેલી છે.

**(૩૩) સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી**—કાવ્ય.

તેમના જીવનનો પરિચય કરાવતું આ કાવ્ય મંદાક્રાંતા છંદમાં રચાયેલું છે.

**(૩૪) શ્રીમદ્ હેમચંદ્રસૂરિ**—ચરિત્ર.

(૩૫) **કર્મયોગી સંતને**—કાવ્ય.

મહાત્મા ગાંધીજીની સીત્તેરમી જન્મજયંતી નિમિત્તે આ કાવ્ય સીત્તેર લીટી પ્રમાણ રચાયેલું છે.

(૩૬) **મુનિશ્રી મોહનલાલજી શતક**—કાવ્ય.

પ્રશસ્તિરૂપે રચાયેલાં સો પદ્યો.

સને ૧૯૩૯

(૩૭) **નવદંપતીને જીવનસંદેશ**—કાવ્ય.

મંદાક્રાંતાવૃત્તમાં ૧૬ પદ્યો લખેલાં છે.

(૩૮) **શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિનાં બોધવચનો**—સંગ્રહ.

(૩૯) **શાસનપ્રભાવક શ્રી જિનદત્તસૂરિ**—ચરિત્ર.

(૪૦) **નૂતનયુગનાં જીવનવ્રતો**—વિવેચન.

આ પુસ્તિકાનું બીજું નામ શિષ્ટાચારનાં સૂત્રો છે, તેમાં પ્રગતિમય જીવન માટે ધારણ કરવા યોગ્ય વીશ નિયમો પર વિવેચન કરાયેલું છે.

(૪૧) **શ્રી વિજયધર્મસૂરિને અંજલિ**—કાવ્ય.

સત્તરમી જયંતી પ્રસંગે રચેલી ષટ્ત્રિંશિકા.

(૪૨) **શ્રીમદ્ વિજયધર્મસૂરિ**—ચરિત્ર.

(૪૩) **એ સંતના સંતને**—કાવ્ય.

મહાત્મા ગાંધીજીની ૭૧મી જન્મજયંતી પ્રસંગે રચેલું ૭૧ લીટી પ્રમાણ કાવ્ય.

(૪૪) **શ્રીમદ્ વિજયકમલસૂરિ**—ચરિત્ર.

(૪૫) **ઉચ્ચતમ જીવન**—વિવેચન.

દિવ્ય જીવન તરફ દોરી જતાં છ પગથિયાનું વિવેચન.

(૪૬) **સન્મિત્રનાં સદ્બોધવચનો**—સંગ્રહ.

સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી મહારાજના સુવાક્યોનો સંગ્રહ

(૪૭) **મુનિ શ્રી ચારિત્રવિજય** ( કચ્છી )—ચરિત્ર.

(૪૮) **આદર્શ ત્રિપુટી**—વિવેચન.

પુત્ર, પત્ની અને મિત્ર કેવા હોય? તે અંગે પ્રાચીન શ્લોક અનુસાર આ વિવેચન કરાયેલું છે.

સને ૧૯૪૦

(૪૯) **સાધનાનાં સોપાન.**

નિદ્રા, તંદ્રા, ભય, ક્રોધ, આલસ્ય અને દીર્ઘસૂત્રતા ટાળવા અંગે વિવેચન.

(૫૦) **મહાવીર જીવન**—કાવ્ય.

ભગવાન મહાવીરની ૨૫૩૮મી જન્મજયંતી પ્રસંગે સ્ફુરેલા ઉદ્ગારો.

(૫૧) **શ્રીમદ્ વિજયાનંદસૂરિનાં વચનામૃતો.**

૧૦૮ વચનોનો સંગ્રહ છે.

(૫૨) **કલ્યાણનો માર્ગ.**

શ્રી ભર્તૃહરિવિરચિત નીતિશતકના એક શ્લોક પર વિવેચન કરેલું છે. તેનો પ્રારંભ 'प्राणाघातान्निवृत्तिः' એ શબ્દોથી થાય છે.

સને ૧૯૪૧

(૫૩) **મહાવીર ચરિત્ર**—કાવ્ય.

**(૫૪) કલ્યાણમંદિર સ્તોત્રનો ગુજરાતી પદ્યાનુવાદ.**

આ અનુવાદ મંદાક્રાંતા છંદમાં થયેલો છે.

**(૫૫) સેવાગ્રામના સંતને.**

મહાત્મા ગાંધીજીની ૭૩મી જન્મજયંતિ પ્રસંગે રચેલું ૭૩ લીટીનું કાવ્ય.

સને ૧૯૪૬

**(૫૬) રાષ્ટ્રના રાજર્ષિને.**

મહાત્મા ગાંધીજીની ૭૮મી જન્મજયંતી પ્રસંગે રચેલું ૭૮ લીટીનું કાવ્ય.

સને ૧૯૪૭

**(૫૭) વિનોબાનાં વચનામૃતો.**

૧૦૮ સુવાક્યોનો સંગ્રહ છે.

**(૫૮) વિજયકેશરસૂરિનાં વચનામૃતો.**

૧૦૮ સુવાક્યોનો સંગ્રહ છે.

**(૫૯) વિશ્વવંદ્ય ગાંધીજીનાં વચનામૃતો.**

૧૦૮ સુવાક્યોનો સંગ્રહ છે.

સને ૧૯૪૮

**(૬૦) સાને ગુરુજીનાં સદ્બોધવચનો.**

૧૦૮ સુવાક્યોનો સંગ્રહ છે.

**(૬૧) મંગલમય મહાવીર**–કાવ્ય.

ભગવાન મહાવીરના ૨૫૪૬મા જન્મકલ્યાણકદિને સ્ફુરેલા ઉદ્ગારો.

**(૬૨) સુખનાં સોપાન.**

સુખપ્રાપ્તિનાં છ પગથિયાં પર વિવેચન.

**સને ૧૯૪૯**

**(૬૩) ગુરુગુણ મૌક્તિકમાલા**–ગહુંલી સંગ્રહ.

આમાંની બે ગહુંલીઓ શ્રી માવજીભાઈએ પોતે રચેલી છે.

**(૬૪) સુખના સિદ્ધાંત.**

'आरोग्यमानृण्यमविप्रवासः' પંક્તિથી શરૂ થતા શ્લોકના છ ભાવો પર વિવેચન.

**(૬૫) સફલતાનાં સાધન.**

'विपदि धैर्यमथाभ्युदये क्षमा' એ પંક્તિથી શરૂ થતા શ્લોકના સાત ભાવો પર વિવેચન.

**(૬૬) મુનિશ્રી મોહનલાલજી મહારાજ**–કાવ્ય.

બેંતાલીશમી સ્વર્ગવાસતિથિ નિમિત્તે બેંતાલીશ લીટી પ્રમાણ કાવ્યબદ્ધ અંજલિ.

**(૬૭) સર્વાંગસુંદર જીવન.**

'दृष्टिपूतं न्यसेत् पादम्' એ પંક્તિથી શરૂ થતા શ્લોકના ચાર ભાવો પર વિવેચન.

**(૬૮) કાર્યસિદ્ધિ આમ થાય.**

'जिह्वा दग्धा परान्नेन' આદિ પદોથી શરૂ થતાં શ્લોકના પ્રત્યેક ભાવ પર વિવેચન.

આ પુસ્તિકાની બીજી આવૃત્તિ સને ૧૯૪૯માં પ્રકટ થયેલી છે. પ્રથમ આવૃત્તિની સાલ મળી નથી, પણ તે સને ૧૯૪૦ પછી જ પ્રસિદ્ધ થયેલી હોવી જોઈએ, કારણ કે ત્યાં સુધીની સૂચિમાં તેનો નિર્દેશ નથી.

**(૬૯) કલ્યાણમય જીવન**-વિવેચન.

સને ૧૯૪૦માં કલ્યાણનો માર્ગ નામની પુસ્તિકા બહાર પાડેલી. તેમાં જે મૂળભૂત શ્લોક છે, તેનું ગુજરાતી, હિંદી, મરાઠી, કચ્છી અને અંગ્રેજીમાં ભાષાંતર આપ્યું છે. બાકીનો વિષય જેમનો તેમ છે.

### સને ૧૯૫૦

**(૭૦) સદ્‌ભાગ્યનો સૂર્યોદય.**

'सूनु : सच्चरित : सती प्रियतमा' આદિ પદોથી શરૂ થતા પ્રાચીન શ્લોકના દરેક ભાવ પર વિવેચન.

**(૭૧) દેવાધિદેવનાં દર્શન**-વિધિ-અનુષ્ઠાન.

આ પુસ્તિકામાં પ્રાતઃસ્મરણ, ગુરુવંદન, દેવદર્શન અને દેવપૂજનનો વિધિ આપવામાં આવ્યો છે.

**(૭૨) સંસારમાં સ્વર્ગ.**

રાજર્ષિ ભર્તૃહરિકૃત ' तृष्णां छिन्धि भज क्षमां ' પદોવાળા શ્લોકના પ્રત્યેક ભાવ પર વિવેચન.

### સને ૧૯૫૧

**(૭૩) ધર્મરહસ્ય.**

ક્ષમાદિ દશ ઉત્તમધર્મ પરનું વિવેચન.

**(૭૪) શ્રી મહાવીરને વંદના**-કાવ્ય.

ભગવાન મહાવીરના ૨૫૪૯મા જન્મકલ્યાણક નિમિત્તે રચાયેલા ૧૦૦ લીંટી પ્રમાણ રાસ.

સને ૧૯૫૨

**(૭૫) તીર્થધામમાં ત્રીસ દિવસ**-યાત્રાવર્ણન.

રતલામથી ભાવનગર સુધીના પ્રવાસમાં કરાયેલી યાત્રાનું વર્ણન છે.

સને ૧૯૫૪

**(૭૬) તિર્થાધિરાજ સમેતશિખર**-યાત્રાવર્ણન.

પાવાપુરી, રાજગૃહી તથા સમેતશિખર આદિ તીર્થની યાત્રાનું વર્ણન છે.



[ ૮ ]

# કૌટુંબિક જીવન

શિક્ષકપદે સ્થિરતા અનુભવ્યા બાદ સને ૧૯૧૬, સં. ૧૯૭૨માં શ્રી માવજીભાઈએ ભાવનગરનિવાસી શેઠ પોપટલાલ કસ્તુરચંદ શાહની સુપુત્રી શ્રી અમૃતબેન સાથે લગ્ન કર્યાં.

શ્રી માવજીભાઈ એક સંસ્કારી યુવક હતા અને જીવનને સફલ કેમ બનાવવું, તેની ચાવીઓ જાણી ચૂક્યા હતા. વળી અમૃતબેન એક ધર્મપરાયણ ખાનદાન કુટુંબમાં ઉછરેલા હતા અને પતિપરાયણ થવામાં જ જીવનની સાર્થકતા લેખતા હતા.

શ્રી માવજીભાઈ મુંબઈ આવ્યા ત્યારથી લુહારચાલમાં મનહર બીલ્ડીંગમાં રહેતા હતા, જ્યાં તેમને શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયાનો પાડોશ મળ્યો હતો. પરંતુ લગ્ન પહેલાં કેટલાક સંબંધીજનોના અને ખાસ કરીને ઘાટકોપરના મકાનમાલિક શેઠ શ્રી અમૃતલાલ પરશોતમભાઈ તેમજ અમરચંદ ઘેલાભાઈના આકર્ષણને લીધે તેઓ ઘાટકોપર રહેવા ગયા હતા. ત્યાં કામાલેનમાં શ્રી હીરાલાલ અમૃતલાલ



શ્રી અમૃત બહેન માવજી શાહ

જેમણે જીવનભર પતિને સુંદર સાથ આપ્યો.



**શ્રી માવજીભાઇ યુવાવસ્થામાં પોતાના કુટુંબ સાથે**

ડાબી બાજુથી (૧) શ્રી વિમળાબહેન (૨) શ્રી કાંતાબહેન, (૩) પોતે, (૪) નીચેના ભાગમાં શ્રી મહેન્દ્રભાઇ, (૫) શ્રી અમૃતબહેન તથા (૬) શ્રી જયંતભાઈ.

શાહના બંગલામાં રહેતા હતા. અહીં તેમના વડીલ ભાઈ કુંવરજી જેઠાભાઈ શાહ અને તેમના ભાગીદાર શ્રી મુળજી હંસરાજ પણ રહેતા હતા. વળી શેઠશ્રી પરમાણંદ રતનજી, શેઠશ્રી ડાહ્યાલાલ મકનજી, શેઠ શ્રી દેવજી ટોકરશી તથા શેઠશ્રી અમૃતલાલ ખોખાણીનો સહવાસ વારંવાર થતો અને તેમની સાથે ધર્મચર્ચાઓ પણ થતી.

અહીં એટલી નોંધ કરવી ઉચિત ગણાશે કે જેમ શ્રી માવજીભાઈએ પોતાના જીવન દરમિયાન નોકરી બદલી ન હતી, તેમ ઘાટકોપરનું આ સ્થાન પણ બદલ્યું ન હતું. તે એમને ખૂબ ગમી ગયું હતું, કારણ કે પાડોશ જોઈએ તેવો મળી ગયો હતો અને નજીકમાં જ સગાંવ્હાલાં રહેતા હતાં. વળી પરાનું જીવન એકંદર શાંત ગણાય, તે પણ અહીં લાંબો વખત સ્થિરતા કરવાનું એક કારણ હતું. શ્રી માવજીભાઈના બધાં જ પ્રકાશનો આ સ્થળેથી થયાં હતાં.

શ્રી માવજીભાઇને બે પુત્ર અને બે પુત્રી એમ ચાર સંતાનો છે. શ્રી કાંતાબેન સૌથી મોટા છે. તેમણે પિતા પાસેથી ધાર્મિક જ્ઞાન ઘણું સુંદર સંપાદન કર્યું છે. વ્યાવહારિક જ્ઞાન પણ સમયાનુસાર મેળવ્યું છે. સંસ્કૃતનો અભ્યાસ પણ સુંદર રીતે કરી શ્રી એજ્યુકેશન બોર્ડની સંસ્કૃત વિષયની પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઈ ઈનામ મેળવેલું છે.

શ્રી વિમળાબેન તેમની બીજી પુત્રી છે. તેમણે પણ ધાર્મિક અને વ્યાવહારિક જ્ઞાન સારું સંપાદન કર્યું છે.

તેમજ શ્રી એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષાએ પણ સારા ગુણોથી પસાર કરેલી છે. શ્રી માવજીભાઈની છેલ્લી જીવલેણ માંદગી વખતે તેમણે સુંદર સેવા કરી પોતાની ફરજ બરાબર અદા કરી હતી. ખરેખર ! જે સંતાનોને માબાપની સેવા કરવાની તક મળે છે અને જેઓ એ તકને ઝડપી લે છે, તેઓ પોતાનું જીવન ધન્ય બનાવી જાય છે.

ત્યાર પછી તેમના મોટા પુત્ર જયંતભાઈ છે, જેમનો જન્મ જાન્યુઆરી માસની પહેલી તારીખે યાને અંગ્રેજોના બેસતા વર્ષે થતો હોવાથી કંઈકના મન આનંદ અને ઉત્સાહથી પ્રફુલ્લિત બનતા હોય છે. જો કે તેમનું નામ જન્મ-રાશિના આધારે પાડવામાં આવ્યું હશે, પરંતુ તેમના હસ્ત-પાદમાં જયની જ્વલંત રેખાઓ છે, એટલે એ નામ સાર્થક હતું, એમ કહ્યા વિના ચાલતું નથી.

પુત્ર સામાન્ય કે માયકાંગલો હોય તો પણ માતા–પિતાના સ્નેહનું ભાજન બને છે, તો પછી તેજસ્વી અને બુદ્ધિમાન પુત્ર માટે તો કહેવું જ શું !

શ્રી જયંતભાઈએ પાંચ ધોરણ યાને અંગ્રેજી પહેલી સુધીનો અભ્યાસ ઘાટકોપરમાં શેઠ શ્રી રામજી આસર વિદ્યાલયમાં કર્યો હતો. ત્યાર પછી તેઓને બાબુ પન્નાલાલ પૂરણચંદ જૈન હાઈસ્કૂલ મુંબઈમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે ૧૯૪૮માં ઉચ્ચ પંક્તિના ગુણો સાથે મેટ્રીકની પરીક્ષા પસાર કરી હતી. તેઓ ભણવામાં હોંશિયાર

હતા, એટલે તેમને આગળ અભ્યાસ કરાવવાનું માતા-પિતાનું પૂરેપૂરું મન હતું, પણ તેના ખર્ચનો ભાર ચિંતા ઉપજાવતો હતો. આમ છતાં એક યા બીજા ઉપાયે તેનું નિરાકરણ કરવામાં આવ્યું અને તેમને આગળ ભણાવવામાં આવ્યા.

સને ૧૯૫૨માં તેઓ શ્રેષ્ઠ ગુણો ( માર્કસ ) મેળવી બી. કોમ., થયા, પરંતુ તેઓ હજુ પોતાના ધ્યેયને પહોંચ્યા ન હતા, એટલે પગ પર ઊભા રહીને તેમણે પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો.

શ્રી જયંતભાઇ સને ૧૯૫૫માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (ઓડીટર) થયા, અને થોડા જ વખતમાં પોતાના કાર્યમાં ઝળકી ઉઠયા. તેઓ મુંબઇમાં કાલબાદેવી ઉપર "મેસર્સ જયંત એમ. શાહ એન્ડ કું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્"ના નામથી પોતાનું કાર્યાલય ચલાવે છે. તેમનો ગ્રાહકવર્ગ ઘણો મોટો છે.

શ્રી જયંતભાઈના લગ્ન શ્રી હંસાબહેન બી. એ. સાથે થયેલાં છે.

શ્રી માવજીભાઈના બીજા અને નાના પુત્ર મહેન્દ્રભાઈ છે. તેમનો મેટ્રીક સુધીનો અભ્યાસ બાબુ પન્નાલાલ પૂરણચંદ જૈન હાઇસ્કૂલમાં જ થયો હતો. અને ત્યાર પછી બે વર્ષ સુધી તેમણે કોલેજનું શિક્ષણ લીધું હતું, પરંતુ આગળ અભ્યાસ કરવાનું અશક્ય લાગતાં તેઓ વિદ્યાભ્યાસ છોડી ધંધામાં જોડાયા હતા. તેમનાં લગ્ન શ્રી દેવીબહેન સાથે થયેલાં છે.

પુત્ર-પુત્રીઓને ઉછેરતાં, તેમને ભણાવી-ગણાવીને તૈયાર કરતાં, તેમજ તેમનાં લગ્નાદિ કાર્યોને સારી રીતે પાર

પાડતાં શ્રી માવજીભાઈએ સારી એવી જહેમત ઉઠાવી હતી. એટલું જ નહિ પણ કેટલાક ચિંતાતુર દિવસો ય પસાર કર્યા હતા. પરંતુ તેમના સુશીલ ધર્મપત્નીએ ઘણોખરો બોજો પોતાના ઉપર લઈ તેમને રાહત આપી હતી.

શ્રી માવજીભાઈએ પોતાના જીવનમાં કરકસરને સ્થાન આપ્યું હતું, પરંતુ કંજુસાઈ કરી ન હતી. તેઓ એક સંસ્કારી ગૃહસ્થને અનુરૂપ જીવન જીવતા હતા, જે તેમની સુંદર આવડત અને વ્યાવહારિક કાર્યદક્ષતા બતાવે છે.

તેમની છેલ્લી માંદગીમાં તેમના ધર્મપત્ની અમૃતબહેને તથા એક આદર્શ પુત્ર તરીકે શ્રી જયંતભાઈએ તથા પ્રેમાળ પુત્રી તરીકે વિમળાબહેને તેમના છેલ્લા શ્વાસ સુધી જે એક-ધારી સેવા કરી છે, તે શબ્દોમાં વર્ણવવી મુશ્કેલ છે. ઘાડ-ચાળના કાંટા સાથે તેમની સારવાર કરવી, તેમની સગવડ ઉપર પૂરેપૂરો ખ્યાલ રાખવો અને નોકરચાકરની અનુકૂળતા હોવા છતાં જાતે જ સેવા કરવી, એ કોઈ સામાન્ય ઘટના નથી.

પોતાની ધર્મપત્ની, પુત્ર તથા પુત્રીની આવી ઉત્તમ સેવા પામનાર આ જગતમાં વિરલા હશે, એમ અમે પ્રામાણિકપણે માનીએ છીએ.

પ્રસંગોપાત્ત કેટલાક આચાર્ય ભગવંતો તેમના ઘરને પાવન કરતા, ત્યાં તેમણે આ દૃશ્ય નજરોનજર જોયું હતું અને તે તેમણે પોતાના પત્રોમાં અંકિત કરેલું છે.*

* આ પત્રો શ્રદ્ધાંજલિ વિભાગના 'પત્રો' નામના પ્રકરણમાં છપાયેલા છે.

આજના યુગના સંતાનો માટે શું આ સચોટ દાખલો નથી? માબાપની ઉત્તર અવસ્થામાં તેમની સેવા કરવી, એ જીવનનો અનુપમ લ્હાવો છે, અને તે દરેક સુપુત્ર તથા સુપુત્રીએ અવશ્ય લેવો જોઈએ.

શ્રી માવજીભાઈના બીજા જમાઈ શ્રી ધીરજલાલ ભગવાનદાસ શાહ જેઓ ઇલેકટ્રીક એન્જીનીયર છે, તેમણે આ કુટુંબ માટે અને તેમાંયે શ્રી માવજીભાઈની માંદગીના પ્રસંગે ખડાપગે જે સેવા કરી છે, તે સદાય યાદ રહેશે.

સેવા-સેવામાં પણ ફેર હોય છે. શ્રી ધીરજલાલભાઈએ પોતાના શ્વસુરની સેવા કરવામાં રાતદિવસ જોયા ન હતા. કેટલીય રાતોના એક સરખા ઉજાગરા કર્યા હતા, જે ખરેખર ખૂબ જ પ્રસંશનીય ગણાય.



[ ૯ ]

# જીવનસાથી

શ્રી માવજીભાઈએ ધર્મપત્ની નામનો નિબંધ લખેલો છે. તેમાં તેમણે જણાવેલું છે કે 'ગૃહરાજ્યનો કારોબાર વ્યવસ્થાપૂર્વક ચાલે-તેમાં અંધાધુંધી ચાલવા ન પામે, તે માટે પુરુષોનો દરજ્જો એક રાજા જેવો હોવા છતાં ગૃહરાજ્યની ખરી અધિષ્ઠાત્રી-રાણી તો સ્ત્રી જ હોઈ શકે.'

આ શબ્દોનું અવતરણ ટાંકીને અમે એ વસ્તુ કહેવા ઇચ્છીએ છીએ કે શ્રી માવજીભાઈના ગૃહરાજ્યની ખરી અધિષ્ઠાત્રી તો અમૃતબહેન જ હતાં. તેમણે શ્રી માવજીભાઈની ભાવનાઓને મૂર્તિમંત કરવામાં જે સાથ-સહકાર આપ્યો છે, તે ચિરસ્મરણીય રહેશે.

શ્રી અમૃતબહેનનો શાળાનો અભ્યાસ તો માત્ર ચાર ગુજરાતી જેટલો જ હતો, પણ અનુભવની શાળામાં ઘડાઈને તેઓ ખૂબ જ આગળ વધી ગયા હતા.

તેઓ પતિની બાંધેલી અને અતિમર્યાદિત આવકમાં

પણ ઘરનો કારભાર બરાબર ચલાવતા અને દરેક પ્રસંગને મક્કમતાથી પાર પાડતા.

શ્રી અમૃતબહેનના પિતા આર્થિક સ્થિતિએ ઘણા સુખી હતા. તેમની પ્રથમ કરિયાણાંની અને પછી કાપડની દુકાન ધમધોકાર ચાલતી હતી, પરંતુ શ્રી અમૃતબહેનની આલ્યાવસ્થામાં જ તેમના માતુશ્રી ગુજરી ગયેલા. આથી તેમના માથે ઘણી ભાત પડેલી, પણ તેમના લગ્નજીવનમાં એ ઘણી જ ઉપયોગી નીવડી. તેઓ પિયરની પાલખી છોડી સાસરવાસમાં બરાબર સમાઇ ગયા, એ તેમની આવડત અને કુનેહનો મોટો પૂરાવો છે.

તેમણે પોતાની બંને પુત્રીઓને ઘરકામમાં, તેમજ સ્ત્રી-ઉપયોગી શિક્ષણમાં ખૂબ જ આવડતવાળી બનાવી દીધી હતી. એ બંને પુત્રીઓ ઉક્ત જ્ઞાનનો ઉત્તમ ઉપયોગ કરીને તેમનાં લગ્નજીવનમાં સુખી બની છે.

તેઓ પુત્રોને પણ ધાર્મિક અને વ્યાવહારિક જ્ઞાન સારી રીતે મળે, તેની સતત કાળજી રાખતાં. સારા સંસ્કારો આપવા માટેની તેમની ચીવટ નોંધપાત્ર હતી.

સંતાનો ઉમ્મરલાયક થયાં, ત્યારે તેમને સારે સ્થાને પહોંચાડવા માટે તેમણે દિવસો સુધી ચિંતા કરી હતી અને આજે પણ દરેકની યોગ્યતા પ્રમાણે તેમના કલ્યાણની કામના કરવામાં તેઓ એટલા જ ઉત્સાહવંત છે.

તેમણે પોતાના સંતાનોને ભણાવવા માટે એક મા તરીકે જે કાળજી રાખી છે, તે આજની કોઇક જ મા રાખી

શકતી હશે. ‘ સારી રીતે ભણો અને આગળ વધો’ એ એમની મુખ્ય હિતશિક્ષા હતી. તે માટે પોતાને જે કંઈ ભોગ આપવો પડે, તે માટે સદા તૈયાર રહેતા અને પરીક્ષા જેવા સમયે પોતે વહેલા ઉઠીને બધાને ઉઠાડતા.

શ્રી જયંતભાઈ બી. કોમ., થયા પછી તેમને વધુ અભ્યાસ કરાવવા માટે તેમની મક્કમતા અલૌકિક હતી. ગમે તેવી આર્થિક મુશ્કેલી સહીને પણ તેમનો અભ્યાસ પૂરો કરાવવો, એ તેમનો દૃઢ સંકલ્પ હતો અને તેથી જ શ્રી જયંતભાઈ પોતાનો અભ્યાસ ધારણા મુજબ પૂરો કરી શક્યા.

શ્રી જયંતભાઈએ અભ્યાસ પછી પોતાના જીવનમાં જે પ્રગતિ કરી, જે માનપાન મેળવ્યું, તે જોઈ તેમને અતિ આનંદ થયો. પરંતુ તે સાથે જ તેમને ચિંતા થવા લાગી કે નાના પુત્રનું શું ? એટલે સૌને સમજાવી–મનાવી તેના માટે દુકાન કરાવી. જો કે તેમની આંતરિક ઈચ્છા તો એ જ હતી કે નાનો પુત્ર પણ મોટા પુત્ર જેટલું જ ભણે, પણ તેની ભણવાની અશક્તિના કારણે તેના જીવનમાં યોગ્ય સ્થાન મળે તે માટે તેમણે આ પ્રકારે સ્ટેનલેસ સ્ટીલના વાસણની દુકાન કરાવી હતી.

તેઓ વ્યાવહારિક–સામાજિક દરેક પ્રશ્નોનો બોજો પોતાના શિર પર લઈ પોતાના પતિને રાહતનો દમ ખેંચવા દેતા.

તેમણે શ્રી માવજીભાઈની નાની મોટી દરેક માંદગી વખતે ખડે પગે સેવા કરી હતી, અને છેલ્લી માંદગી વખતે

રાત કે દિવસ જોયા ન હતા. 'પતિને સુખ કેમ ઉપજે?' એ જ તેમની એક માત્ર વિચારણા રહેતી અને તેમાં પોતાની અંગત સુખ સગવડોને સાવ ભૂલી જતાં. શ્રી અમૃતબહેન વિચારો કરતાં વતનમાં વધારે માને છે અને ગમે તેવા કપરા સંજોગોમાંથી પણ માર્ગ કાઢવાની કુશળતા ધરાવે છે. તેઓ સ્વભાવે ઉદાર છે અને હસતાં મુખડે દાન દઈ શકે છે.

પૂજ્ય મહાત્મા ગાંધીજીને કસ્તૂરબા મળ્યા અને તેમનું જીવન ધન્ય બની ગયું, તેમ શ્રી માવજીભાઇને અમૃતબહેન મળ્યા અને તેમનું જીવન ધન્ય બની ગયું. શ્રી અમૃતબહેન માટે આથી વિશેષ બીજું શું કહીએ?



[૧૦]

# પિતૃભક્તિનો પુણ્ય પ્રકાશ

ભારતીય નીતિકારોએ કહ્યું છે કે—

**वरमेको गुणि पुत्रो, न च मूर्खशतान्यपि ।**
**एकचन्द्रस्तमो हन्ति, न च तारा शतान्यपि ॥**

'એક ગુણી પુત્ર હોય તે સારો, પણ સો મૂર્ખ પુત્રો હોય તે સારા નહિ. ચન્દ્ર એક જ હોય છે, પણ અંધકારનો નાશ કરે છે, જ્યારે સેંકડો તારાઓ સાથે મળીને પણ અંધકારનો નાશ કરી શકતા નથી.'

કુલને અજવાળે, પિતાનું નામ રોશન કરે, તેને કુલ-દીપક કહેવાય છે. તેવા પુત્રથી માતા–પિતાને ઘણો જ આનંદ થાય છે અને એક પ્રકારનું આશ્વાસન મળે છે. શ્રી જયંત-ભાઈ કુલદીપક નીવડયા, તેથી શ્રી માવજીભાઈ તથા અમૃત બહેનને ઘણો જ આનંદ થયો અને પોતાના ગૃહસ્થ–જીવનને સાર્થક માન્યું. આવા પનોતા પુત્ર માટે અહીં બે શબ્દો લખીએ તો અનુચિત નહિ જ લેખાય.



શ્રી જયંત એમ. શાહ

બી. કોમ., એફ. સી. એ.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ



શ્રી માવજી દામજી શાહના ધાર્મિક ગુણોની અનુમોદના કરવા માટે મળેલી જૈનોની જાહેર સભાનું એક દૃશ્ય. ઊંચી પાટ પર બેઠેલા ડાબી બાજુથી (૧) પૂ. મુ. શ્રી જયાનંદવિજયજી, (૨) પૂ. મુ. શ્રી યશોવિજયજી (૩ પૂ. આ. શ્રી વિજયધર્મસૂરિજી તથા (૪) પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરિજી. જમણી બાજુ છેડે શ્રી મનસુખલાલ તારાચંદ ભાષણ કરી રહેલા છે.

શ્રી માવજીભાઇએ આજીવન કેળવણીકાર રહીને અનેક વિદ્યાર્થીઓના જીવનમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું હતું, તેમ પોતાના બાળકોમાં પણ ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું હતું. પૂજ્ય શ્રી ચિત્રભાનુ મહારાજના શબ્દોમાં કહીએ તો તેમણે દીપકનો પ્રકાશ માત્ર લોકોને જ આપ્યો ન હતો, પણ પોતાના ઘરમાં યે પ્રકટાવ્યો હતો. શ્રી જયંતભાઇ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જેવા સુસંસ્કારી પુત્રને સમાજના ચરણે ધરી તેમણે આ વાત પુરવાર કરી હતી.

શિક્ષકોના આર્થિક જીવનની સમસ્યાઓ તો શિક્ષકો જ જાણતા હોય છે. એવા સંયોગોમાં પણ પ્રશ્નનો સરલ ઉકેલ કરી પોતાનું કર્તવ્ય અદા કરવા માટે આપણે શ્રી માવજીભાઈને જરૂર અભિનંદન આપીએ.

શ્રી માવજીભાઇએ સંયોગો અનુસાર તેમના ચારે ય સંતાનોને ભણાવ્યા, પણ જયંતભાઈને આગળ ભણાવતી વખતે તેમની આગળ આર્થિક સમસ્યા ખડી થઈ. આ વખતે જયંતભાઈએ જે હિંમત દાખવી, જે પુરુષાર્થ ખેડયો, તે આપણને જરૂર વિચારતા કરી મૂકે એવો છે.

માર્ચ માસમાં મેટ્રીકની પરીક્ષા આપ્યા પછી તેઓ નેપચ્યુન એસ્યુરન્સ કું. લી. મુંબઈમાં નોકરી પર બેસી ગયા હતા અને માસિક પગાર રૂા. ૫૦ પ્રમાણે આવતો થઈ ગયો હતો, જે કુટુંબના આર્થિક નિર્વાહ માટે સહાયરૂપ હતો. પરંતુ તેમને આગળ ભણવાનું પૂરેપૂરું દિલ હતું, એટલે સીડનહામ કૉલેજ ઓફ કોમર્સમાં પ્રવેશ માટે અરજી કરી અને ગુણો ઘણા સારા હોવાથી પ્રવેશ તરત જ મળી ગયો. પરંતુ

કોલેજની ફીનું શું કરવું ? વળી ચાલુ થયેલી આવક અટકી જાય તે પણ કેમ પોસાય ?

આ એક કસોટીની પળ હતી, પરંતુ જયંતભાઈ તેમાં પાર ઉતર્યા. તેમણે પોતાના સંયોગોનો ખ્યાલ પામીને તરત જ મનમાં નક્કી કર્યું કે મારે મારા અભ્યાસનો આર્થિક બોજો ઘર પર ન લાદતાં જાતે જ ઉચકી લેવો અને વિશેષમાં ઘરખર્ચમાં ફાળો આપવા યોગ્ય પણ તરત જ થઈ જવું.

બે માસના પગારમાંથી, તેમજ બીજી થોડી સગવડ કરીને તેમણે કૉલેજની ફી ભરી અભ્યાસ ચાલુ કર્યો. તે સાથે તેમણે શેઠશ્રી મનમોહનદાસ માધવદાસ અમરશીની ભલામણથી ધી સેન્ટ્રલ બેંક ઓફ ઇંડિયામાં નોકરી મેળવી. એ પગાર તેમણે ઘરખર્ચમાં આપવા માંડ્યો. ઉપરાંત નેપચ્યુન એસ્યુ. કું. લી. માં ટૂંક સમયની નોકરી દરમિયાન વિમાના કામનો અનુભવ મેળવી વિમાનું કામ શરૂ કરેલું, તે પણ ચાલુ રાખ્યું અને તેમાં પિતાની સુંદર સુવાસ તથા મીઠાશના કારણે સારી સફળતા મળવા લાગી. વીમા કંપનીએ તેમની કદર કરીને તેમને સુંદર દરજ્જો આપ્યો.

આ વખતે તેમને પરિશ્રમ તો ઘણો જ પડતો હતો, પણ પરિશ્રમનો વિચાર કરનાર કે તેનાથી કંટાળનાર આ જગતમાં કોઈ વિશિષ્ટ પ્રકારની સિદ્ધિ કરી શકતા નથી. અનુભવી પુરુષો કહે છે કે ‘ કાયર મનુષ્યો વિઘ્નથી ડરી જઈને કોઈ કાર્યનો આરંભ કરતા નથી; મધ્યમ પુરુષો ઉત્સાહમાં આવીને કાર્યનો આરંભ કરે છે, પણ જ્યાં વિઘ્નો આવવા લાગે, ત્યાં તેનો ત્યાગ કરે છે; જ્યારે ઉત્તમ પુરુષો વિઘ્નથી

પુનઃ પુનઃ હણાવા છતાં આરંભેલા કાર્યને છોડતા નથી.'

શ્રી જયંતભાઇએ કૉલેજનું ઉચ્ચ શિક્ષણ લેવાનું જે કાર્ય આરંભ્યુ હતું, તે અનેકવિધ કપરા સંયોગોમાં પણ ધૈર્ય અને ખંતપૂર્વક પૂરું કર્યું. શ્રી માવજીભાઈએ માનસિક ટેકો આપીને તેમના આ કાર્યમાં ઘણી સહાય કરી હતી. બી. કોમ., થયા પછી પણ જયંતભાઈની વધુ અભ્યાસ કરવાની ઈચ્છા હતી. એ જોઈ શ્રી માવજીભાઈએ તેમને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના અભ્યાસમાં જોડી દીધા. હવે તો 'देहं पातयामि वा कार्यं साधयामि वा'ની ભાવના જયંતભાઈના મન પર સવાર થઈ ચૂકી હતી, એટલે બરાબર ત્રણ વર્ષે તેમણે નિયત અભ્યાસ પૂરો કરી દીધો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષા બહુમાન સાથે પસાર કરી. મંદિર પર શિખર ચણાય અને તેના પર સોનેરી ઇંડું ચઢે, તેના જેવી આ વાત હતી, એટલે કોને આનંદ ન થાય?

અમે ગત પ્રકરણમાં જણાવ્યું છે તેમ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયા પછી શ્રી જયંતભાઇએ કાલબાદેવી પર મેસર્સ જયંત એમ. શાહ એન્ડ કું, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્‌ના નામથી કાર્યાલય ખોલી પોતાનું કામ ચાલુ કર્યું.

એક કવિએ કહ્યું છે કે—

वार्ता च कौतुकवती विशदा च विद्या,
लोकोत्तरः परिमलश्च कुरङ्गनाभेः ।
तैलस्य बिन्दुरिव वारिणि दुर्निवार-
मेतत्त्रयं प्रसरतीह किमत्र चित्रम् ? ॥

'કૌતુકવાળી વાત, વિશદ વિદ્યા અને કસ્તૂરીની લોકોત્તર સુગંધ, એ ત્રણે જળમાં પડેલા તેલના બિંદુની જેમ જગતમાં દુર્નિવારપણે પ્રસરે તેમાં આશ્ચર્ય શું ?'

શ્રી જયંતભાઈ પાસે વિશદ વિદ્યા હતી, તેની સુવાસ દિવસે દિવસે વધવા લાગી અને આજે તો તેઓ અનેક જાહેર સંસ્થાઓમાં માનનીય હિસાબ-અન્વેષક (ઓડીટર) યા બીજી અનેક રીતે ગૌરવવંતુ સ્થાન ભોગવી રહેલા છે.

આ તો તેમના જીવનનું એક પાસું થયું. હવે બીજા પાસાં તરફ પણ દૃષ્ટિપાત કરીએ.

સામાન્ય રીતે આજનું ઉચ્ચ શિક્ષણ મેળવનાર વ્યક્તિ ધાર્મિક જીવન પ્રત્યે ઉદાસીન બને છે અને સંયુક્ત કુટુંબની પ્રણાલિકાથી દૂર થઈ જાય છે. પરંતુ જયંતભાઈની બાબતમાં આથી ઉલટું જ બન્યું છે. ઉચ્ચ શિક્ષણ લેવા છતાં તેઓ ધાર્મિક જીવન પ્રત્યે ઉદાસીન રહ્યા નથી. તેઓ પિતાના પગલે ચાલી રોજ શ્રી જિનેશ્વર દેવની સેવા-પૂજા-ભક્તિ કરે છે તથા સાધુ મહાત્માઓનાં દર્શન કરી પાવન થાય છે. વળી માતા-પિતાથી તેઓ વિખૂટા પડયા નથી. તેમને પોતાની સાથે જ રાખ્યા છે અને તેમની અનન્ય ભાવે સેવા કરી છે. અમે ઘણા સંસ્કારી કહેવાતાં કુટુંબોના પરિચયમાં આવ્યા છીએ, પણ માતા-પિતા પ્રત્યેની આવી જ્વલંત ભક્તિનું દૃશ્ય ભાગ્યે જ જોવા મળ્યું છે.

શ્રી જયંતભાઈનું એવું સ્પષ્ટ મંતવ્ય છે કે 'આજના યુગની કેળવણીને લીધે બાળક ધર્મથી કે માબાપથી વિમુખ

થતો નથી, પણ જ્ઞાનના નામે તેનામાં જે દંભ અને અહંભાવ આવે છે, તે જ તેનામાં આ પ્રકારના અવગુણો લાવે છે. જીવતા માબાપની પૂજા તે જ સાચી પૂજા છે. જે પુત્રો તેમની હયાતિમાં તેમનાથી દૂર થાય છે, તે ખરેખર ! કમનશીબ છે. તેઓ ગંગાજળની પવિત્ર લહરિઓ છોડીને ખાબોચિયામાં રાચે છે અને તેનું ફળ ભોગવે છે.'

શ્રી જયંતભાઈએ પિતાની માંદગી વખતે ખડે પગે જે સેવા કરી, તેમાં પિતૃભક્તિનો પરમ પ્રકાશ પડયો છે. તે માટે અમે તેમની કયા શબ્દોમાં પ્રશંસા કરીએ ?

અનુભવી પુરુષોએ કહ્યું છે કે 'સોળ વરસનો સુત થયો, તબ તે મિત્ર સમાન.' આ ઉક્તિ શ્રી જયંતભાઈના સંબંધમાં સાવ સાચી પડી હતી. શ્રી માવજીભાઈનો પિતા સાથેનો સંબંધ પ્યારા પુત્ર કરતાં એક દિલોજાન મિત્ર જેવો વિશેષ બની ગયો હતો. અન્ય શબ્દોમાં કહીએ તો તેમની વચ્ચે સોનેરી સ્નેહની અપ્રતિમ કડીઓ જોડાઈ ગઈ હતી. આજે તો એ જોડલી ખંડિત થઈ ગઈ છે, પણ તેની યાદ કદી વિસરાશે નહિ.

શ્રી જયંતભાઈને પોતાના ધીકતા ધંધા અંગે અન્ય બાબતો માટે સમય બહુ ઓછો મળે છે, આમ છતાં સેવાનો પ્રસંગ આવ્યે તેઓ પોતાનું કર્તવ્ય બજાવ્યા વિના રહેતા નથી. તેમણે નાની ઉંમરમાં જે લોકપ્રિયતા મેળવી છે, તે તેમના ઉજ્વલ ભાવીની આગાહી કરે છે. ખરૂં કહીએ તો આગામી બનાવો તેમની છાયા પ્રથમથી જ પાડે છે.

[૧૧]

# નિવૃત્તાવસ્થા

માનવજીવનની ત્રણ અવસ્થાઓ ગણાય છે: બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા. તેમાંની પહેલી બે અવસ્થાઓ શ્રી માવજીભાઈ વટાવી ચૂક્યા હતા, પરંતુ શાળાની નોકરી ચાલુ હતી અને સંચાલકો તેમને છૂટા કરવા રાજી ન હતા.

અનેક વાર શ્રી જયંતભાઈએ કહ્યું હતું: "પિતાજી! હવે તમારે નોકરી કરવાની કોઈ જરૂર નથી. આપણો ગૃહ-વ્યવહાર સારી રીતે ચાલે છે, માટે રાજીનામું આપી શાળામાંથી છૂટા થાઓ."

ત્યારે શ્રી માવજીભાઈ કહેતા કે " જયંત! હજુ મારું શરીર સશક્ત છે, ઈન્દ્રિયો કામ આપે છે, તો આ પવિત્ર કાર્ય શા માટે છોડવું ? કામ વિના મને ગમશે નહિ, મારા દિવસો જશે નહિ.'

જયંતભાઈ કહેતા કે ' તમારી વાત બરોબર છે, પરંતુ હવે તમે નોકરી કરો, એ મને શોભતું નથી. હું ભણીગણીને

*આટલો આગળ વધ્યો અને તમે આ અવસ્થાએ નોકરી કરો, એ મારાથી સહન થતું નથી.'*

શ્રી જયંતભાઈ પિતાજીની શાંતિમય પ્રવૃત્તિ ચાલુ રહે એ માટે યોગ્ય સ્થાન વિચારી રહ્યા હતા, એટલામાં તેમના એક ઘરાકને દુકાન અને કારખાનું એ બે ન સંભાળી શકવાને કારણે દુકાન કાઢી નાખવાની જરૂર ઊભી થઇ અને તેણે શ્રી જયંતભાઈને કહ્યું કે ' કોઈ ઘરાક હોય તો ધ્યાન રાખજો. આપણે દુકાન કાઢી નાખવી છે.'

શ્રી જયંતભાઈને આ વાત ધ્યાનમાં રહી અને તે માતા-પિતા સમક્ષ રજૂ કરી. આ વખતે નાનાભાઈને ધંધાકીય જ્ઞાન મળે તે માટે કોઈ દુકાને બેસાડવો હતો, એટલે વડીલોની સંતિમપૂર્વક આ દુકાન ખરીદી લીધી.

જ્યારે દુકાનનો વહીવટ બરાબર ચાલવા લાગ્યો, ત્યારે શ્રી માવજીભાઇ નિશાળ છોડવામાં સંમત થયા. આ સંબંધમાં બાબુ પન્નાલાલ પૂરણચંદ જૈન હાઇસ્કૂલના સંચાલકોને ખૂબ ખૂબ વિનંતિ કરતાં તેમણે ઘણાજ દુભાતા દિલે શ્રી માવજી-ભાઈને છૂટા થવાની રજા આપી.

શ્રી માવજીભાઈએ શિક્ષકમંડળ તથા વિદ્યાર્થિઓની રજા લઈ પોતાની આ પ્યારી શાળાને નમસ્કાર કર્યા અને વિદાય લીધી ત્યારે તેમનું હૈયું ભારે હતું અને તેમની આંખમાંથી આંસુ ટપકી પડયાં હતાં. શાળા પ્રત્યેના તેમના આ પ્રકારના સદ્‌ભાવે જ તેમને મહાન બનાવ્યા હતા અને શિષ્યરૂપીસંપત્તિ વિપુલ પ્રમાણમાં આપી હતી. કોઈ પણ

કાર્ય એકનિષ્ઠાથી કરવામાં આવે તો તેનું યોગ્ય ફળ મળ્યા વિના રહેતું નથી.

સને ૧૯૫૭માં શાળામાંથી નિવૃત્તિ લીધા બાદ શ્રી માવજીભાઈએ પોતાની વાસણની દુકાને જવા માંડ્યું અને તેનાં કામકાજમાં રસ લેવા માંડ્યો, પરંતુ તેમનું આંતરિક વલણ તો જ્ઞાનાભિમુખજ હતું. એટલે તેઓ દુકાને જતા, ત્યારે સારાં સારાં પુસ્તકો પોતાની સાથે લઈ જતા અને જરા પણ સમય મળ્યો કે તેનું વાંચન શરૂ કરી દેતા. ઘણી વાર તેઓ પ્રસંગાનુસાર કાવ્યરચના કરી પોતાનું દિલ બહેલાવતા. અહીં એટલી નોંધ કરવી જોઈએ કે તેમને કોઈપણ વિષય પર કાવ્યરચના કરવાનું મન થતું તો એકજ સ્થળે બેસી ટૂંક સમયમાં કરી લેતા. તે માટે વિશેષ સમય લાગતો નહિ.

મુંબઈમાં જ્યારે ખેતવાડી સાતમી ગલીમાં લાયક જગ્યા મળી, ત્યારે તેઓ મુંબઇ રહેવા આવી ગયા હતા, એટલે દુકાને જવા–આવવામાં ખાસ અડચણ પડતી નહિ. તેઓ પોતાના રોજિંદા કાર્યક્રમથી પરવારીને શાંતિથી દુકાને જતા.

આ નિવૃત્તિકાલ લગભગ આઠ વર્ષ ચાલ્યો. દરમિયાન શ્રી માવજીભાઇએ અનેક તીર્થોની યાત્રા કરી. તેઓ યાત્રા દરમિયાન અને ત્યાર પછી પણ અવારનવાર સૌને કહેતા કે ‘ભગવાન રામચંદ્રજીના સમયમાં શ્રવણે કાવડ ઉપર મા-બાપને જાત્રા કરાવી, ત્યારે અત્યારના સમયની સગવડતાએ ટ્રેનમાં, મોટરમાં અને વિમાનમાં શ્રી જયંતભાઈ અમને જાત્રા

કરાવી રહ્યો છે. ખરેખર! એ આજના યુગનો શ્રવણ છે! તેના અમે કેટલાં મુખે વખાણ કરીએ?'

હવે ધન ખર્ચવાની સ્થિતિ ઉત્પન્ન થઈ હતી; એટલે તેમણે દાનપુણ્યનાં કાર્યો પણ સારા પ્રમાણમાં કર્યાં. શ્રી જયંતભાઈ અનેક સંસ્થાઓમાં પિતાજીના નામે તેમના દ્રવ્યનો સદુપયોગ કરી પુત્ર તરીકેની પવિત્ર ફરજ અદા કરી રહ્યા હતા. તેમનું એ મંતવ્ય હતું કે પિતાની હયાતીમાં જે કંઈ દાન થઈ શકે તે કરવું. એથી તેમને અને પોતાને જે ઉલ્લાસ થશે, તે તેમની ગેરહાજરીમાં થવાનો નહિ.

કોઈ મહાપુરુષે ઠીક જ કહ્યું છે કે–

**पूज्यपूजा दया दानं, तीर्थयात्रा जपस्तपः ।**
**श्रुतं परोपकारश्च, मर्त्यजन्मफलाष्टकम् ॥**

અર્થાત્ પૂજ્યોની પૂજા, દયા, દાન, તીર્થયાત્રા, જપ, તપ, શાસ્ત્રાભ્યાસ અને પરોપકાર, એ આઠ મનુષ્યજન્મનાં મધુર ફળો છે. અહીં પૂજ્ય શબ્દથી દેવ, ગુરુ તથા વડીલ સમજવાના છે.

સત્પુત્રોનું કર્તવ્ય એ જ છે કે વૃદ્ધાવસ્થામાં માતા-પિતાની સેવાચાકરી કરવી, તેમને તીર્થોની યાત્રા કરાવવી, તેમને યથેચ્છ દાન–પુણ્ય કરવાની સગવડ કરી આપવી અને કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તેની ખાસ કાળજી રાખવી.

ઘણી વખત બે પુત્રો ઘરમાં હોય અને તેમાંનો એક પુત્ર ફરજ અદા કરે અને બીજો ન કરે, ત્યારે વિસંવાદી સ્થિતિ

ઉત્પન્ન થાય છે, પણ આવા સમયે પોતાનું કર્તવ્ય સમજનાર પુત્રે દિલ દઈને પોતાનું કર્તવ્ય બજાવવું જોઈએ. બીજો તે કર્તવ્ય બજાવે છે કે નહિ, તે જોવાની કંઇ પણ આવશ્યકતા નથી.

માતા-પિતા તો તીર્થ સમાન છે. એ વાત સાવ ભૂલાઈ જવાથી આજે ઘર-ઘરમાં દુઃખદ દશ્યો નજરે પડે છે અને તે આપણી અવનતિનું પ્રબળ સૂચન કરે છે. ઘણી વખત પુત્ર-પુત્રીઓ ઉંમર લાયક થતાં વૃદ્ધ માબાપને તરછોડે છે અને તેમને ડોસા-ડોસી કહીને બોલાવે છે, ત્યારે મનને દુઃખ થાય છે કે આ તે શું શિષ્ટ વાણીનો વ્યવહાર છે? શું એ પોતે કોઈ વાર ડોસા-ડોસી થવાનાં નથી?

સંવત્ ૨૦૨૧ના ચૈત્ર સુદ ૩ તા. ૪-૪-૬૫ રવિવાર ના રોજ બોરીવલી-દોલતનગર ખાતે શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં શ્રી માવજીભાઈની છબી મૂકવાનો વિધિ થયો, ત્યારે પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્ય શ્રી વિજયરામસૂરિજી મહારાજ, પ. પૂ. આચાર્ય શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મહારાજ તથા અન્ય મુનિવરોની નિશ્રામાં સુંદર સમારોહ થયો હતો. આ પ્રસંગે વક્તાઓએ શ્રી માવજીભાઈની સેવાઓને સુંદર અંજલિઓ આપી હતી અને પ. પૂ. આચાર્ય શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજે તેમને "**શિક્ષકસમ્રાટ્**" તરીકે સંબોધ્યા હતા. તથા તેમણે દીર્ઘકાલ પર્યંત ધાર્મિક શિક્ષણ આપીને હજારો વિદ્યાર્થીઓના જીવનમાં સુસંસ્કારોનું આરોપણ કર્યું, તેની ભૂરિ ભૂરિ અનુમોદના કરી હતી. આ

પ્રસંગે આગંતુકોને તથા બોરીવલી સંઘના મુખ્ય કાર્યકર્તાઓને જમણ અપાયું હતું.

શ્રી માવજીભાઈ શિક્ષકપદેથી નિવૃત્ત થતાં બાકીનો સમય પસાર કરવા તેમની સ્ટેનલેસ સ્ટીલની દુકાને બેસતા હતા કે જે મેસર્સ મહેન્દ્ર એમ. શાહ એન્ડ કું.ના નામથી પ્રસિદ્ધ હતી. સમય જતાં જ્યારે તેમની તબિયત લથડવા લાગી અને દુકાને જવાનું અશક્ય લાગ્યું, ત્યારે તેમણે આ પ્રવૃત્તિ છોડી. આમ છતાં તેમની લેખનપ્રવૃત્તિ તો ચાલતી જ રહી. તેમના મૃત્યુ પૂર્વે એક માસ પહેલાં તેમણે છેલ્લું કાવ્ય મુંબઈની લાલબાગની ધર્મશાળાના ઉદ્‌ઘાટન સંબંધી મંદાક્રાંતા છંદમાં રચ્યું હતું, જે તેમના મોટા પુત્ર શ્રી જયંતભાઈએ ત્યાં મંડપમાં મોટી માનવમેદની વચ્ચે ગાઈ સંભળાવ્યું હતું. પાઠકોની જાણ માટે તે અહીં ઉદ્‌ધૃત કરવામાં આવે છે :—

## નમ્ર અંજલિ

[ મન્દાક્રાન્તા છન્દ : ]

છે સૌરાષ્ટ્રે સરળજનનું પરવડી નામ ગ્રામ,
ત્યાં જન્મ્યા'તા કમલસૂરિજી ભવ્યનેત્રાભિરામ;
આવે તેને મધુરવચને ધર્મપંથે જ વાળે,
ઠાર્યાં'તાં મે સૂરિજી નયનો જોઈને બાલ્યકાળે....(૧)

તે સૂરિના પટ્ટધર થયા પુણ્યશાળી સૂરીશ,
　　નામે જેઓ ગુણિયલ હતા મોહનાદિ સૂરીશ;
તેની પાસે પરમ વિભૂતિ શ્રી પ્રતાપાદિસૂરિ,
　　આજે જેઓ જગતભરને બોધ દે ભૂરિ ભૂરિ....(૨)

આજે તેઓ મુનિજીવનનો દીર્ઘ પર્યાય ધારે,
　　આજે તેઓ યુવકજનની જેમ દે કામ ભારે;
આવી આજે પરમ વિભૂતિ ક્યાંય જોતાં જડે ના,
　　વંદુ આજે ચરણકમળો ભાવનાથી જ તેનાં....(૩)

તેઓશ્રીના પટ્ટધર મુનિ ધર્મસૂરીશ આજે,
　　આજે જેઓ જગતભરમાં મેઘની જેમ ગાજે;
તે સૂરિજી વિધવિધ કળે કામ આજે કરે છે,
　　આર્તો કેરી દુ:ખદ ઘટના સાંભળીને હરે છે....(૪)

જ્યારે લોકો ગ્રહયુતિ તણા સંકટોથી ઘવાયા,
　　આ સૂરિથી સકલ યત્નો શાન્તિ માટે કરાયા;
શાળા ઉંચી સૂરિવર તણા યત્નથી તો સ્થપાઈ,
　　તેની સાથે હીરસૂરિ તણી યાદ કીધી સવાઈ....(૫)

હે સૂરિજી! તમ હૃદયમાં માનવોની દયા છે,
　　તેથી લોકો નિજ હૃદયમાં ધારણાને ધરે છે;
સાધર્મિની પ્રતિપદ તમે ભવ્ય સેવા કરો છો,
　　તો સૂરિજી! બહુ બહુ રીતે પુણ્ય ભાવો ભરો છો....(૬)

સૂરિ ! આપે ભગીરથ બળે ધર્મશાળા કરી છે,
તેથી આજે જનગણુતણી ત્રૂટિ મોટી હરી છે;
તેની સાથે કલીનીક અને ભોજનાલય મજેના,
જૈનો માટે જગતભરમાં જોડ જેની જડે ના....(૭)

વિદ્વત્તામાં કદિ નવ હઠે શિષ્ય એવા તમારા,
તેઓ સર્વે વિવિધ બળથી રે કરે કામ સારાં;
જ્યાં જ્યાં આપે મનપર ધર્યું તીર્થભૂમિ વસાવી,
જૈનો માટે જનગણ થકી કામ લીધાં હસાવી....(૮)

પૂછે કોઇ કદી નવજનો ભાવ ચેમ્બુર કેરાં,
ત્યાં કીધાં છે અભિનવ બહુ ભવ્ય તો "જૈન દેરાં;"
આ સૂરિના પ્રબળ યત્ને ભવ્ય ભૂમિ બને છે,
યાદી આપે ભવિક જનને લોચણીરૂપ જે છે....(૯)

આ સંસ્થા તો પરમ વિભૂતિ જૈન કેરી ગણાશે,
તેના લાભો નીતિ-રીતિ વડે લોક લેતાં જણાશે;
આવાં કામો સૂરિજી સઘળે આપનાથી સધાય,
સર્વે ઇચ્છે સૂરિવર જગે રે ચિરાયુ જ થાય....(૧૦)

[ ૧૨ ]

# વ્યક્તિત્વ

શ્રી માવજીભાઇનું વ્યક્તિત્વ એક અનેરી ભાત પાડી જતું હતું. શૂન્યમાંથી અનેક આંકડાઓ સર્જાય તેમ તેમના જીવનની પ્રતિભા સમય જતાં અનેક રીતે સર્જાતી જતી હતી. વામનમાંથી વિરાટરૂપે તેમની પ્રતિભા દિવસોદિવસ વધતી રહી હતી.

શ્રી માવજીભાઈના શરીરની કાઠી પાતળી હતી, ઉંચાઈ સમધારણ હતી, રંગ ઘઉંવર્ણો હતો.

તેઓ ધોતિયું, ખમીશ અને લાંબો ડગલો પહેરતા, તથા માથે ભાવનગરી ફેંટો બાંધતા. ઘણા ભાગે ગાંધીજીની ચળવળ દરમિયાન તેમણે આ ફેંટો છોડયો હતો અને ટોપી ધારણ કરી હતી.

એક વખતે એક સભામાં મહાત્મા ગાંધીજીનું પ્રવચન હતું, ત્યારે શ્રી માવજીભાઈને એ સભાનું પ્રમુખસ્થાન લેવું પડેલું.

દારૂબંધીના પ્રસંગ વખતે મુંબઈ સરકારે સુંદર કાવ્ય લખવા માટે ઈનામ જાહેર કરેલું, ત્યારે શ્રી માવજીભાઈના કાવ્યની યોગ્યતા જોઈ, તેમને પ્રથમ ઈનામ આપેલું.

તેઓ રોજ સવારના લગભગ પાંચ વાગે ઉઠી જતા અને શૌચાદિથી પરવારીને લેખન કે વાંચનની પ્રવૃત્તિ કરતા. આ રીતે લગભગ એક કલાક વીત્યા બાદ તેઓ દાતણ તથા ચાહપાણી કરી, સ્નાન કરતા અને ત્યારબાદ દેવદર્શનનો વિધિ પતાવી, નવકારવાળીઓ ગણવામાં નિમગ્ન થતા. પછી ભોજનાદિ પતાવીને દશની ગાડી પકડતા.

તેઓ મુંબઈમાં આવીને સહુથી પ્રથમ શ્રી ગોડીપાર્શ્વનાથના ભાવપૂર્વક દર્શન કરતા અને તેથી પોતાને કૃતાર્થ થયેલા માનતા. શિયાળો હોય, ઊનાળો હોય કે ચોમાસાના દિવસો ચાલી રહ્યા હોય, પણ શ્રી માવજીભાઈ શ્રી ગોડીપાર્શ્વનાથનાં દર્શન કરવાનું ચૂકતા નહિ. કદાચ કોઈ કાર્યવશાત્ શાળાએ જતાં પહેલાં તેમને દર્શન કરવાનો સમય રહેતો નહિ, તો શાળાએથી છૂટીને તેઓ સીધા શ્રી ગોડીપાર્શ્વનાથનાં દર્શન કરવાને જતા અને ત્યાર પછી જ બીજાં કામો હાથ ધરતા. જેને શ્રી જિનેશ્વરદેવ પ્રત્યે આ પ્રકારની શ્રદ્ધા હોય, તેના જીવનમાં કલ્યાણની કુમકુમ પગલીઓ પડયા વિના કેમ રહે ?

શાળાનો સમય ૧૧ થી ૫ નો રહેતો. તે દરમિયાન તેઓ એકધારું કામ કરતા અને ત્યાંથી છૂટયા બાદ સંજોગો અનુસાર સવાર–સાંજ એકાદ ટયુશન પણ આપતા. સાંજના કેટલાંક વર્ષો સુધી નેપચ્યુન એસ્યુ. કું. લી. ના મેનેજીંગ

ડીરેકટર શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાને ત્યાં તેઓ ધાર્મિક શિક્ષણની ચર્ચા વગેરે માટે જતા હતા.

સાંજના ભોજન બાદ રાતના સમયે તેમનું લેખનકાર્ય શરૂ થતું. આ સમય દરમિયાન તેમણે સુંદર પુસ્તકો અને કાવ્યો લખેલાં છે.

તેઓ ઘણા નિયમિત હતા. લખવા બેસતા કે વાંચવા બેસતા, તો તે માટે જેટલો સમય નિયત કર્યો હોય, તેટલો જ સમય તેમાં ગાળતા અને ત્યારબાદ અન્ય કાર્ય હાથ ધરતા. ઘડિયાળ હંમેશાં તેમની સામે જ રહેતી.

આહાર અને વિહારમાં પણ તેમની નિયમિતતાનાં અવશ્ય દર્શન થતાં. આમ છતાં બિમારી કોઈ કોઈ વાર તેમની મુલાકાત લઈ જતી. પરંતુ એકંદર તેમનું આરોગ્ય સારું રહેતું અને તેથી કાર્ય કરવાની સ્ફુર્તિ સારા પ્રમાણમાં જળવાઈ રહેતી.

તેમના વર્તનમાં વિનય હતો, ભાષામાં મધુરતા હતી અને વિચારોનું વલણ મોટા ભાગે સુધારા તરફ હોવા છતાં પ્રાચીન પરંપરા પ્રત્યેનો આદર જરાયે ઘટયો ન હતો.

શ્રી માવજીભાઈ વિનમ્ર ઘણા હતા. તેઓ કોઈની સાથે વાત કરતા હોય કે કોઈ અગત્યના વિષય અંગે ચર્ચા કરતા હોય, પણ તેમની આ વિનમ્રતા તરી આવ્યા સિવાય રહેતી નહિ. તેઓ કોઈ સભા–મેળાવડામાં કે પ્રતિક્રમણ અથવા વ્યાખ્યાનમાં ગયા હોય તો આગળ બેસવાની ઈચ્છા રાખતા

નહિ. જો કોઈનું ધ્યાન જાય અને આગળ લઈ જઈ બેસાડે તો જુદી વાત. આવી તો તેમની સરળતા હતી.

શ્રી માવજીભાઈ આર્થિક સમસ્યાઓથી પર થયા, ત્યારે શ્રી જયંતભાઈએ કારણવશાત્ કોઈ આર્થિક પ્રશ્ન તેમની સામે ધર્યો હોય તો મોટા ભાગે ઉદાસી વલણ ધારણ કરતા. સાંસારિક બાબતો પરત્વેની ઉદાસીનતાને સાધુતાનું એક લક્ષણ માનીએ, તો તેમનામાં આ લક્ષણ પાછલી ઉંમરે સારી રીતે વિકાસ પામ્યું હતું.

તેમના મિત્રો ઠીક ઠીક સંખ્યામાં હતા. શ્રી ભાઈલાલ છોટાલાલ પટેલે અને તેમણે બન્નેએ એક શિક્ષક તરીકે કારકીર્દી શરૂ કરતાં જે મિત્રતા બંધાઈ, તે સ્વભાવના મેળના કારણે જીવનના અંત સુધી સચવાણી હતી અને આજે પણ શ્રી ભાઈલાલભાઈનો આ કુટુંબ પ્રત્યે એટલો જ પ્રેમ છે.

શ્રી ભાઈલાલભાઈએ સમય જતાં શિક્ષકપદ છોડી ધંધામાં ઝંપલાવ્યું હતું અને તેમની સુંદર આવડતને કારણે બ્રીટીશ ગવર્નમેન્ટે તેમને O. B. E. નો ખિતાબ આપ્યો હતો. તેમણે એક વખત મુંબઈના ટેક્ષટાઈલ કમીશ્નર તરીકે પણ સુંદર કામગીરી બજાવી હતી. આવા ઉચ્ચ સ્થાને પહોંચવા છતાં તેમની મૈત્રી એકધારી રહી હતી.

શ્રી છગનલાલ કરસનજી જોશી તેઓની સાથે બાબુ પન્નાલાલ શાળામાં ગુજરાતી વિભાગના હેડમાસ્તર હતા. તેમની મૈત્રી પણ સ્વભાવની ઐકયતાના કારણે જેવી ને તેવી

રહી હતી. શ્રી છગનભાઈના અવસાનથી તેમને એક પોતાનો સગો ભાઈ ગુમાવ્યા જેટલું અનહદ દુઃખ થયું હતું.

શ્રી નરોત્તમભાઈ ધનજીભાઈ 'શેરબજારમાં પોતાનું કામકાજ ચલાવે છે. તેઓ પણ અવારનવાર તેમને મળી ધાર્મિક ચર્ચાઓ કરતા અને જો કદાચ ન મળાયું હોય તો ટેલીફોન પર વાર્તાલાપ કરીને સંતોષ માનતા.

આમ તેમના મિત્રો સમવયસ્ક તથા તેમના મનમેળ-વાળા હોઈ તેમને ખૂબ આનંદ આપતા.



[૧૩]

# અંતિમ દિવસો

સને ૧૯૬૪ના સપ્ટેમ્બર માસમાં દાંતના ચોકઠા પર બોજો પડતાં શ્રી માવજીભાઈના જમણા ગાલ પર મોટો સોજો આવી ગયો અને તે પીડા કરવા લાગ્યો. આથી કુશળ ડોકટરોની સારવાર લેવામાં આવી અને તેમની સલાહ અનુસાર શસ્ત્રચિકિત્સા કરાવી; પરંતુ રોગે મચક આપી નહિ. મુંબઈના લગભગ બધાજ નામાંકિત ડોકટરોને બતાવવા છતાં કુદરત જશ આપવા તૈયાર હોય તેમ લાગતું ન હતું. એ તો દુર્દાંત શત્રુની જેમ અણનમ જ રહ્યો અને શ્રી માવજીભાઈના ધૈર્યની કસોટી કરવા લાગ્યો. પરંતુ શ્રી માવજીભાઈ જૈન માતાના ખોળામાં ઉછર્યા હતા અને જૈન ધર્મનું સુંદર શિક્ષણ પામ્યા હતા, એટલે તેને કર્મનો ઉદય માનીને શાંતિપૂર્વક સહન કરવા લાગ્યા.

હવે દુકાને જવાનું માંડી વાળ્યું હતું. તેઓ મોટાભાગે ઘેર જ રહેતા અને ક્વચિત્ જ બહાર નીકળતા.

કેટલીક વાર સાધુ મહારાજો, સાધ્વીજી મહારાજો તથા આચાર્ય ભગવંતો ઘરે પધારતા અને સારો એવો સમય સ્થિરતા કરી તેમની સાથે ધર્મની ચર્ચાઓ કરતા. વળી ધાર્મિક પુસ્તકોનું શ્રવણ કરવામાં પણ તેમનો ઠીક ઠીક સમય પસાર થતો. શ્રી અમૃતબેન, વિમલાબેન તથા જયંતભાઈ તેમની પાસે બેસતા અને તેમનું દુઃખદર્દ વિસારે પડે એ જાતનો વાર્તાલાપ કરતા તથા તેમની દરેક સગવડ પર બારીકાઈથી ધ્યાન આપતા. તેમની પુત્રવધૂ હંસાબહેન પણ તેમની સેવા-ચાકરીમાં ભાગ લેતા હતા. શ્વસુરની સેવા એ પિતાનીજ સેવા છે અને તે કલ્યાણ તથા સૌભાગ્યની વૃદ્ધિ કરનારી નીવડે છે.

શ્રી જયંતભાઈ તેમના ધંધાના અતિશય બોજા વચ્ચે પણ પિતૃસેવાને પ્રથમ સ્થાન આપી પોતાની જાતને ધન્ય કરી રહ્યા હતા. શ્રી જયંતભાઈ તેમના પિતાને માંદગી દરમિયાન જ્યાં સુધી અનુકૂળતા હતી, ત્યાં સુધી રોજ સવારે ફરવા લઈ જતા અને દેવદર્શન કરાવતા. સવારે ચા-પાણી પણ તેઓ જ કરાવતા. સવારે ૮-૦ વાગે ઓફિસે જતાં પહેલાં તેમને આપવાની વસ્તુઓ આપીને જ જતા. ૧૦-૩૦ વાગે જમવા આવે ત્યારે તેમની જરૂરીઆત પ્રમાણે ભોજન કે ચા-પાણી પોતાની જાતે ધ્યાનથી કરાવતા. બપોરે ૨-૦ વાગે ગમે ત્યાંથી પાછા આવી તેમની જરૂરીઆતો પર ધ્યાન આપતા. સાંજે ૫-૩૦ વાગે પણ પાછા ઘરે આવતા અને પોતાની ફરજ અદા કરતા. સાંજના ઓફિસેથી પાછા આવતાં પણ એ જ રીતે પૂરતી કાળજી રાખી દવા તથા ખાનપાનનું ધ્યાન રાખતા.

ઘણી વખત એક સ્થળે તેમનો કેસ ચાલતો હોય તો અધૂરો રાખી અર્ધા કલાક કે કલાકના સમયની રજા લઈ ઘરે આવી પાછા કેસમાં જતા. આમ પિતૃસેવાને પ્રથમ સ્થાન આપી તેમણે પોતાની પવિત્ર ફરજ અદા કરી હતી.

શ્રી જયંતભાઈએ પોતાની સ્થિતિ અનુસાર ઘણા નિષ્ણાત ડોકટરોની સલાહ લઈને થઈ શકે તેવો સઘળો પ્રયત્ન કર્યો હતો, પણ કુદરતનો નિર્ણય કંઈક જુદો જ હતો.

કોઈક વાર કામને લીધે આવવામાં પાંચ-દશ મિનિટ મોડું થતું તો શ્રી માવજીભાઈ જરા પણ ઉચાટ ન કરતા, પરંતુ જયંતભાઈને તે માટે ઘણો અફસોસ રહેતો અને મનમાં ખૂબ જ દુઃખી થઈ જતા. આટલી સુંદર સેવા કરવા છતાં, તેમને એમ જ લાગ્યા કરતું કે હું તેમની પૂરી સેવા કરી શકયો નથી.

સં. ૨૦૨૧ના અષાડ સુદ ૧૧ ને શુક્રવારનો દિવસ હતો. અંગ્રેજી તારીખ ૯ મી જુલાઈ ૧૯૬૫નો દિવસ બતાવી રહી હતી.

કેટલાક દિવસથી શ્રી અમૃતબહેન જયંતભાઈને એમ કહેતા હતા કે 'હમણાં એક અઠવાડિયું કામ બંધ કરીને ઘરે રહેવું, જેથી તારા બાપુજીને આનંદ થાય.' આથી જયંતભાઈ ગુરુવારે રાત્રે માણસોને કામો ભળાવીને ઘરે આવ્યા હતા. હવે એક અઠવાડિયું ઘરે રહેવાનો જ તેમનો સંકલ્પ હતો.

શુક્રવારે સવારે ૮-૦ વાગવા છતાં શ્રી જયંતભાઈ તૈયાર ન થયા, ત્યારે તેમના પિતાજીએ પૂછ્યું કે 'કેમ ભાઈ! આજે ઓફિસે જવું નથી કે શું?' ત્યારે જયંતભાઈએ કહ્યું કે 'ના, મારે હમણાં તમારી પાસે જ રહેવું છે.'

વળી ૧૦-૩૦ વાગે શ્રી માવજીભાઈએ પૂછ્યું કે 'ઇન્કમટેક્ષ ઓફિસે નથી જવું?' ત્યારે જયંતભાઈએ જવાબ આપ્યો કે 'ના, મેં તારીખ લીધી છે. હું ઘરે જ રોકાવાનો છું.'

લગભગ ૧૧-૦ વાગે ઘરના બધા માણસો ભોજનેથી પરવારીને તેમની પાસે બેઠા હતા. ૧૨-૦ વાગે શ્રી જયંતભાઈને થયું કે આજે ઘેર છું તો લાવને મોટા ડોકટરને બોલાવી સલાહ લઉં! એ રીતે તેઓ મોટા ડોકટરને બોલાવી લાવ્યા અને તેમની સલાહ લીધી. ત્યાર પછી નિયમ પ્રમાણે તેમના ફેમીલી ડોકટર આવીને તબિયત જોઈ ગયા. પરંતુ તે વખતે તબિયતમાં બગાડનાં કોઈ ખાસ ચિહ્નો જણાયાં નહિ.

બપોરના ૧-૪૫નો સમય થયો, ત્યારે પણ તેમની તબિયતમાં ખાસ બગાડો ન હતો. આમ છતાં આ દિવસ તેમના માટે ઘાતક નીવડયો. કાલનો કરાલ પંજો મનુષ્ય પર ક્યારે પડશે, તે કોણ કહી શકે?

અચાનક તેમને છાતીમાં દુખવા લાગ્યું, શ્વાસ ઘૂંટાવા મંડયો. આ વખતે ઘડિયાળનો નાનો કાંટો બેના આંકડા પર પહોંચ્યો હતો.

આ સ્થિતિને ગંભીર સમજી શ્રી અમૃતબહેન, શ્રી

જયંતભાઈ, શ્રી વિમલાબહેન તથા શ્રી હંસાબહેન તેમને નમસ્કારમંત્ર સંભળાવવા લાગ્યા. તે સાથે તેમને અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શરણુ અંગીકાર કરાવ્યું. શ્રી માવજીભાઈએ આંખ ખુલી હતી તે બંધ કરી ખોલી નાખી અને મોઢું ખુલ્લું હતું તે બંધ કરી ખોલી નાખ્યું. બસ, આ છેલ્લી ક્રિયા બે ઉપર બે મીનીટે થઈ અને તેમણે આ નશ્વર દેહનો ત્યાગ કરી પરલોક તરફ પ્રયાણ કર્યું.

સૌના હૃદય પર જાણે વીજળી પડી. આંચકો અસહ્ય હતો. એ દુઃખને વર્ણવવા માટે શબ્દો પૂરતા નથી. સૌની આંખમાંથી ચોધારા આંસુઓ વહી રહ્યા હતા. જાણે કે અષાઢો મેહ! હવે તેમનાં દર્શન કાયમ માટે નષ્ટ થયાં છે, તેમના હિતવચનો સાંભળવા મળશે નહિ, એ વિચારે સહુના હૃદયને ઊંડો આઘાત થયો હતો. મનુષ્ય ગમે તેટલો ધીર-ગંભીર હોય તો પણ પોતાના વડીલના વિયોગથી વિહ્વળ બની જાય છે અને તેનું હૈયું હચમચી ઉઠે છે.

આ વખતે શ્રી અમૃતબહેન, શ્રી જયંતભાઈ, શ્રી હંસાબેન વિમળાબેન તથા તેમનાં બાળકો હાજર હતાં. તેઓ છેલ્લી ઘડીએ પાસે રહી શક્યાં, અને અંત સમયની આરાધના કરાવી શક્યાં, એ બાબત દિલમાં સંતોષ હતો.

સગાંવ્હાલાં તથા મિત્રોને ખબર પડતાં તેઓ દોડી આવ્યાં અને એકાએક આ શું થયું? એ વિચારે અસ્વસ્થ બની ગયા. સહુના દિલમાં ઘેરા શોકની છાયા ઢળી ગઈ.

તેમની સ્મશાનયાત્રા સોનાપુર તરફ ચાલી. એ વખતે

મોટો જનસમૂહ એકત્ર થઈ ચૂકયો હતો. સોનાપુર પહોંચ્યા અને અંતિમ ક્રિયા શરૂ થઈ ગઈ. એ વખતે સહુના મુખમાં થી એક જ શબ્દો નીકળતા હતા : “ શ્રી માવજીભાઈ તો જીવનને સાર્થક કરી ગયા, કંઈકના જીવનશિલ્પી બની ગયા. તેમની ખોટ તેમના કુટુંબને, સગાસંબંધીઓને કે મિત્રોને જ નહિ, પણ સારાયે જૈન સમાજને ચિરકાલ પર્યંત સાલશે. ઉપરાંત સાધુ–સાધ્વીઓને પણ તેમના જ્ઞાનની ખોટ જણાશે.’

મનુષ્યનું સાચું મૂલ્યાંકન તેના મૃત્યુ પછી જ થાય છે. ઉક્ત શબ્દોમાં શ્રી માવજીભાઈના જીવનનું સાચું મૂલ્યાંકન હતું, એમ કોણ નહિ કહે ?

શ્રી માવજીભાઈના સ્વર્ગવાસ નિમિત્તે, તેમના ધાર્મિક ગુણોની અનુમોદના નિમિત્તે જે સભાઓ થઈ, જે ભાષણો થયાં તથા તેમના કુટુંબીજનો પર તાર અને પત્રથી દિલસોજીનો જે વરસાદ વરસ્યો, એ પણ તેમના જીવનની મધુર સુવાસની જ પ્રતીતિ કરાવે છે. તેમના કુટુંબીજનોને આશ્વાસન આપવા માટે કેટલાક દિવસો સુધી એકધારો માનવપ્રવાહ આવી રહ્યો હતો. ખરેખર ! તેમણે પોતાનું જીવન સાર્થક કર્યું હતું અને કદી પણ ન વિસરાય તેવી છાપ સહુના હૃદય પર અંકિત કરી હતી.

શ્રી માવજીભાઈની આ જીવનસ્મૃતિ સહુને સન્માર્ગની પ્રેરણા કરો, એ અભિલાષા સાથે તેની પૂર્ણાહુતિ કરીએ છીએ.

# શ્રદ્ધાંજલિ

[ ૧૪ ]

# મુંબઈમાં જૈનોની જાહેર સભા

શ્રી માવજીભાઈ સદ્‌ગત થયાના સમાચાર જેમ જેમ પ્રસરતા ગયા, તેમ તેમ સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો તથા સમાજના આગેવાનો તેમના ખેતવાડીના નિવાસસ્થાને આવતા ગયા અને તેમના અનેકવિધ ગુણોનું સ્મરણ કરવા પૂર્વક તેમના કુટુંબીજનોને દિલાસો આપવા લાગ્યા. જેઓ સાક્ષાત્‌ આવી શકે તેમ ન હતા, તેમણે તારો કરીને કે પત્રો પાઠવીને પોતાની દિલગીરી વ્યક્ત કરી અને દિલસોજીના સંદેશા મોકલી આપ્યા. શ્રી માવજીભાઈએ પોતાના જીવનમાં કેટલી સુવાસ પાથરી હતી, તેનો ખરો અંદાજ અત્યારે આવી રહ્યો હતો. ખરેખર ખૂબ જ અદ્‌ભુત્‌!

તા ૧૫-૭-૬૫ના રોજ મુંબઈની ૩૯ જેટલી જૈન સંસ્થાઓ તરફથી નીચે મુજબ હસ્તપત્ર બહાર પડ્યું :

**હસ્તપત્ર**

શ્રી. માવજી દામજી શાહનું નામ જૈન સમાજને સુપરિચિત છે. અઢાર વર્ષની ઉંમરે તેઓ મુંબઈ આવ્યા અને

બાબુ પન્નાલાલ પૂરણચંદ જૈન હાઈસ્કૂલમાં મુખ્ય ધાર્મિક શિક્ષક તરીકે જોડાયા. લાગલગાટ ૪૭ વર્ષ સુધી તેમણે આ સ્થાને રહીને હજારો વિદ્યાર્થીઓનાં મનમાં ધાર્મિક શિક્ષણના ઉત્તમ સંસ્કારો રેડ્યા, એટલું જ નહિ પણ પિતૃવાત્સલ્યથી માર્ગદર્શન આપી સેંકડો નવયુવાનોના રાહબર પણ બન્યા. તેઓ એક ઉત્તમ કોટિના વિચારક પણ હતા અને ફાજલ સમયમાં ધાર્મિક બોધદાયક પુસ્તકો લખતા હતા. તેમણે આજ સુધીમાં નાની મોટી ૭૬ જેટલી કૃતિઓ સમાજના ચરણે ધરી છે. વિશેષમાં તેઓ જૈન સમાજના ઉત્થાનની પ્રવૃત્તિઓમાં પણ સારો રસ લેતા હતા.

તેઓ તા. ૯–૭–૬૫ શુક્રવારના રોજ સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થતાં હજારો આંખો અશ્રુભીની બની છે અને તેમના કુટુંબ પર દિલસોજીના સેંકડો પત્રો આવી રહ્યા છે.

આવા એક જ્ઞાનદાતા, સરલ સ્વભાવી, ધર્મપરાયણ પુરુષના ધાર્મિક જીવનની અનુમોદના કરવા માટે મુંબઈના જૈનોની જાહેર સભા તા. ૧૮–૭–૬૫ રવિવારના રોજ બપોરના ૩–૦ વાગતાં શ્રી નમિનાથ જૈન ઉપાશ્રયમાં (ભીંડી બજારના નાકે) મળશે. આ પ્રસંગે પ. પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્ય શ્રી વિજય-પ્રેમસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજ, પ. પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી (શ્રી ચિત્રભાનુ) મહારાજ, પ. પૂ. પ્રવર્તક શ્રી જયાનંદવિજયજી

મહારાજ આદિ મુનિરાજો તથા અન્ય વકતાઓ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરશે. તો સર્વેને સમયસર પધારવા વિનંતિ છે.

નિવેદકો:

૧. શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ
૨. શ્રી મહાવીર જૈન વિદ્યાલય
૩. બાબુ પન્નાલાલ પૂરણચંદ જૈન હાઈસ્કૂલ
૪. જૈન એસોસીએશન ઑફ ઇંડિયા
૫. શ્રી નમિનાથ જૈન ઉપાશ્રય
૬. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન પેઢી–બોરીવલી
૭. ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ્
૮. શાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ
૯. જૈન ધાર્મિક શિક્ષણસંઘ
૧૦. જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ
૧૧. શ્રી જૈન શ્વે. કો. ઉદ્યોગગૃહ
૧૨. શ્રી હીરસૂરીશ્વરજી ગોડીજી જૈન સંસ્કૃત પાઠશાળા
૧૩. ગોઘારી જૈન મિત્રમંડળ
૧૪. શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ
૧૫. શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ
૧૬. જૈન વિદ્યાર્થીગૃહ અમરેલી
૧૭. શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ
૧૮. જૈન સાહિત્ય–પ્રકાશન–મંદિર
૧૯. શ્રી આત્માનંદ જૈનસભા–(ભાવનગર)
૨૦. મહુવા જૈન મંડળ

૨૧. તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહ
૨૨. શ્રી અમૃત સાહિત્યવર્ધક સભા–બોરીવલી
૨૩. શ્રી કેશરિયાજી જૈન ગુરુકુલ
૨૪. શ્રી અયોધ્યા જીર્ણોદ્ધાર કમીટી
૨૫. શ્રી ઘાટકોપર જૈન શ્વે. મૂ. સંઘ
૨૬. શ્રી માંગરોળ જૈન સભા
૨૭. શ્રી શકુંતલા કાંતિલાલ ઈશ્વરલાલ ગર્લ્સ હાઈસ્કૂલ
૨૮. શ્રી પરમાર ક્ષત્રિય જૈન ધર્મપ્રચારક સભા
૨૯. પ્રિન્સેસ સ્ટ્રીટ લુહારચાલ જૈન સંઘ
૩૦. લુહારચાલ જૈન ચૈત્ય પરિપાટિ
૩૧. જૈન મેડીકલ રીલીફ એસોસીએશન
૩૨. શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ
૩૩. ઝાલાવાડ જૈન શ્વે. મૂ. સંઘ
૩૪. શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ
૩૫. શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી
૩૬. શ્રી જૈન સાધર્મિક સેવાસંઘ
૩૭. શ્રી મહુવા યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમ
૩૮. શ્રી કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર
૩૯. રાધનપુર સોશ્યલ ગ્રુપ

ધીરજલાલ ટોકરશી શાહ
મનસુખલાલ તારાચંદ મહેતા
કન્વીનર

સમયને જતાં વાર ક્યાં લાગે છે? ત્રણ દિવસ તો ચપટીમાં ચાલ્યા ગયા અને રવિવારનો દિવસ આવી પહોંચ્યો.

બપોરના ૩–૦ વાગતાં શ્રી નમિનાથ જૈન ઉપાશ્રયમાં જૈનોની જાહેર સભા થઇ. તેમાં શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ, શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, શ્રી કેશવલાલ બુલાખીદાસ, શ્રી લક્ષ્મીચંદ દુર્લભજી, શ્રી મોતીલાલ વીરચંદ, શ્રી મુક્તિલાલ વીરવાડિયા, શ્રી મનુભાઈ દેસાઈ (બાબુ પનાલાલ પૂરણચંદ જૈન હાઈસ્કૂલના પ્રીન્સીપાલ), શ્રી સોમચંદ શંકરલાલ મહેતા, શ્રી શાંતિલાલ મોહનલાલ, શ્રી મનસુખલાલ ઓઘડભાઈ, શ્રી ફુલચંદ છગનલાલ, શ્રી રમણુલાલ ફુલચંદ, શ્રી શાંતિલાલ મગનલાલ, શ્રી ફતેહચંદ ઝવેરભાઈ, શ્રી પ્રાણુજીવન હ. ગાંધી, શ્રી છોટાલાલ ગીરધરલાલ શાહ, શ્રી જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ, શ્રી કાંતિલાલ કોરા વગેરે જૈન સમાજની અનેક જાણીતી વ્યક્તિઓ હાજર થઇ હતી. ઉપરાંત કેટલાક જનેતર બંધુઓ પણ ઉપસ્થિત થયા હતા. આખો ઉપાશ્રય સ્ત્રી–પુરુષોથી ચિકાર ભરાઇ ગયો હતો અને છેવટે સ્થાન ટૂંકું પડતાં આગંતુકોએ દાદર પર ઊભા રહીને પણ સભાની કાર્યવાહીમાં શાંતિપૂર્વક ભાગ લીધો હતો. ખાસ આમંત્રણથી શ્રી માવજીભાઈનાં કેટલાંક કુટુંબીજનો પણ આ સભામાં હાજર રહ્યા હતા.

વિશેષમાં આ સભાનું પ્રયોજન શ્રી માવજીભાઈના ધાર્મિક જીવનની અનુમોદના કરવાનું રખાયું હતું; એટલે પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજ, પ. પૂ. પ્રવર્તક શ્રી જયાનંદ વિજયજી મહારાજ તથા અન્ય મુનિરાજો પણ

આ સભામાં પધાર્યા હતા, અને તેથી આ સભાનું ગૌરવ ઘણું વધી જવા પામ્યું હતું. પૂજ્ય આચાર્યો તથા મુનિમહારાજો સમક્ષ આ જાતની સભા જૈન સમાજના ઇતિહાસમાં પહેલીવાર મળી હતી. નોંધપાત્ર બીના તો એ હતી કે આટલી વિશાળ હાજરી હોવા છતાં જરા પણ ઘોંઘાટ કે કોઈ પ્રકારની અવ્યવસ્થા થઈ ન હતી. બંને કન્વીનરો સભાની વ્યવસ્થા બરાબર જાળવી રહ્યા હતા.

શાંત અને ગંભીર વાતાવરણમાં સભાનું કામ શરૂ થયું. તેનો પ્રારંભ પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના મંગલાચરણથી થયો. તેની અસર અદ્ભુત થઈ. મહાપુરુષોના મુખમાંથી નીકળતી વાણી માનવહૃદયો પર ખરેખર! અજબ પ્રભાવ પાડે છે.

મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણસંઘના મુખ્ય મંત્રી શ્રી પ્રાણજીવનભાઈએ સભા અંગે પત્રિકાનું વાંચન કર્યું અને જૈન શિક્ષણ–સાહિત્ય–પત્રિકાના સંપાદક શ્રી કેશવલાલ મોહનલાલ શાહે ગંભીર વાણીથી નીચેનો શ્લોક ઉચ્ચાર્યો :

**शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।**
**दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ॥**

'સર્વ જગતનું કલ્યાણ થાઓ. લોકો પરહિતનાં કાર્યોમાં નિમગ્ન બનો. દોષો નાશ પામો અને સર્વત્ર લોક સુખી થાઓ.'

વિશ્વમૈત્રીની પવિત્ર ભાવનાથી પુલકિત થયેલી આ

પંક્તિઓ શ્રોતાઓના મનમાં ગુંજી રહી અને તેમનાં હૃદયોને વિકસ્વર કરવા લાગી. બાદ શ્રી કેશવલાલભાઈએ તેમની લાક્ષણિક છટાથી મહામંત્ર નમસ્કારની ધૂન લેવડાવી અને તેણે સમસ્ત વાતાવરણમાં પવિત્રતાનું પૂર રેલાવી દીધું.

ત્યારબાદ ધાર્મિક શિક્ષણના અનન્ય પ્રેમી, શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ શ્રી માવજીભાઈને ભાવભરી શ્રદ્ધાંજલિ આ પ્રકારે સમર્પિત કરી હતી :—

## શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

તમે સૌ જાણો છો કે આજની આ સભા સદ્‌ગત શ્રી માવજી દામજી શાહ, જેમણે પોતાનું સમગ્ર જીવન સાહિત્ય અને શિક્ષણક્ષેત્રે અર્પણ કર્યું છે, તેમના ધાર્મિક જીવનની અનુમોદના અર્થે મળેલી છે

છેલ્લાં વીશ વર્ષથી મારો અને તેમનો સંબંધ ગુરુ અને શિષ્યના જેવો રહ્યો હતો. હું અને મારી બે પુત્રીઓ નિયમિત રીતે પાંચ–છ વર્ષો સુધી તેમની પાસે આપણા ધાર્મિક સૂત્રો અને અન્ય ગ્રંથોનો અભ્યાસ કરતાં. "ધર્મ એ માત્ર લેખન કે વાચનનો વિષય નથી, પણ જીવનનો વિષય છે." અને મેં જોયું કે માવજીભાઈએ ધર્મને તેમના જીવનમાં વણ્યો હતો; અથવા કહો કે જીવનને તેમણે ધર્મ સાથે ઓતપ્રોત કરી દીધું હતું. ધર્મ અને જીવન વચ્ચે તેમણે કોઈ દિવાલ રહેવા દીધી ન હતી. અને ધર્મ એ જ જીવન છે,

અને જીવન એ જ ધર્મ છે, એવી સમજપૂર્વક તેઓ તેમનું સમગ્ર જીવન જીવ્યા હતા. "જીવનનો અર્થ અને મર્મ જે સાચા સ્વરૂપમાં સમજે છે, તે માત્ર લેખક, વાચક કે વિચારક રહેતો નથી, પણ ધર્મમય જીવન જીવનાર સાધક બની જાય છે. શ્રી માવજી દામજી શાહ પણ આવા એક ધ્યેયનિષ્ઠ સાધક હતા.

શ્રી માવજીભાઈ એમનું સમગ્ર જીવન એક "આદર્શ ધાર્મિક શિક્ષક" તરીકે જીવ્યા. વર્તમાનકાળ તેમજ ભવિષ્યકાળના ધાર્મિક શિક્ષકો માટે તેમનું જીવન એક દીવાદાંડી રૂપ બની રહેશે. જે ઉંમરે બાળકો શેરીમાં લખોટીઓથી રમતાં હોય છે, એ ઉંમરે એટલે કે તેમની દશ વર્ષની ઉંમરે તેમના પર મહેસાણાની પાઠશાળાવાળા સદ્ગત શ્રી વેણીચંદ સુરચંદની દૃષ્ટિ પડી. સાચા ઝવેરીને હીરાની પરીક્ષા કરતાં વાર લાગતી નથી, તેમ માવજીભાઈમાં રહેલાં દેવત્વને સમજતાં શ્રી વેણીચંદભાઈને વાર ન લાગી. અને તેમની દોરવણી નીચે જ આજથી સાઠ વર્ષ પહેલાં તેઓ બનારસ જેટલે દૂર પહોંચી સદ્ગત આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી સ્થાપિત શ્રી યશોવિજયજી જૈન પાઠશાળામાં અભ્યાસ અર્થે દાખલ થયા. આ પાઠશાળાએ જૈન સમાજને કેટલીયે તેજસ્વી અને પ્રતાપી વ્યક્તિઓ આપી છે. શ્રી માવજીભાઈ પણ તેઓમાંના એક હતા.

બનારસ પાઠશાળામાં સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના અભ્યાસ સાથે તેમણે વ્યાકરણ, કાવ્ય અને ન્યાય વિભાગનો

સરસ અભ્યાસ કર્યો, અને માત્ર અઢાર વરસની બાલ્યવયેજ ધર્મમય જીવન જીવવાનો દૃઢ નિશ્ચય કરી તેઓ બાબુ પન્નાલાલ જૈન હાઇસ્કૂલમાં ધાર્મિક શિક્ષક તરીકે જોડાયા. તેમણે સ્વીકારેલો માર્ગ તપશ્ચર્યાનો હતો. ગમે તેવા ઉદ્દેશથી માણસ જો સહન કરે, ત્યાગ કરે, તો એવા ત્યાગ કે સહન કરવાને આપણે સાત્વિક તપ કહેતા નથી. જેમ કાર્ય શુદ્ધ હોવું જોઇએ, તેમ એવા કાર્ય પાછળનો ઉદ્દેશ પણ સાત્વિક હોવો જોઈએ. શ્રી માવજીભાઈ ગૃહસ્થ હતા, અને ગૃહસ્થાશ્રમમાં ભરણપોષણ અર્થે અર્થની પણ જરૂર પડે જ. પરંતુ એમણે જરૂરી ધન પ્રાપ્ત કરવાનું શુદ્ધ સાધન તેમ જ તેમણે પ્રાપ્ત કરેલાં જ્ઞાનનું દાન કરવાનું સરસ ક્ષેત્ર શોધી કાઢયું અને ગૌરવપૂર્વક જીવ્યા. જીવનમાં અન્ય કોઈ વ્યવસાય ન સ્વીકારતાં હજારો વિદ્યાર્થીઓના જીવનમાં તેમણે ધર્મનાં બીજ વાવ્યાં. આ વિદ્યાર્થીઓ પૈકી ઘણા આજે મહાન બની ગયા છે, અને તેઓ બધા જ શ્રી માવજીભાઈના ઋણનો સ્વીકાર કરીને કહે છે કે, અમારા જીવનમાં ધર્મ-બીજનું આરોપણ સદ્ગત શ્રી માવજીભાઈએ કર્યું છે અને તેથી જ અમે આ દરજ્જે પહોંચી શકયા છીએ.

ધાર્મિક અભ્યાસ કરાવવાની, તેમજ આપણા ધર્મસૂત્રો શીખવવાની તેમની પાસે અદ્ભૂત કળા હતી, અને એ કળા આજના અન્ય શિક્ષકોએ પણ સમજી લેવા જેવી છે. આપણા ધાર્મિક સૂત્રોને શ્રી માવજીભાઇ માત્ર સૂત્રરૂપે ન માનતાં પવિત્ર મંત્રો તરીકે સમજતા. અને મંત્રમાં જેમ એક પણ અક્ષરનો અશુદ્ધ ઉચ્ચાર થતાં અર્થનો અનર્થ થઈ જાય, તેમ

ધાર્મિક સૂત્રોમાં હ્રસ્વ કે દીર્ઘની ભૂલથી પણ તેમને ભારે આઘાત થતો. મેં આપણા ધાર્મિક સૂત્રોના અભ્યાસની શરૂઆત તેમની પાસે કરી. હું સૂત્ર કડકડાટ બોલી જઉં એટલે તેઓ તે સૂત્ર મારી પાસે લખાવતા, અને લખાણમાં એક એક સૂત્રમાં હું અનેક ભૂલો કરી દેતો. આવે વખતે તેઓ નારાજ ન થતા, અને હું નિરાશ થાઉં એ રીતે મને ઠપકો ન આપતાં મધુર ભાષામાં કહેતા કે પ્રથમ પ્રયત્ને આટલી જ ભૂલો થવા પામી છે, એટલે પાંચ–દશ વખતના પ્રયત્નના અંતે હું તે સૂત્ર શુદ્ધ રીતે લખતો થઈ જઈશ.

શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની એક પરીક્ષા અર્થે શ્રીમદ્ આનંદઘનજીવિરચિત ભગવાન કુંથુનાથના સ્તવનના અર્થો હું તેમની પાસે શીખતો હતો. એ સ્તવનની એક કડીમાં આવે છે કે : 'બીજી વાતે સમરથ છે નર, એહને કોઇ ન જેલે.' અહિં 'એહ' શબ્દ મનને બદલે વપરાયો છે, અર્થાત્ મનને જીતવા સિવાયની બીજી બાબતોમાં પુરુષ શક્તિવાન છે, પણ મનને કોઇ પુરુષ જીતી શકતો નથી, એટલે કે માનવી મનની ગતિ રોકવા અશક્ત છે. મન સંબંધમાં એ ચંચળ અને વાયુ જેવું છે. એવો ઉલ્લેખ પણ ધર્મ-શાસ્ત્રોમાં આવે છે. તેથી મને શંકા થઈ કે આપણા સૂત્રમાં कायेणं वायाए मणेणं કહેવાને બદલે मणेणं वायाए कायेणं, શા માટે કહ્યું હશે ? મન તો વિચિત્ર છે જ, છતાં વચન અને કાયાના દોષ કરતાં મનના દોષને પ્રથમ સ્થાન આપી શા માટે મહત્ત્વ આપ્યું ? મારી શંકાનું સમાધાન



**જૈનોની જાહેર સભાનું દૃશ્ય**

શેઠશ્રી કાંતિલાલ ઈશ્વરલાલ સભાને સંબોધી રહ્યા છે. આગળી હરોળમાં શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, શ્રી મોતીલાલ વીરચંદ શાહ વગેરે બેઠેલા જણાય છે.



**જૈનોની જાહેર સભાનું દૃશ્ય**

જેમાં બહેનોએ પણ વિશાળ સંખ્યામાં ભાગ લીધો હતો.

કરવા માટે શ્રી માવજીભાઈએ પ્રસન્નચંદ્ર રાજર્ષિની વાત કહી સંભળાવી અને કહ્યું કે બાહ્ય દૃષ્ટિએ રાજપાટનો ત્યાગ કરી પ્રસન્નચંદ્ર રાજર્ષિ ધ્યાનમાં લીન હોવા છતાં મનથી જ્યારે અશુભ પ્રવૃત્તિ થઈ ત્યારે એવા વખતે જો દેહાન્ત થાય તો નરકગતિ પ્રાપ્ત થાય એવા સંજોગો ઊભા થયા. વચન અને કાયાથી ઉત્પન્ન થતાં દોષોનું બીજ તો મનમાં જ રહેલું હોય છે, એટલે જ શાસ્ત્રકારોએ વચન અને કાયા કરતાં મનને અગ્રસ્થાન આપ્યું છે. આથી જ કહેવાય છે કે मन 'एव मनुष्याणां कारणं, बन्धमोक्षयोः।'

તેમનું જીવન અતિ સાદું અને નિર્મળ હતું, અને તેમની અંગત જરૂરિયાતો પણ ઘણી ઓછી હતી. પહેરવેશમાં ટાપટીપનું નામ નહિ. વરસો સુધી તેમનો પહેરવેશ એક જ પ્રકારનો રહ્યો. કોઈને બોજા રૂપ થવાનું તેમના સ્વભાવમાં જ નહિ, પરંતુ અન્યને મદદ રૂપ થવું અને બને તેટલો બીજાનો ભાર ઓછો કરવાની હરહંમેશ તૈયારી. હંમેશા સવારના ઉઠી સૌ પ્રથમ એકસો આઠ નવકાર મંત્ર ગણે, અને પ્રાતઃ કાળે ઉઠતાં જ દિવસના કાર્યક્રમનું ટાઇમ ટેબલ ઘડી કાઢે. એમના ટાઇમટેબલમાં કદી ફેરફાર થાય જ નહિ, પછી ભલેને ગમે તેટલો વરસાદ હોય અગર ગમે તેવું જરૂરી કામ વચમાં આવી પડે. પોતાની જાત માટે તેઓ ભાગ્યે જ કાંઈ ખર્ચ કરે, પણ ઘરના માણસો માટે જરૂર પડે ત્યારે ગમે તેવો ખર્ચ કરતાં તે જરા પણ અચકાય નહિ. અભ્રક-ભસ્મ અને વસંતમાલતી જેવી કિંમતી દવાઓનો ઉપયોગ

પણ તેમના સંતાનોની તંદુરસ્તીના અર્થે કરતાં મેં જોયા છે. કીર્તિ અને નામનાનો તેમને બીલકુલ મોહ નહિ. ઉલટું આવી બાબત પ્રત્યેનો તેમનો અભાવ અને અણગમો મેં અનેક વાર જોયેલ છે. અહં કે અભિમાનથી તેઓ કાયમ માટે દૂર રહ્યા છે, અને તેમ છતાં સ્વમાન જાળવવામાં તેઓએ કદી પાછી પાની કરી નથી. 'વાડા'માં એ કદી ન માનતા, અને 'ગુણાનુરાગીપણું' એમની વિશિષ્ટતા હતી. વાદવિવાદ અગર ખોટી ચર્ચામાં તેઓ કદી ઉતરતા નહિ. કોઈ મહત્ત્વના પ્રશ્ન પરત્વે તેઓ પોતાનો અભિપ્રાય સ્પષ્ટ રીતે રજૂ કરી દેતા, પણ બીજાઓ તે જ પ્રમાણે માને તેવો આગ્રહ તેઓ કદી ન રાખતા.

જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ, મહાવીર જૈન વિદ્યાલય અને જૈન ધાર્મિક શિક્ષણસંઘની પરીક્ષાઓમાં તેમણે માનદ પરીક્ષક તરીકે પોતાની સેવા આપી છે, અને પ્રશ્નપત્રો તૈયાર કરવાની તેમની ઢબ પણ અતિ ઉત્તમ હતી. વિદ્યાર્થીઓને શું નથી આવડતું, એ જ જોવાને બદલે તેમની દૃષ્ટિ વિદ્યાર્થીઓને શું આવડે છે એ જોવાની હતી, અને આજ દૃષ્ટિએ તેઓ પ્રશ્નપત્રો તૈયાર કરતા અને ગુણ આપતા. તેમણે નાની મોટી લગભગ પોણોસો પુસ્તિકાઓ લખી છે, અને અનેક મુનિમહારાજોના જીવન સંબંધી તેમજ અન્ય વિષય પર કાવ્યો પણ રચ્યાં છે. વાચનની તેમની પદ્ધતિ બહુ ઉત્તમ હતી. તત્ત્વજ્ઞાનનાં ઉત્તમ પુસ્તકો તેમજ ઉત્તમ કોટિનાં માસિકો તેઓ વાંચતા અને કયા પુસ્તક પછી કયું પુસ્તક વાંચવું, તેની પણ અગાઉથી નોંધ કરી રાખતા.

'જીવનમાં માનવી સફળતા મેળવવા ઝંખે છે. પણ જીવનમાં સફળતાની ચાવી કઇ ?' એવો પ્રશ્ન જ્યારે એક વિદ્યાર્થી તરફથી વિશ્વવિખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી આઇનસ્ટાઇનને પૂછવામાં આવ્યો, ત્યારે બીજગણિતની પરિભાષામાં જવાબ આપતાં તેણે કહ્યું કે 'જીવનની સફળતા એટલે કામ, વત્તા આનંદ, વત્તા મૌન." શ્રી માવજીભાઈની સફળતાનું રહસ્ય આપણને આ જવાબમાંથી મળી રહે છે. જીવનની સફળતા માટે સતત કર્મની જરૂર રહે છે, અને સતત કર્મ કરતાં છતાં એ કર્મ તેને વેઠરૂપ ન લાગવું જોઈએ, પણ એ કર્મ દ્વારા જ તેને જીવવાનો આનંદ મળવો જોઇએ. લગભગ પચાસ વર્ષના એકધારા ધાર્મિક શિક્ષણના વ્યવસાય દ્વારા શ્રી માવજીભાઈએ જીવનમાં સતત આનંદનો અનુભવ કર્યો. તે કાર્ય તેમને વેઠ રૂપે લાગ્યું હોત તો તેને છોડી દીધું હોત. ધાર્મિક શિક્ષણની સંસ્થાઓ સારા શિક્ષકો મળતા નથી એવી ફરિયાદ કરે છે, પણ આવી સંસ્થાઓએ શિક્ષણના કાર્યમાં જેને રસ હોય, જેને આનંદ આવતો હોય, તેવા જ શિક્ષકો શોધવા જોઈએ. મૌનનો અર્થ વાણીનો અભાવ નહિ પણ વાણીનો સંયમ એવો થાય છે. મૌનનું આવું રહસ્ય શ્રી માવજીભાઈ સમજતા, એટલું જ નહિ પણ તેમણે એ આચાર દ્વારા સિદ્ધ પણ કરી બતાવ્યું.

તેમનું જીવન સંયમી હતું અને જીવનમાં તેમણે ભાગ્યે જ માંદગી ભોગવી છે. વાચન અને લેખન સિવાય જીવનમાં તેમને કોઇ વ્યસન ન હતું. જ્યારે જુઓ ત્યારે

તેઓ પ્રસન્ન જ હોય, વિષાદનું તો નામ જ નહિ. એમનું જીવન ઘડીયાળના કાંટા જેવું નિયમિત હતું. સવારથી રાત સુધી કામમાં રચ્યાપચ્યા રહેવા છતાં કોઇ દિવસ કંટાળાનું નામ નહિ. સંયમ એમના માટે બોજા રૂપ નહિ, પણ આનંદ રૂપ હતો. એક માણસ ગણિતમાં પારંગત થયા પછી તેને બે ને બે ચાર થતાં ત્રણ થવા જોઈએ એમ જેમ કદી લાગતું નથી, તેમ આવા સંયમી માણસોને સંયમ કદી બોજા રૂપ લાગતો નથી. જે સંયમી નથી, તેને સંયમ એ બોજો છે, તેવો ખ્યાલ રહ્યા કરે છે. મુસાફર માટે ટીફીન બોક્ષ જેમ ભાર રૂપ નથી લાગતું, તેમ સાધક માટે સંયમ બોજા રૂપ ન રહેતાં આનંદ રૂપ બની જાય છે. શ્રી માવજીભાઇના જીવનમાં આપણે આ વાત સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ.

લગભગ પાંસઠ વર્ષની ઉંમરે નિવૃત્ત થયા બાદ નિષ્ક્રિય ન બનતાં તેમણે તેમનું જીવન કાર્યશીલ રાખ્યું હતું. જીવન-વ્યવહારનો બોજો તો તેમના બે સુપુત્રોએ સરસ રીતે સંભાળી લીધો હતો, પણ તેમ છતાં પ્રવૃત્તિશીલ રહેવાય તે અર્થે તેઓ નિયમિત રીતે તેમની સ્ટેનલેસ સ્ટીલના વાસણની દુકાને આવતા. તેમના પુત્રો, પુત્રીઓ તેમજ પત્નીએ તેમની છેલ્લી માંદગીમાં તન–મન–ધનપૂર્વક અત્યંત સારવાર કરી, પણ આ બીમારી અંતે જીવલેણ નીવડી અને તા. ૯–૭–૬૫ શુક્-વારના દિવસે ૭૩ વર્ષની ઉંમરે તેમનો જીવનદીપ બુઝાયો.

પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીએ માવજીભાઈના

પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજીએ માવજીભાઈના મૃત્યુ અંગેના આશ્વાસનપત્રમાં તેમના પુત્ર શ્રી જયન્તભાઈને સાચું જ લખ્યું છે કે શ્રી માવજીભાઈના સ્થૂલ દેહનો તો જો કે નાશ થયો, પણ હજારો વિદ્યાર્થીઓ જેમને તેમણે ધાર્મિક સંસ્કાર આપ્યા છે, તેમના હૃદયમાં તો માવજીભાઈ જીવન્ત રૂપેજ રહેશે. માનવદેહ આપણને આપણા આત્માના વિકાસ અર્થે મળ્યો છે, પણ જેમનો આત્મા વિશેષ ઉન્નત થયો હોય તેમના વિકાસને પછી દેહમાં પૂરતો અવકાશ નથી મળતો. શ્રી માવજીભાઈનો દેહાન્ત સંપૂર્ણ સમાધિ અવસ્થામાં થયો અને તેમનો આત્મા તેના નાનકડા દેહમાંથી ભલે ચાલી ગયો, પણ વસ્તુતઃ તો તેણે સમાજના વ્યાપક દેહમાં પ્રવેશ કર્યો છે. મૃત્યુ પણ જીવન્ત હોઈ શકે અને જીવન પણ મરેલું હોઈ શકે છે. જીવન્ત મૃત્યુનું ભાગ્ય માત્ર વિરલ વ્યક્તિઓના ફાળે જાય છે, અને શ્રી માવજીભાઈનું પણ આવું ધન્ય મૃત્યુ થયેલ છે. જેણે જીવનમાં સદૈવ કલ્યાણ કર્યું છે, તેવા જીવો માટે હંમેશાં સદ્‌ગતિ જ હોય છે. અંતમાં શ્રી માવજીભાઈના આત્માને ચિર શાંતિ મળે અને તેમના કુટુંબીજનોને તેમના વિયોગનું દુઃખ સહન કરવાની શાસનદેવ શક્તિ આપે એમ પ્રાર્થના કરી બેસી જવાની રજા લઉં છું.

### શ્રી મનુભાઈ દેસાઈ

હું બાબુ પનાલાલ પૂરણચંદ જૈન હાઇસ્કૂલ તરફથી સદ્‌ગત શ્રી માવજીભાઈને શ્રદ્ધાંજલિ સમર્પિત કરવા ઊભો થયો છું. તેઓશ્રી અમારી શાળાના એક આદર્શ શિક્ષક

હતા. સ્વીકારેલું કાર્ય સરસ રીતે કરવું, એ એમનો જીવન-મંત્ર હતો. નિયમિતતામાં તો ભાગ્યે જ કોઇ એમની બરોબરી કરી શકે. બરાબર ૪૭ વર્ષ સુધી તેમણે એકનિષ્ઠાથી જ્ઞાન-યજ્ઞ કર્યો અને હજારો વિદ્યાર્થીઓના જીવનમાં નવો પ્રાણ ફૂંકયો. આવા એક મહાન આત્માને હું કયા શબ્દોમાં શ્રદ્ધાં-જલિ આપું? પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ આપો.

## શ્રી મોતીલાલ વીરચંદ

શ્રી માવજીભાઈના જીવન વિષે અહીં ઠીક ઠીક વિવેચન થઈ ચૂકયું છે, એટલે તે વિષે વિશેષ કહેતો નથી, પરંતુ એટલું જ જણાવું છું કે આપણે ત્યાં જાવક વધારે છે, આવક ઓછી છે; એટલે કે સમાજમાંથી સારા સારા માણસો ચાલ્યા જાય છે અને તેમનું સ્થાન પૂરનારા બહુ ઓછા નીકળે છે. આજે માવજીભાઈનું સ્થાન કોણ પૂરશે? એ એક પ્રશ્ન છે. ખરેખર! તેઓ આ યુગના એક મહાન યશસ્વી શિક્ષક હતા. હું તેમને મારી વિનમ્ર શ્રદ્ધાં-જલિ અર્પણ કરું છું.

## શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ

આપનામાંથી બહુ થોડા જાણતા હશે કે હું શ્રી માવજી-ભાઈનો સહુથી જુનો અને પ્રથમ વિદ્યાર્થી છું. એમના હાથ નીચે મને ધાર્મિક અભ્યાસ કરવાનો યોગ મળ્યો, એને જીવનનું એક મોટું સદ્‌ભાગ્ય સમજું છું. આજે મારા જીવનમાં ધર્મના સંસ્કાર છે. તેમાં શ્રી માવજીભાઇનો હિસ્સો ઘણો મોટો છે. પ્રથમ તો તબિયતના કારણે આ સભામાં

હું આવી શકીશ નહિ, એમ લાગતું હતું, પણ અંતરાત્માનો અવાજ થયો કે તારે આ સભામાં જવું જ જોઈએ અને તેમના ઋણનો સ્વીકાર કરીને હૃદયથી શ્રદ્ધાંજલિ આપવી જોઈએ, એટલે હું અહીં આપ બધાની સમક્ષ ઊભો થયો છું. આજે ધાર્મિક શિક્ષકોની મોટી ખોટ છે અને આવા શિક્ષકો મળવા તો ઘણા કઠિન છે. હું શ્રી માવજીભાઈને ફરી ફરીને હાર્દિક અંજલિ આપું છું ને તેમના આત્માને ચિર શાંતિ ઇચ્છું છું.

### શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ

હું પ્રારંભમાં જ જણાવી દઉં કે શ્રી માવજીભાઈના હાથ નીચે ધાર્મિક શિક્ષણ મેળવવાનું સદ્ભાગ્ય મને પણ પ્રાપ્ત થયું હતું, એટલે તેઓ મારા વિદ્યાગુરુ હતા અને એ રીતે આજે તેમનું સ્મરણ કરતાં મારા હૃદયમાં વિહ્વળતા ઉત્પન્ન થાય છે. મનુષ્યજીવનનું એક મહાન ફળ પરોપકાર છે, એટલે કે બીજાને ઉપયોગી થવાની પ્રવૃત્તિ છે અને તે ફળ શ્રી માવજીભાઈ બરાબર પામ્યા હતા. આવા એક આદર્શ સમાજસેવકની ખોટ આપણને લાંબા સમય સુધી સાલશે.

હવે હું આપની સમક્ષ એક ઠરાવ રજૂ કરું છું અને તેને તમો બધા સ્વીકારી લેશો, એવી આશા રાખું છું.

### ઠરાવ

**તા. ૧૮-૭-૬૫ રવિવારના રોજ શ્રી નમિનાથ જૈન ઉપાશ્રયમાં વિવિધ જૈન સંસ્થાઓના આશ્રયે**

**મળેલી જૈનોની આ જાહેરસભા સ્વર્ગસ્થ શ્રી માવજી દામજી શાહની અનન્ય ધર્મશ્રદ્ધા, જ્વલંત જ્ઞાનનિષ્ઠા અને સાત્ત્વિક સાદા જીવનની બહુમાન પૂર્વક નોંધ લે છે અને તેમના જવાથી જૈનસંઘને એક આદર્શ ધાર્મિક શિક્ષક તથા વિનમ્ર સેવકની ખોટ પડી છે, એમ માને છે. જીવનની સાર્થકતા ધર્મના આરાધનમાં રહેલી છે અને આપત્તિના પ્રસંગે તે જ શરણભૂત થાય છે, તેથી આ સભા તેમના કુટુંબીજનોને, તેમજ અન્ય સહુને ધર્મનું વિશેષ આરાધન કરવાનો અનુરોધ કરે છે.**

### શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

ત્યાર બાદ આ સભાના કન્વીનર પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહે જણાવ્યું હતું કે શ્રી માવજીભાઈના જીવન અંગે ઘણું કહેવાયું છે, એટલે તે અંગે વિશેષ ન કહેતાં આ ઠરાવના સમર્થનમાં મારે જે વક્તવ્ય કરવાનું છે, તે જ આપની સમક્ષ રજૂ કરીશ.

આ ઠરાવમાં એમ કહેવામાં આવ્યું છે કે આ સભા સ્વર્ગસ્થ શ્રી માવજી દામજી શાહની અનન્ય ધર્મશ્રદ્ધા, જ્વલંત જ્ઞાનનિષ્ઠા અને સાત્ત્વિક સાદા જીવનની બહુમાનપૂર્વક નોંધ લે છે, તેનો અર્થ એ છે કે શ્રી માવજી-ભાઈ મોક્ષમાર્ગના પરમ ઉપાયરૂપ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રનો પ્રકાશ સારી રીતે પામ્યા હતા. જો તેમને જિનેશ્વર દેવના શાસન પ્રત્યે ઉત્કટ રાગ

ન હોત તો તેઓ જૈન ધર્મનું શિક્ષણ આટલી સુંદર રીતે આપી શક્યા ન જ હોત, અને આવાં બોધદાયક પુસ્તકો લખવાને પણ સમર્થ થયા ન જ હોત. તેમની સાથેના વર્ષોના અંગત પરિચય પરથી હું જાણી શક્યો હતો કે તેમના હૃદયમાં સમ્યક્ત્વનો દીવડો જળહળી રહ્યો હતો અને દેવ, ગુરુ તથા ધર્મના સંબંધમાં તેમની શ્રદ્ધા ખૂબ મજબૂત હતી.

શ્રી માવજીભાઈએ છ વર્ષ કાશીમાં રહીને સદ્ગુરુની પાસે જૈન ધર્મના સિદ્ધાંતોનું જ્ઞાન મેળવ્યું હતું અને સ્વાધ્યાયાદિ ઉપાયો વડે તેને વધારે તેજસ્વી બનાવ્યું હતું. એક ગૃહસ્થ ધારે તો જ્ઞાનની ઉપાસના ઘણી ઊંચી કક્ષા સુધી કરી શકે છે. આપણે ગૃહસ્થો શું કરી શકીએ ? એવો નિર્માલ્ય પ્રશ્ન કોઈએ પૂછવો નહિ. આપણા આગમો કહે છે કે ગૃહસ્થો પણ તત્ત્વના ઊંડા જાણકાર હોય છે અને તેઓ આચાર્ય ભગવંતો તેમજ સાધુ–મુનિરાજોને ઘણા માર્મિક પ્રશ્નો પૂછે છે. અલબત્ત, આવા ગૃહસ્થો આજે ઘણા ઓછા દેખાય છે, પણ તેમની વિદ્યમાનતા તો છે જ. ટુંકમાં શ્રી માવજીભાઈની જ્ઞાનનિષ્ઠા ખરેખર જ્વલંત હતી અને તે ઉત્તરોત્તર વધારે જ્વલંત બની હતી.

સાત્ત્વિક સાદું જીવન સમ્યક્ ચારિત્રની આંશિક આરાધના સૂચવે છે. આવા જીવનમાંથી જ આગળ જતાં સર્વવિરતિ-ચારિત્રના ભાવો પ્રકટે છે, જે આત્મકલ્યાણ કરવામાં અતિ ઉપયોગી નીવડે છે. તાત્પર્ય કે શ્રી માવજીભાઈ સમ્યક્ ચારિત્રના પણ ઉપાસક હતા અને એ રીતે તેમણે પોતાના

જીવનમાં સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન તથા સમ્યક્ ચારિત્રની જે ઉપાસના કરી તેની આપણે બહુમાનપૂર્વક નોંધ લઈએ છીએ. ગુણીજનોના ગુણોની નોંધ લેવી, એ આપણું પરમ કર્તવ્ય છે.

ઠરાવમાં આગળ એમ કહ્યું છે કે તેમના જવાથી જૈન સંઘને એક આદર્શ ધાર્મિક શિક્ષક તથા વિનમ્ર સેવકની ખોટ પડી છે. તે અંગે વધારે વિવેચન કરવાની જરૂર હોય એમ હું માનતો નથી. મારા મિત્ર શ્રી મનસુખલાલભાઈએ તેમના શિક્ષકજીવન પર ખૂબ જ પ્રકાશ પાડયો છે અને તેમની વિનમ્ર સેવાનાં અનેક ઉદાહરણો અહીં રજૂ થઈ ચૂકયાં છે.

ઠરાવના બીજા ભાગમાં એમ કહેવામાં આવ્યું છે કે જીવનની સાર્થકતા ધર્મના આરાધનમાં રહેલી છે અને આપત્તિના પ્રસંગે તે જ શરણભૂત થાય છે, તેથી આ સભા તેમના કુટુંબીજનોને, તેમજ અન્ય સહુને ધર્મનું વિશેષ આરાધન કરવાનો અનુરોધ કરે છે.

ઠરાવના આ ભાગમાં આપણા શાસ્ત્રોનો આદેશ ઝીલાયેલો છે અને આપણા પૂજ્ય ગુરુદેવોના ઉપદેશનું યથાર્થ પ્રતિબિંબ પડેલું છે, એટલે તમો બધા આ ઠરાવને વધાવી લેશો, એટલું જ નહિ પણ ત્રણ નવકાર ગણીને તેને પસાર કર્યાની સંમતિ આપશો.

આ પ્રસંગે આખી સભાએ ત્રણ નવકાર ગણ્યા હતા અને આ ઠરાવ સર્વાનુમતીએ પસાર થયો હતો.

## મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (શ્રી ચિત્રભાનુજી)નો ખાસ સંદેશ

આજની સભામાં સુપ્રસિદ્ધ વક્તા અને તત્ત્વચિંતક મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (શ્રી ચિત્રભાનુજી) મહારાજ અવશ્ય પધારવાના હતા, પણ છેક છેલ્લી ઘડીએ એવા સંજોગો ઉપસ્થિત થયા કે તેઓશ્રી પધારી શક્યા નહિ; પરંતુ તેમણે ખાસ માણુસ સાથે સંદેશો મોકલીને જણાવ્યું હતું કે શ્રી માવજીભાઈ જીવનશિલ્પી હતા. તેમણે શ્રી જયંતભાઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જેવા સુસંસ્કારી સુપુત્રને સમાજ આગળ ધરીને એ પુરવાર કર્યું છે કે દીપકનો પ્રકાશ માત્ર લોકોને જ નથી આપ્યો, પણ પોતાના ઘરમાં પણ એ પ્રકાશને જીવંત રાખ્યો છે. એમના ગુણાનુવાદ તો એમણે જેમના જીવનમાં સંસ્કાર રેડ્યા છે, તે બધાનાં જીવન જ કરતા રહેશે અને એમની સ્મૃતિની સુવાસ ફેલાવતાં રહેશે.

## પ. પૂ. પ્રવર્તક શ્રી જયાનંદવિજયજી મહારાજ

શ્રી માવજીભાઈ વિષે ઘણું બોલાયું છે, એટલે વિશેષ ન બોલતાં એટલું જ જણાવીશ કે તેમણે ધાર્મિક જ્ઞાન સંપાદન કરીને પોતાના આત્માને ઉજજ્વલ કર્યો અને બીજાઓને પણ તેનો પ્રકાશ આપ્યો. તેમનું આ કાર્ય નિતાન્ત અનુમોદનાને પાત્ર છે.

## પ. પૂ. આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ

આજે દેશના વાતાવરણમાં હિંસાનો પ્રચાર વધી રહ્યો છે. આપણી સરકાર એક યા બીજા પ્રકારે હિંસક ધંધાઓને

ઉત્તેજન આપી રહી છે, એ અતિ દુઃખદ બીના છે. આવા વિષમ વાતાવરણને કેમ સુધારવું ? એ આજે એક ગહન પ્રશ્ન થઈ પડયો છે. મને લાગે છે કે તે માટે ધરમૂળનો ફેરફાર થવો જોઈએ અને તેમાં શિક્ષકો ઘણું કામ કરી શકે એમ છે. શ્રી માવજીભાઈનો જ દાખલો જુઓ. તેમણે પોતાના જીવનમાં કેટલા વિદ્યાર્થીઓને ધાર્મિક સંસ્કારો આપ્યા અને સન્માર્ગે ચડાવ્યા ? આજના શિક્ષકોએ તેમનું અનુકરણ કરવા જેવું છે.

### ૫ પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

ત્યારબાદ ૫. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે ઉપસંહારાત્મક પ્રવચન કરતાં જણાવ્યું કે ગૃહસ્થજીવનની અનુમોદના ખાતર નહિ, પણ ગૃહસ્થજીવનમાં અંશતઃ પણ જે ધર્મસંસ્કારો છે, તેની અનુમોદનાના પ્રસંગોમાં સાધુઓએ અવશ્ય ભાગ લેવો જોઇએ અને એ રીતે આજે અમે આ સભામાં ભાગ લઈ રહ્યા છીએ. શ્રી માવજીભાઇના ધાર્મિક જીવનની સુવાસ વર્ષોના વર્ષો સુધી હજારો મહાનુભાવોના હૃદયમાં કાયમ વિદ્યમાન રહેશે. આજે ભલે તેઓ સ્થૂલ દેહે વિદ્યમાન નથી, પણ તેમણે આપેલા ધાર્મિક સંસ્કારોથી તે અમર જ છે.

### આભારવિધિ

ત્યારબાદ શ્રી છોટાલાલ ગીરધરલાલ શાહે આભારવિધિ કરી હતી અને બરાબર પાંચ વાગતાં સભા વિસર્જન થઈ હતી.

આ વખતે સહુના મુખમાંથી એક જ ઉદ્ગાર નીકળતા



પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ
જેમણે સભાના અંતે ઉપસંહારાત્મક સુંદર પ્રવચન કર્યું.



**જાહેર સભાના અંતે**

ડાબી બાજુથી : (૧) શ્રી ધીરજલાલ ભગવાનદાસ શાહ, (૨) શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા,
(૩) શ્રી ધીરજલાલ ટોકરશી શાહ તથા (૪) શ્રી જયંત એમ. શાહ.

હતા કે 'ધન્ય માવજીભાઈ ! આજે તમારા જેવાની જૈન સમાજને ઘણી જરૂર છે.'

આ સભાની નોંધ મુંબઈના અગ્રગણ્ય દૈનિકપત્રો જેવા કે મુંબઈ સમાચાર, જન્મભૂમિ, જનશક્તિ વગેરેએ બહુ સારી રીતે લીધી હતી અને તેનો સમાજ પર ઘણો પ્રભાવ પડયો હતો.

આ સભાનું દૃશ્ય આજે પણ અનેકના મન પર તરે છે અને અમારા મન પર તો તે વિશિષ્ટ રીતે તરે છે, કારણ કે તેની પ્રારંભિક યોજનાથી માંડીને પૂર્ણાહુતિ સુધીની સર્વ ભૂમિકાઓમાં અમારો અંતરાત્મા રેડાયો હતો. અમે અહીં એટલું જણાવીએ કે શ્રી માવજીભાઈ પોતાના સાત્ત્વિક અને સેવાપરાયણ જીવનથી અમારા મન પર કદી ન ભૂંસાય એવી શ્રેષ્ઠ છાપ પાડતા ગયા છે, તો તે અત્યુક્તિ નહિ જ લેખાય. આવો ઉચ્ચ આત્મા ચિર શાંતિનો અવશ્ય અધિકારી હોય છે, એવો અમારો દૃઢ વિશ્વાસ છે.



[૧૫]

# સામયિક નોંધો

ભાવનગરથી પ્રકટ થતાં 'જૈન' સાપ્તાહિકે તા. ૨૪–૭–૬૫ના અંકમાં શ્રી માવજીભાઈના અવસાન અંગે નીચે મુજબ નોંધ પ્રકટ કરી હતી:–

## ધ્યેયનિષ્ઠ શિક્ષક સ્વ. શ્રી માવજી દામજી શાહ

ઘણુંખરું કોઈક ઉપનિષદમાં વિદ્યાર્થીઓના મુખમાં એક સુંદર પ્રાર્થના મૂકવામાં આવી છે: 'आयुरस्मासु धेहि अमृत्वं आचार्याय'–હે પરમેશ્વર! અમને આયુષ્યમાન બનાવો! અને અમારા આચાર્યને–ગુરુને અમર બનાવો!' જે ગુરુને માટે શિષ્યો અમરપણાની પ્રાર્થના કરે, એ ગુરુએ શિષ્યોના અંતર કેટલાં બધાં જીતી લીધાં હોવા જોઈએ! અંતરમાં શિષ્યો પ્રત્યે પિતાનું વાત્સલ્ય, માતાની મમતા અને મુરબ્બીની હિતબુદ્ધિનું ઝરણુ સતત વહેતું હોય તો જ શિષ્યોનાં આવા આદર અને ભક્તિ મેળવી શકે છે. આવા ગુરુ અને આવા ઋષિસમા ગુરુને મેળવનાર શિષ્યો બન્ને ધન્ય બની

જાય છે. એવા ગુરુશિષ્યોનું મિલન કલિયુગમાં સતયુગના દર્શન કરાવે છે.

સ્વ. શ્રી માવજી દામજી શાહ આવા એક ધ્યેયનિષ્ઠ આદર્શ અને શિષ્યવત્સલ શિક્ષક હતા. તેઓ ૭૩ વર્ષની સુખ–શાંતિ–સ્વસ્થતાભરી યશસ્વી જીંદગીને અંતે મુંબઇમાં તા. ૯–૭–૬૫ને શુક્રવારના રોજ ધર્મભાવનાનું સ્મરણ કરતાં સ્વર્ગવાસી બનીને અમર બની ગયા! ફુલ વિલાઈ ગયું, એની ફોરમ સર્વત્ર પ્રસરી રહી, યાદગાર બની ગઈ!

સંતો, સતીઓ અને શૂરાઓની ખમીરવંતી ભૂમિ સૌરાષ્ટ્ર એ શ્રી માવજીભાઈની જન્મભૂમિ, શ્રી–સરસ્વતી-સંસ્કારિતાનું ધામ ભાવનગર એમનું વતન, માતાનું નામ પૂરી બહેન. વિ. સં. ૧૯૪૮માં ધનતેરશના શુભ દિવસે એમનો જન્મ. કુટુંબની સ્થિતિ સામાન્ય હતી, પણ સંસ્કાર અને ધાર્મિકતાની એને બક્ષીસ મળી હતી. માતાપિતાના તેઓ એકના એક પુત્ર હતા.

ગુજરાતી ચાર ચોપડી પૂરી કરતાં તો માતા અને પિતા બંને સદાને માટે વિદાય થયા! માવજીભાઈને માટે ઉપર આભ અને નીચે ધરતી જેવી સ્થિતિ ઉત્પન્ન થઈ.

પણ ક્યારેક કાદવ કમળને પ્રકટાવે છે અને કાંટામાં ગુલાબ ઉગે છે, એમ અનિષ્ટમાંથી ઇષ્ટ જન્મે છે. શ્રી માવજી-ભાઈ હવે શું કરવું એની મુંઝવણમાં હતા. ઉંમર માંડ ૯–૧૦ વર્ષ જેવી ઉછરતી અને અપકવ હતી અને એમને

સુપ્રસિદ્ધ ધર્માનુરાગી જૈન મહાજન શ્રી વેણીચંદ સૂરચંદ નો વીરમગામમાં મેળાપ થયો.*

આ અરસામાં સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીએ (તે કાળે તો એક સામાન્ય મુનિ શ્રી ધર્મવિજયજીએ) જૈન સમાજમાં ગૃહસ્થ વિદ્વાનો તૈયાર કરવાના ઉમદા અને દીર્ઘદૃષ્ટિભર્યા હેતુથી બનારસમાં એક જૈન વિદ્યાતીર્થની સ્થાપના કરવાનું યુગકાર્ય કર્યું હતું. શ્રી વેણીચંદભાઈએ શ્રી માવજીભાઈને આ વિદ્યાતીર્થમાં વિદ્યાની ઉપાસના માટે જવાની સલાહ આપી. ભાવી યોગ એવો પ્રબળ કે માત્ર દશ વર્ષની નાની ઉંમરે, તે કાળે, કાશી જેટલે દૂર દેશાવર કેવી રીતે જવું, એવો સંકોચ કે નાહિંમત અનુભવ્યા વગર શ્રી માવજીભાઈ કાશી પહોંચી ગયા અને વિદ્યા-ઉપાર્જનમાં લાગી ગયા. નમ્રતા, વિવેક અને વિનયશીલતાએ એમને સૌના વત્સલ બનાવી દીધા; અને ઉદ્યમશીલતા અને ધ્યેયનિષ્ઠાએ એમને સરસ્વતીના લાડકવાયા બનાવી દીધા.

૭ વર્ષ સુધી એકાગ્રતાપૂર્વક અધ્યયન કરીને એમણે જુદા જુદા વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું; અને ગુરુજનોના આશીર્વાદ લઈને, અર્થોપાર્જન માટે તેઓ મુંબઈ આવી પહોંચ્યા.

---

* વિશેષ સંશોધન પછી એ નક્કી થયું છે કે તેમનો મેળાપ પાલીતાણામાં જ થયો હતો. તે અંગે 'સત્પુરુષોનો સમાગમ' નામનું પ્રકરણ જુઓ.

કુમારકાળ પૂરો થયો, યૌવનમાં હજી પ્રવેશ જ થયો, અને શ્રી માવજીભાઈ સોળ વરસની સાવ ઉછરતી વયે, મુંબઈમાં બાબુ પનાલાલ પૂરણચંદ જૈન હાઈસ્કૂલમાં ધાર્મિક શિક્ષક તરીકે જોડાઈ ગયા.

શ્રી માવજીભાઈનો આત્મા એક સારા શિક્ષકનો આત્મા હતો. નામનાની કામના, પ્રતિષ્ઠાનો મોહ, પૈસા પ્રત્યેની આસક્તિ ન તો સતાવી શકતાં હતાં કે ન તો શિક્ષક તરીકેના નીરસ, શ્રમસાધ્ય અને અલ્પ લાભકારક વ્યવસાયથી વિચલિત બનાવી શકતાં હતાં. મુંબઈ જેવી મોહમયી નગરી અને વધુ કમાણીના કંઈક મોહક માર્ગો, છતાં શ્રી માવજીભાઈ શિક્ષકપદને વફાદારીપૂર્વક વળગી રહ્યા. અરે, એમની આ વફાદારી તો એવી કે શિક્ષક તરીકે પણ બીજું કોઈ સ્થાન ન શોધતાં આ એકજ સ્થાનમાં એમણે પૂરાં ૪૭ વરસ સુધી એકધારી નોકરી કરી ! એક શિક્ષકને આટલા લાંબા સમય સુધી કામ કરવાની મોકળાશ આપવા બદલ આ સંસ્થાના સંચાલકોની શિક્ષક પ્રત્યેની મમતા અને ઉદારતા પણ એટલી જ ધન્યવાદ અને અભિનંદનને પાત્ર છે. આ ઘટનાએ શિક્ષણના ક્ષેત્રમાં એક અનુકરણીય અને પ્રેરક ઈતિહાસ સર્જ્યો છે, એમ કહેવું જોઈએ.

સ્વસ્થતાપૂર્વક જીવવું એ શ્રી માવજીભાઈની પ્રકૃતિ હતી. ખોટી દોડધામ અને અર્થહીન ઉધામા એમને ખપતા ન હતા. જેવો એમનો દેખાવ સીધો, સાદો, અને શાંત હતો, એવો જ એમનો સ્વભાવ સરળ, ઓછાબોલો અને

કર્તવ્યપરાયણ હતા. પોતાની વધારાની શક્તિઓને સાહિત્ય-ઉપાસના અને સાહિત્ય-સર્જનને માર્ગે વાળીને શ્રી માવજી-ભાઈએ પોતાના જીવનને વધુ સુરક્ષિત, વધુ સ્વસ્થ અને વધુ યશસ્વી બનાવ્યું હતું. એ યશસ્વી જીવનની પ્રસાદી રૂપે તેઓ નાનાં-મોટાં ૭૫ જેટલાં પુસ્તકોની સમાજને ભેટ આપતા ગયા. શ્રી માવજીભાઈનું આ અક્ષર કાર્ય આપણને એમની ચિરકાલ પર્યંત યાદ આપતું રહેશે.

એક આદર્શ શિક્ષક અને અદના સાહિત્ય-સર્જક તરીકે શ્રી માવજીભાઈ પોતાના જીવનને ધન્ય અને કૃતપુણ્ય બનાવી ગયા. એમનું જીવન આપણા શિક્ષકોને પ્રેરણા આપતું રહે એમ પ્રાર્થીએ, અને એમના કુટુંબીજનોના દુઃખમાં આપણી હાર્દિક સહાનુભૂતિ અને સમવેદના પાઠ-વવાની સાથે એ આદર્શ, ધ્યેયનિષ્ઠ અને કર્તવ્યપરાયણ શિક્ષકરત્નના નિર્મળ આત્માને અંતઃકરણપૂર્વક અનેક પ્રણામ કરીએ!

* * *

મુંબઈથી પ્રકટ થતા 'સેવાસમાજ' સાપ્તાહિકે તા. ૧૭-૭-૬૫ના અંકમાં નીચે પ્રમાણે અગ્રલેખ લખ્યો હતો:

## ધર્મનિષ્ઠ શ્રી માવજીભાઈ

સેવા, સમર્પણ અને કર્તવ્યનિષ્ઠાથી સમાજના ઉત્તરોત્તર કલ્યાણ માટે ભોગ આપવો, એ હકીકતે કાંટાળો માર્ગ છે; એવા માર્ગે વર્ષો થયાં ચાલી જૈન શાસનની ધાર્મિક શિક્ષણ ક્ષેત્રે સેવા બજાવનાર સૌજન્યમૂર્તિ શ્રી માવજી દામજી શાહના

મુંબઈમાં તા. ૯–૭–૬૫ ના સ્વર્ગવાસ થયાના સમાચાર જાણી અનેક હૃદયોને આંચકો લાગ્યો છે.

શ્રી માવજીભાઈ શાહનું સમાજ ઉપર મોટું ઋણ છે. એમણે જે જે જીવનમાં મેળવ્યું હતું, એનું સહૃદયતાપૂર્વક અન્યને દાન કર્યું છે. તેઓશ્રીએ શ્રી બાબુ પનાલાલ જૈન હાઇસ્કૂલમાં ધાર્મિક શિક્ષક તરીકે ૪૭ વર્ષ સુધી એકધારી સેવા બજાવી, જન સમાજના એક આદર્શ શિક્ષક તરીકે ઉત્તમ ખ્યાતિ મેળવી હતી.

સાહિત્યક્ષેત્રે પણ પ્રશંસનીય પ્રગતિ કરી હતી અને પોણોસોથી વધુ નાની–મોટી પુસ્તિકાઓ ગદ્ય અને પદ્યમાં તેમણે લખી હતી, જે હકીકત સાહિત્ય અને શિક્ષણ પ્રત્યે તેમની પ્રીતિ અને અભિરુચિ બતાવે છે.

એમનું જીવન અત્યંત નિર્મળ, નિષ્પાપ, નિયમિત, સાદું અને સરળ હતું. જીવનમાં જ્ઞાન સંપાદન કરવું અને મેળવેલા જ્ઞાનનું અન્યને દાન કરવું, એ એમનું જીવનસૂત્ર હતું. ધાર્મિક સૂત્રોના અભ્યાસમાં શુદ્ધિ અને સ્વચ્છતાના તેઓ ભારે આગ્રહી હતા.

જીવન–સંજીવની તેઓશ્રીએ પુરુષાર્થ અને પરિશ્રમથી મેળવી હતી–અને એટલે જ સમાજમાં આજે તેમની સુવાસ પ્રસરેલી છે.

'કાર્યકરો નિષ્ઠાપૂર્વક કાર્ય કરો અને અન્યને ઉપયોગી બનો.' આવા જ જીવનમાંથી તેઓશ્રીએ જીવનના ૭૩ વર્ષ ગાળ્યા અને અન્યને ઉદાહરણરૂપ બની ગયા, એ જ એમની

પરમ સિદ્ધિ છે. સમાજસેવકો માટે એમનું જીવન આ જ રીતે ઉદાહરણરૂપ બને છે. એમના જીવનના ગુણો સર્વેએ જીવનમાં ઊતારવા જેવા છે.

સૌજન્યમૂર્તિ શ્રી માવજી દામજી શાહના દુઃખદ અવસાનથી જૈન સમાજને એક સાચા કર્મનિષ્ઠ સેવકની ખોટ પડી છે. એમના દુઃખદ અવસાન અંગે શોકની ઊંડી લાગણી પ્રદર્શિત કરીને તેમના કુટુંબીજનોને આ આઘાતજનક વિયોગ સહન કરવાની શાસનદેવ શક્તિ આપે અને સદ્‌ગતના આત્માને ચિર શાંતિ બક્ષે, એ જ અભ્યર્થના.

* * *

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ખાતેથી પ્રકટ થતા '**આત્માનંદ પ્રકાશ**' માસિકના જુલાઈ માસના અંકમાં તેના વિદ્વાન સંપાદકે લખ્યું હતું કે–

શ્રી માવજી દામજી શાહ મુંબઈ ખાતે અષાડ સુદ ૧૧ ને શુક્રવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે, તે જાણી અમે ખૂબ દિલગીર થયા છીએ. સ્વર્ગસ્થ ખૂબ પ્રેમાળ અને મિલનસાર સ્વભાવના હતા. તેઓ વિદ્વાન, ચિંતક અને લેખક હતા તથા જૈન ધર્મના સારા અભ્યાસી હતા. તેમણે જૈન સમાજમાં ધાર્મિક સંસ્કારો સિંચવાના જીંદગીભર પ્રયાસો કર્યા હતા. તેમના અવસાનથી જૈન સમાજને એકદમ ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. પરમ કૃપાળુ શાસનદેવ તેમના આત્માને શાંતિ અર્પે, તેમ અમે પ્રાર્થના કરીએ છીએ.

ભારતીય જૈન સ્વયંસેવક પરિષદના મુખપત્ર તરીકે પ્રકટ થતા '**જૈન સેવક**' માસિકમાં નીચેની નોંધ પ્રકટ થઈ હતી:

### અવસાન નોંધ

હજી ગયા અંકમાં કાવ્યકુંજ વિભાગમાં જેની '**નમ્ર અંજલિ**' નામક કાવ્ય પ્રકટ કરવામાં આવેલ, તે ધર્મપરાયણ સુજ્ઞ સજ્જન શ્રી માવજી દામજી શાહના અવસાનની નોંધ લેતાં અમોને દુઃખ થાય છે. મહૂર્મ મિલનસાર સ્વભાવના હતા અને વર્ષો સુધી તેઓએ ધાર્મિક શિક્ષક તરીકે સેવા બજાવી હતી અને વિદ્યાર્થીઓમાં સંસ્કારની સૌરભ પ્રકટાવી હતી. તેમના આત્માને શાંતિ મળો, એવી ભાવાંજલિ અત્રે અર્પવામાં આવે છે.



[૧૫]

# ઠરાવો

## (૧)

### બાબુ પનાલાલ પૂરણચંદ જૈન હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો

બાબુ પનાલાલ પૂરણચંદ જૈન હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની આ સભા, શાળાના ભૂતપૂર્વ મુખ્ય ધાર્મિક શિક્ષક શ્રી માવજીભાઈ દામજી શાહના દુઃખદ અવસાનની સખેદ નોંધ લે છે. આ સભા સદ્‌ગતના કુટુંબીજનો પ્રત્યે તેમના પર આવી પડેલી આપત્તિમાં સહાનુભૂતિ દર્શાવે છે અને સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પવા તેમજ તેમનાં કુટુંબીજનોને આ આપત્તિ સહન કરવાની શક્તિ આપે એવી પરમ કૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરે છે.

મુંબઈ, તા. ૧૦-૭-૬૫.

(૨)

## શ્રી અમૃત જૈન સાહિત્યવર્ધક સભા

સંવત્ ૨૦૨૧ ના અષાડ સુદિ ૧૩ ને રવિવારના રોજ શ્રી અમૃત જૈન સાહિત્યવર્ધક સભા તરફથી નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે:

શેઠ માવજીભાઈ દામજીભાઈ શાહ સં. ૨૦૨૧ના અષાડ સુદિ ૧૧ને શુક્રવારે બપોરના બે વાગે પોતાના નિવાસ-સ્થાને ૭૩ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ પામ્યા, તેથી આ સભા દિલગીરી દર્શાવે છે. તેઓ આ સભાના માનનીય ટ્રસ્ટી હતા, તેમજ દરેક કાર્યમાં રસપૂર્વક ભાગ લેતા હતા. તેમનાં ધર્મ-પત્ની તથા સુપુત્ર શ્રી જયંતકુમારે તેમની જે સેવાભક્તિ કરી છે, તેની આ સભા અનુમોદના કરે છે. જયંતભાઈ તેમના પિતાશ્રીના પુણ્ય પગલે ચાલીને જૈન ધર્મનાં કાર્યો કરતા રહે, એમ આ સભા ઇચ્છે છે.

શ્રી માવજીભાઈના આત્માને પ્રભુ શાંતિ આપો, એ જ અભ્યર્થના.

બોરીવલી–દોલતનગર : તા. ૧૩–૭–૬૫

(૩)

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દહેરાસરની પેઢી

સં. ૨૦૨૧ના અષાડ સુદિ ૧૩ને રવિવારના રોજ

ટ્રસ્ટીઓની મીટીંગ મળી હતી. તેમાં શેઠ માવજીભાઈ દામજી-ભાઈના થયેલા દુઃખદ અવસાન માટે દિલગીરીનો ઠરાવ કરવામાં આવ્યો હતો. તેઓ અત્રેના ધાર્મિક કાર્યોમાં સારી રીતે રસ લેતા હતા. તેઓશ્રીનો ઓઈલ પેઈન્ટ ફોટો અત્રેના જ્ઞાનમંદિરના ઉપરના હોલમાં શેઠશ્રી રમણલાલ નગીનદાસ પરીખના હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. તેઓશ્રીના આત્માને પ્રભુ શાંતિ આપે, તેમ ઈચ્છીએ છીએ અને તેમના સુપુત્રો તેમનાં પગલે ચાલી ધાર્મિક કાર્યો કરતાં રહે, એવી ભાવના પ્રકટ કરીએ છીએ.

બોરીવલી—દોલતનગર
તા. ૧૩–૭–૬૫

સોમચંદ શંકરલાલ મહેતા
મેનેજીંગ ટ્રસ્ટી

(૪)

## શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ

શ્રીયુત્ જયંતભાઈ એમ. શાહ તથા કુટુંબીજનો,

મુંબઈ.

સુજ્ઞ શ્રી,

આપના પૂ. પિતાશ્રીના તા. ૯–૭–૬૫ના રોજ થયેલા દુઃખદ અવસાનથી શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ શોકની ઉંડી લાગણી પ્રદર્શિત કરે છે.

તેઓશ્રીએ જીવનનાં ૭૨ વર્ષ ગાળ્યાં, તેમાં બોર્ડના ધાર્મિક પરીક્ષક તરીકે સેવા આપી સહૃદયતાપૂર્વક કાર્ય કરેલ છે, તેની નોંધ લઈએ છીએ અને સૌજન્યમૂર્તિ શ્રી



શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી જ્ઞાનમંદિર બોરીવલી ખાતે શ્રી માવજી દામજી શાહની તસ્વીર ખુલ્લી મૂકવામાં આવી તેનું દૃશ્ય. ડાબી બાજુ ઊભેલા–શેઠ શ્રી રમણલાલ ન. પરીખ તેનું ઉદ્‌ઘાટન કરી રહ્યા છે.



સહુએ સન્માનેલી શ્રી માવજીભાઈની તસ્વીર

માવજીભાઈના અવસાનથી તમારા સમગ્ર કુટુંબ ઉપર આવી પડેલ આઘાતજનક વિયોગનું દુઃખ સહન કરવાની શાસનદેવ શક્તિ આપે, તેમજ સદ્ગતના આત્માને ચિર શાંતિ બક્ષે, એવી પ્રાર્થના છે.

લિ. સેવક.
**શાંતિલાલ એમ. શાહ**
માનદ મંત્રી

## (૫)

## શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ

સંસ્થાની કમિટીને શ્રી માવજીભાઈ દામજીભાઈના દુઃખદ અવસાનના સમાચારથી અત્યંત દુઃખ થયું છે. સદ્ગત શ્રી આપબળે પોતાની કુનેહ, હોંશીયારીથી આગળ આવ્યા હતા અને બનારસની પંડિતની ઉપાધિ મેળવી હતી. વર્ષો સુધી તેઓ શ્રી બાબુ પનાલાલ જૈન હાઈસ્કૂલમાં ધાર્મિક શિક્ષક હતા અને તે સમય દરમિયાન અસંખ્ય વિદ્યાર્થીઓમાં તેઓએ ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું હતું. શાસનદેવ સદ્ગત્ આત્માને શાંતિ આપે.

મુંબઈ તા. ૧૮–૮–૬૫

[ ૧૬ ]

# પત્રો

[ શ્રી માવજીભાઈના સ્વર્ગગમનને ઉદ્દેશીને સંખ્યાબંધ પત્રો આવેલા છે. તેમાંના કેટલાક મનનીય પત્રો અથવા તો તેનો સાર આ વિભાગમાં આપેલ છે. ]

## [ ૧ ]

## આત્મકલ્યાણ કરી ગયા.

સાવરકુંડલા

તા. ૨૦–૭–૬૫

સાવરકુંડલાથી (લિ.) વિજયોદયસૂરિ.

તત્ર શ્રી દેવગુરુભક્તિકારક જયંત એમ. શાહ યોગ્ય ધર્મલાભ.

શ્રી દેવગુરુધર્મપસાયે અત્ર સુખશાંતિ છે.

આજરોજ પત્રિકાથી, તેમજ ગઈ કાલે મુંબઈ સમાચાર પત્રથી, તમારા પિતાશ્રીના અવસાન–સમાચાર જાણ્યા.

ધાર્મિક સંસ્કારોથી દૃઢ થયેલ આત્મા આત્મકલ્યાણ સાધી જાય છે. તેઓ આત્મકલ્યાણ કરી ગયા. તે પગલે ચાલી તમો તથા તમારૂં કુટુંબ આત્મકલ્યાણ કરો, એ જ શુભેચ્છા.

ધર્મક્રિયામાં ઉદ્યમવંત રહો.

(૨)

## આધ્યાત્મિકતાની અપૂર્વ સુગંધ અપી.

જૈન ઉપાશ્રય–લાડવાડો
ખંભાત

સુશ્રાવક શ્રી જયંતભાઈ એમ. શાહ.

વિ. તમારા પૂજ્ય પિતાશ્રી શ્રી માવજીભાઈ બહુ સામાન્ય સ્થિતિમાંથી આપબળે–આત્મિકબળે આગળ વધ્યા, એટલે કે જાણે કાદવમાંથી કમળ બન્યા અને દુનિયાને આધ્યાત્મિકતાની કોઈ અપૂર્વ સુગંધ અપી.

તેઓશ્રી આદર્શ શિક્ષક, સુજ્ઞ લેખક, સૂક્ષ્મતત્ત્વચિંતક, પ્રતિભાસંપન્ન અને આદર્શ કવિત્વશક્તિવાળા પણ હતા.

લોકસમાજમાં શિક્ષકની જે ગણના છે, તેના કરતાં તેમણે જુદી જ છાપ પાડી. શિક્ષક એટલે સાચા વિદ્યાગુરુ, શુભમાર્ગદૃષ્ટા અને કલ્યાણમિત્ર. તેનું જ્વલંત દૃષ્ટાંત તેમણે પૂરું પાડ્યું છે.

તેમના હાથે અનેક જીવોના હૃદયમાં ધાર્મિક શિક્ષણ અને સંસ્કારનાં બીજ રોપાયેલાં છે કે જેથી તે જીવો ગમે ત્યાં હોય તોય તેમને સંભાર્યા વિના ભાગ્યે જ રહે.

તેમના જીવનમાં તેઓ સારી એવી આત્મિક કમાણી કરી ગયા છે અને તેમના જીવનમાંથી મળેલા વારસારૂપ તમે પણ તેમને અનુરૂપ આધ્યાત્મિક જીવનને જીવનના પાયારૂપ બનાવો તે જ તેમના વારસદાર તરીકે તમારા માટે ઉચિત છે; અને તે તમારામાં છે, હોય જ અને ભવિષ્યની પ્રજામાં પણ એ વારસો મૂકતાજ રહેશો, એવા અમારા શુભાશિષ એ જ તેઓશ્રીના આત્માની શાન્તિ ઇચ્છવા બરાબર છે.

લિ. આ. વિજયનંદનસૂરિના ધર્મલાભ

(૩)

## જીવનને અનેક રીતે સુશોભિત કર્યું.

દોલતનગર–બોરીવલી,
તા. ૧૨–૭–૬૫

ધર્મલાભપૂર્વ લખવાનું કે ધાર્મિક શિક્ષકોની પ્રતિષ્ઠા વ્યાવહારિક જીવનમાં મધ્યમ ગણાય છે. પરંતુ શ્રી માવજી દામજી શાહે પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓ, સાહિત્ય, સંસ્કારો વગેરેથી ઘણી રીતે મહેકતી કરી છે અને પોતે જીવનને અનેક રીતે સુશોભિત કર્યું છે.

તેઓ અત્રે બોરીવલી–દોલતનગર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પેઢીના માનનીય સભ્ય હતા અને શ્રી અમૃતસૂરિ જૈન સાહિત્યવર્ધક સભાના એક *વહીવટદાર પણ હતા.*

અત્રેની શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળાની પરીક્ષાઓ

લઈને પોતાના તરફથી ઈનામો વહેંચતા. દિલમાં અનેક રીતે દયા, દાન, તેમના જીવનમાં પ્રવર્તતા હતા.

સં ૨૦૨૧ ચૈત્ર સુદિ ૩ ને રવિવારના રોજ તેમના સ્વર્ગવાસના બે માસ પૂર્વે અત્રે શિક્ષણસંઘ સંમેલન ભરાયું, તેમાં સર્વેને ભોજન આપી, તેમજ છંદ, કાવ્યપૂર્વકના અપૂર્વ વક્તવ્યથી સાહિત્યની પ્રસાદી બધાને વ્હેંચી ખુશી કર્યા હતા. આવો તેમનો આત્મા પરભવમાં પણ જ્ઞાનોપાસક બને એ સ્વાભાવિક છે.

તેમના જીવનમાં તેમના પત્ની પણ પ્રેરણાની મૂર્તિ સમા હતા. એમનું દિલ દરિયા જેવું છે.

તેમના પુત્ર શ્રી જયંતભાઈએ પણ પિતાનું મન અનેક રીતે જિતી જીવનની સુવાસ અનેક રીતે ફેલાવી છે.

શાસનદેવ તેમના આત્માને ચિર શાંતિ આપે.

લિ. **વિજયઅમૃતસૂરિ**

(૪)

## તેમની સુવાસ કાયમ વિદ્યમાન રહેશે.

શ્રી નમિનાથ જૈન ઉપાશ્રય, મુંબઈ
તા. ૧૧–૭–૬૫

ધર્માનુરાગી સુશ્રાવક શ્રીયુત જયંતભાઈ તથા તમારા માતુશ્રી વગેરે જોગ ધર્મલાભ વાંચશો.

તમારા પિતાશ્રી તા. ૯–૭–૬૫ શુક્રવાર બપોરે અવસાન પામ્યાના ખબર તે જ દિવસે સાંજે અમોને આપના માણસ પાસેથી મળ્યા હતા.

સ્વ. માવજીભાઈ ભલે સ્થૂલ દેહે આજે અહિં નથી, પણ તેમની સુવાસ તો વર્ષોના વર્ષો સુધી હજારો મહાનુભાવોમાં કાયમ વિદ્યમાન રહેશે; કારણ કે તેમણે પોતે ધાર્મિક શિક્ષણ અને સંસ્કાર પ્રાપ્ત કરીને હજારો આત્માઓને ધાર્મિક શિક્ષણ અને સંસ્કારનાં અમૃતપાન કરાવ્યાં છે.

તમોએ પણ તેમની છેલ્લાં બે વર્ષની બિમારી દરધ્યાન એક સુપુત્ર તરીકે પિતાજીની સુંદર સેવાચાકરી કરીને આદર્શ પિતાના આદર્શ પુત્રનું જ્વલંત દૃષ્ટાંત જનતા પાસે રજૂ કરેલ છે.

તમારા માતુશ્રી વિગેરેને ધર્મલાભ પાઠવશો અને સ્વ. આત્માના નિમિત્તે શોક-સંતાપ ન કરતા ધર્મધ્યાનમાં વૃદ્ધિ કરશો.

૬ : **ધર્મસૂરિના ધર્મલાભ**

(૪)

## વિદેહ છતાં અમર

શ્રી નમિનાથ જૈન ઉપાશ્રય, મુંબઈ
તા. ૧૧-૭-૬૫

ધર્માત્માઓ યોગ્ય,

ધર્મશ્રદ્ધાળુ આજીવન જ્ઞાનોપાસક દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અસાધારણ શ્રદ્ધા ધરાવનાર ભદ્રપરિણામી શ્રી માવજીભાઈનો મૃત્યુના સમાચાર વાંચી ખૂબ આઘાત થયો.

હું વિચાર કરતો હતો કે બે ત્રણ દિવસમાં જઈ આવીશ.

ત્યાં આમ બન્યું. પૂજ્ય ગુરુદેવે આ માટે બે શબ્દો લખ્યા છે, તે વિચારજો.

બાકી તમોએ એક આદર્શ પુત્ર તરીકે પિતાની સેવા કરવામાં કોઈ કચાસ નથી રાખી. તમારું છત્ર જાય એટલે તમને જરૂર લાગે જ. હું છેલ્લે ન મલી શકયો, તેનો મને પણ રંજ રહી ગયો. પણ ભાવિભાવ આગળ શો ઉપાય?

બાકી તેઓ એવી સુવાસ મૂકી ગયા છે કે આજે વિદેહ છતાં અમર છે.

સહુથી વધારે માતુશ્રીને વેદના હોય એ સ્વાભાવિક છે. તેઓ સુજ્ઞ છે, ધર્માત્મા છે. બને એટલી સારવાર બધી જ કરી છૂટયા છે, એટલે આ બાબતમાં શોક ન કરતાં ખૂબજ સમતા શાંતિ જાળવે. સહુને શાંતિ રાખવા અનુરોધ છે.

—યશોવિજયજી

## ( ૫ )

## એ તો જીવન જીવી ગયા.

કોટ, ઉપાશ્રય, મુંબઈ
તા. ૧૦–૭–૬૫

સુશ્રાવક શ્રી જયન્તભાઈ,

ધર્મલાભ શ્રી માવજીભાઈના સ્વર્ગવાસના સમાચાર વાંચતાં એક એવી વ્યક્તિને ગુમાવ્યાનું દુઃખ છે કે જેની ખોટ કોઈ રીતે પૂરી પડી શકે તેમ નથી. એમણે તો જ્ઞાનની ગંગા વહાવી, સાહિત્યની સૌરભ ફેલાવી, હજારો બાળકોનાં જીવનમાં ધર્મનો

પ્રકાશ પાથર્યો. એ તો એક જીવન જીવી ગયા. એમણે પોતાના આત્માની અપૂર્વ આરાધના અને સાધના કરી છે. એ ઉચ્ચગતિ પામી ગયા. એમના સુપુત્ર તરીકે તમે આજ સુધી સુંદર પ્રવૃત્તિઓમાં તન, મન અને ધનથી ભાગ લેતા આવ્યા છો. હવે પછી પણ પિતાના પગલે ચાલી એમની જ્યોતને જલતી રાખશો, એવી મને શ્રદ્ધા છે. તમારા માતુશ્રી તથા સૌને મારા સ્મરણસહ ધર્મલાભ કહેજો.

એમના આત્માને પરમ શાન્તિ મળો એવી પ્રાર્થના કરું છું.

—ચન્દ્રપ્રભસાગરના ધર્મલાભ

( ૬ )

## જીવન સાર્થક રીતે પૂરું થયું

ભાઈલાલ છોટાલાલ પટેલ O. B. E.,
વલ્લભ વિદ્યાનગર
તા. ૧૩–૭–૬૫

પ્રિય ભાઈ જયંત,

આજરોજ ભાઈ પુરૂભાઈના પત્ર ઉપરથી જાણવા મળ્યું કે તારા પિતાશ્રીનું તા. ૯–૭–૬૫ને શુક્રવારના રોજ અવસાન થયું છે.

આ સમાચાર જાણી એમના લગભગ પચાસ વરસ જુના મિત્ર અને સાથી તરીકે મને દુઃખ થાય એ તો સ્વાભાવિક છે, પરંતુ તમારા બધાના અને ખાસ કરીને તારા માતુશ્રીના દુઃખ અને આઘાતનો વિચાર કરતાં સવિશેષ દુઃખ

થાય છે. સામાન્ય રીતે જન્મ-મરણ એ જગતનો અનાદિકાળથી ચાલતો આવેલો ક્રમ છે અને દરેક જીવનનો કુદરતી અંત પણ અવસાન જ છે. તારા પિતાશ્રી સીતેરેક વરસ જેટલું આયુષ્ય ભોગવી સમાજના ઉત્કર્ષમાં ઉપયોગી થાય એવું શિક્ષણ કાર્ય કરી તમને બધાંને સારે ઠેકાણે પાડી વિદાય થયા, એટલે આપણે આપણા સ્વાર્થને બાજુએ રાખી વિચાર કરીએ તો એમનું જીવન સાર્થક રીતે પૂરું થયું, એથી એક રીતે આપણને સંતોષ થાય, છતાં સ્વજન ગયાનો જે ઘા લાગે તેનું દુઃખ તો આપણે સૌએ સમજપૂર્વક સહન કરવું જોઈએ. જગન્નિયંતા એમના આત્માને શાન્તિ આપે અને તમે સૌ પરિવારને એમની ખોટનું દુઃખ સહન કરવાની શક્તિ આપે એમ ઈચ્છું છું.

લિ. શુભેચ્છક
**ભાઈલાલ**ના સ્નેહાશિષ
( માનદ્‌મંત્રી ચારૂતર વિદ્યામંડળ )

(૭)

G. H. JAMBOTKAR.
M. A., B. T. ( BOM.),
T. D. ( LOND.)

373, C. Tara Niwas,
Bhandarkar Road.,
MATUNGA,
BOMBAY-19.
13th July, 1965.

My dear Jayantilal,

Only an hour before I chanced to meet an old teacher of our school, Shri Gandhi, who casually

mentioned that he had read in a newspaper that Shri Mavajibhai passed away last week, and I hasten to offer my very sincere condolences to you and your sad bereavement.

Looking back thirty five years, I remember your father as the one teacher who spoke to me for the first time. I was a stranger stepping into a new atmosphere, it was Mavajibhai who drew me to him first.

We worked together for nearly twenty eight years, and I come to know him more and more intimately as years rolled. I was struck by his intelligence and his industry. It was remarkable that he talked English with the facility he had acquired without going to an English school. He wrote, I think, about sixty pamphlets full of thoughts a thing remarkable in a person who had little grounding in a modern school or college. I think he died well and he lived to see good days of comparative affluence and peace mixed with comfort.

He had the consolation to see you well established and he used to tell proudly about you as a son. That was a success worth wishing for in life.

Mr. Kati died on 20th July last year and Mr. Dalichand Mehta on the 25th of the same month. July seems to be a bad month for teachars of the school.

Any way, we have to face things as they come. Kindly convey my condolences to your family. May the soul of the deceased find peace.

Yours in grief,

**Sd.-G. H. Jambotkar**

(૮)

HOSPITAL & DISPENSARY,

Dr. V. R. BAGWE,
B. Sc., M.B.B.S.,
D. G. O.
CAPTAIN I.M.S,

Khetsi Chaturbhuj
Bldg, Kirol Road,
P. O, Ghatkopar,
Bombay-77.
Date : 21-7.1965

Dear Jayantibhai,

It was a grievous shock to me, my son and daughter to read the sad news of your dear father's death.

Since our coming to Ghatkopar my wife and I had made the acquaintance of Shri Mavjibhai which had ripend into a sincere friendship.

His unassuming sociale ways, his religious temeperament and kind nature had endeared him to us as if he were one of tbe members of our family and

relatives. It is my sorrow that I should lose such a sincere friend. Your life is great. But in your bereavment be comforted that innumerable friends share in your sorrow.

Kindly convey my condolences to your mother and members of your family.

Your sincerely,
Sd.- **V. R. Bagwe.**

શ્રીમાનતુંગસૂરિકૃત

# ભક્તામર સ્તોત્ર

## ગુજરાતી સમશ્લોકી અનુવાદસહિત

### મંદાક્રાન્તાવૃત્ત

(૧)

દીપાવે જે મુકુટમણિના તેજને દેવતાના,
સંહારે જે અઘતિમિરને માનવો સદાના;
જે છે ટેકારૂપ ભવમહિં ડૂબતા પ્રાણીઓને,
નિશ્ચે એવા પ્રભુચરણમાં વંદનારા અમો એ.

(૨)

જેની બુદ્ધિ અતિશય બની શાસ્ત્રનું તત્ત્વ જાણી,
તે ઈંદ્રોએ સ્તુતિ પ્રભુતણી રે કરી ભાવ આણી;
ત્રિલોકીનાં જનમન હરે સ્તોત્ર માંહિ અધીશ,
તે શ્રી આદિ જિનવરતણી હું સ્તુતિને કરીશ.

(૩)

દેવો સર્વે મળી મળી કરે પૂજના આપ કેરી,
મૂકી લજ્જા મતિહીન છતાં ભક્તિ મારી અનેરી;
જોઈ ઈચ્છે ગ્રહણ કરવા પાણીમાં ચંદ્રને જે,
નિશ્ચે એવી હઠ નહિ કરે બાલ વિના સહેજે.

(૪)

સદ્‌ગુણોથી ભરપુર તમે ચંદ્રવત્ શોભનારા,
દેવોના એ ગુરુ નવ શકે ગુણ ગાઈ તમારા;
જે સિંધુમાં પ્રલય સમયે ઉછળે પ્રાણીઓ રે,
તેને ક્યારે પણ તરી શકે કોણ રે બાહુ જોરે.

(૫)

એવો હું છું ગરીબજન તો યે પ્રભુભક્તિ કાજે,
શક્તિ જો કે મુજ મહિં નથી ગુણ ગાઇશ આજે;
જો કે શક્તિ નિજમહિં નથી તો ય શું મૃગલાં એ,
રક્ષા માટે નથી શિશુતણી સિંહ સામે જતાં એ?

(૬)

જો કે હું છું મતિહીન ખરે લાગું છું પંડિતો ને,
તો યે ભક્તિવશ થકી પ્રભુ હું સ્તવું છું તમોને;
કોકિલાઓ ટુહુ ટુહુ કરે ચૈત્રમાંહિ જ કેમ?
માનું આવે પ્રતિદિન અહા આમ્રનો મોર જેમ.

(૭)

જન્મોનાં જે બહુ બહુ કર્યાં પાપ તો દૂર થાય,
ભક્તો કેરી પ્રભુ ગુણમહિં ચિત્તવૃત્તિ ગુંથાય;
વિંટાયું જે તિમિર સઘળું રાત્રિ ને વિશ્વમાંય,
નાશે છે રે સૂરજ ઉગતાં સત્વરે તે સદાય.

(૮)

એવું માની સ્તવન કરવાનો થયો આજ ભાવ,
તેમાં માનું મનમહિં ખરે આપનો છે પ્રભાવ;
મોતી જેવું કમળપરનું વારિ બિંદુ જ જે છે,
તેવી સ્તુતિ મનહર અહા સજ્જનોને ગમે છે.

(૯)

દૂરે રાખો સ્તવન કરવાં આપનાં એકધારાં,
પાપો નાસે જગજન તણાં નામ માત્રે તમારાં;
જો કે દૂરે રવિ રહી અને કિરણોને પ્રસારે,
તો યે ખીલે કમલદલ તે કિરણોથી વધારે.

(૧૦)

એમાં કાંઈ નથી નવીનતા નાથ દેવાધિદેવ,
ભક્તો સર્વે પદ પ્રભુ તણું પામતા નિત્યમેવ;
લોકો સેવે કદિ ધનિકને તો ધની જેમ થાય,
સેવા થાતાં પ્રભુ પદ તણી આપ જેવા જ થાય.

(૧૧)

જોવા જેવા જગમહિં કદિ હોય તો આપ એક,
બીજા સર્વે સકળ પ્રભુથી ઊતરે છે જ છેક;
પીધું હોયે ઉજળું દૂધ જો ચંદ્ર જેવું મજાનું,
ખારાં ખારાં જલધિજળને કો પીએ કેમ માનું ?

(૧૨)

જે જે ઉંચા અણુ જગતમાં ઠામ ઠામે પડયાં છે,
તે તે સર્વે ગ્રહી ગ્રહી અહા આપમાંહિ જડયા છે;
આ પૃથ્વીમાં પરમ અણુઓ તેટલા માત્ર દીસે,
તે હેતુથી પ્રભુ તુજ સમું રૂપ ના અન્ય કો છે.

(૧૩)

જેણે જીતી ત્રિભુવન તણી ઉપમા સર્વ રીતે,
દેવોના ને જનગણતણા ચિત્તને ખેંચતી તે;
થાતો ઝાંખો શશી પણ પ્રભુ આપના મુખ પાસે,
મેલા જેવો દિન મહિં અને છેક પીળો જ ભાસે.

(૧૪)

વ્યાપ્યા ગુણો ત્રિભુવનમહિં હે પ્રભુ શુભ્ર એવા,
શોભે સર્વે સકળ કળના પૂર્ણિમા ચંદ્ર જેવા;
તારા જેવા જિનવરતણાં આશરે તે રહે છે,
સ્વેચ્છાથી તો અહિં તહિં જતા કોણ રોકી શકે છે!

(૧૫)

ઇંદ્રાણીઓ ચલિત કરવા આદરે જો પ્રકારો ?
તો યે થાતા કદિ નહિ અહા આપને રે વિકારો;
ડોલે જો કે સકલ મહીધરો કલ્પનાના વાયરાથી,
ડોલે તો યે કદિ નવ અહા મેરુ એ વાયરાથી.

(૧૬)

ક્યારે હોતાં નથી કદિ અહા ધૂળ કે વાટ જેમાં,
એકી સાથે ત્રિભુવન દીપે એ ખૂબી છે જ તેમાં;
ના ઓલાયે કદી પવનથી હો કદીએ નમેરો,
એવો કોઈ અજબ પ્રભુજી દીવડો આપ કેરો.

(૧૭)

જેને રાહુ કદિ નવ ગ્રસે અસ્ત થાતો નથી જે,
આપે સૌને પ્રભુરૂપ રવિ તે જ લોકો મહિં જે;
જેની કાંતિ કદિ નવ હણે વાદળાંઓ સમીપે,
એવો કોઈ અભિનવ રવિ આપનો નાથ દીપે.

(૧૮)

શોભે રૂડું મુખ પ્રભુ તણું મોહ જેનાથી થાકે,
જેને રાહુ પણ નવ ગ્રસે વાદળાંઓ ન ઢાંકે;
શોભે એવો મુખશશિ અહા હે પ્રભુ આપ કેરો,
જે દીપાવે જગત સઘળું ચંદ્ર જાણે અનેરો.

(૧૯)

અંધારાને પ્રભુ મુખરૂપી ચંદ્રમા જો નસાડે,
રાત્રે ચાંદો દિન મહિં રવિ માનવા તો જ આડે;
જે ક્યારામાં શુભ રીત વડે શાલિ પાકી અતિશે,
તેમાં ક્યારે પણ નવ અહા મેઘનું કામ દીસે.

(૨૦)

જેવું ઉંચું પ્રભુમહિં રહ્યું જ્ઞાન ગાંભીર્યવાળું,
બીજા દેવો મહિં નવ દીસે જ્ઞાન એવું રૂપાળું;
જેવી કાંતિ મણિમહિં અહા તેજના પુંજમાપી,
તેવી કાંતિ કદિ નવ દીસે કાચની રે કદાપિ.

(૨૧)

જોયા દેવો પ્રભુજી સઘળા તે થયું ઠીક માનું,
જોયા તેથી તુજ મહિં અહા ચિત્ત તો સ્થિર થાતું;
જોયા તેથી મુજ મન મહિં ભાવના એ ઠૂરે છે,
બીજો કોઈ તુજ વિણ નહિ ચિત્ત મારૂં હરે છે.

(૨૨)

સ્ત્રીઓ આજે જગતભરમાં સેંકડો જન્મ આપે,
તારા જેવા અનુપમ નહિ પુત્રને જન્મ આપે;
નક્ષત્રોને વિધવિધ દિશા ધારતી રે અનેક,
કિંતુ ધારે રવિકિરણને પૂર્વ દિશા જ એક.

(૨૩)

મોટા મોટા મુનિજન તને માનતા નાથ તો તે,
અંધારામાં રવિરૂપ સમા નિર્મળા આપ પોતે;
સારી રીતે અમર બનતા આપને પામવાથી,
મુક્તિ માટે નવ કદિ બીજો માનજો માર્ગ આથી.

(૨૪)

સંતો માને પ્રભુજી તમને આદિને અવ્યયી તો,
બ્રહ્મા જેવા અનવધિ પ્રભુ કામકેતુ સમા છો;
યોગીઓના પણ પ્રભુ બહુ એક રૂપે રહ્યા છો,
જ્ઞાની રૂપે વળી વિમળતા પૂર્ણ તત્ત્વે ભર્યા છો.

(૨૫)

દેવે પૂજ્યા વિમળ મતિથી છો ખરા પૂજ્ય આપ,
ત્રિલોકીને સુખ દીધું તમે તો મહાદેવ આપ;
મુક્તિ કેરી વિધિ કરી તમે છો વિધાતાજ આપ,
ખુલ્લું છે એ પ્રભુજી સઘળા ગુણથી કૃષ્ણ આપ.

(૨૬)

થાઓ મારાં નમન તમને દુઃખને કાપનારા,
થાઓ મારાં નમન તમને ભૂમિ શોભાવનારા;
થાઓ મારાં નમન તમને આપ દેવાધિદેવા,
થાઓ મારાં નમન તમને સંસ્કૃતિ કાળ જેવા.

(૨૭)

સર્વે ઉંચા ગુણ પ્રભુ અહા આપમાંહિ સમાયા,
તેમાં કાંઈ નથી નવીનતા ધારીને છત્રછાયા;
દોષો સર્વે અહિં તહિં ફરે દૂર ને દૂર જાયે,
જોયા દોષે કદિ નવ પ્રભુ આપને સ્વપ્નમાંયે.

(૨૮)

ઉંચા એવા તરુવર અશોકે પ્રભુ અંગ શોભે,
જાણે આજે રવિરૂપ ખરૂં દીપતું છેક મોભે;
અંધારાને દૂર કરી રહ્યું સૂર્યનું બિંબ હોય,
નિશ્ચે પાસે ફરી ફરી વળ્યાં વાદળાં રૂપ તોય.

(૨૯)

રત્નો કેરા કિરણસમૂહે ચિત્ર વિચિત્ર છાજે,
એવા સિંહાસન પર પ્રભુ આપનો દેહ રાજે;
વિસ્તારે છે રૂપ ગગનની મધ્યમાં જેમ ભાનુ,
ઉંચા ઉંચા ઉદયગિરિના શિખરે તેમ માનું.

(૩૦)

શોભે રૂડું શરીર પ્રભુજી સ્વર્ણ જેવું મજાનું,
વિંઝે જેને વિબુધ જનતા ચામરો એમ માનું;
દીસે છે જે વિમળ ઝરણું ચંદ્ર જેવું જ હોય,
મેરુ કેરા શિખર સરખું સ્વર્ણ રૂપે ન હોય?

(૩૧)

શોભે છત્રો પ્રભુ ઉપર તો ઊજળા ચંદ્ર જેવા,
થંભાવે તે રવિકિરણનાં તેજને દેવદેવા;
મોતીઓથી મનહર દીસે છત્ર શોભા અનેરી,
દેખાડે છે ત્રણ ભુવનની સ્વામિતા આપ કેરી.

(૩૨)

સોના જેવાં નવીન કમળો રૂપ શોભા ધરી છે,
એવી જેના નખસમૂહની કાંતિ શોભી રહી છે;
જ્યાં જ્યાં વિશ્વે પ્રભુજી પગલાં આપ કેરાં ઠરે છે,
ત્યાં ત્યાં દેવો કમલદલની સ્થાપનાને કરે છે.

(૩૩)

દીસે એવી પ્રભુજી વિભૂતિ આપકેરા ખજાને,
દેતા જ્યારે જગતભરમાં ધર્મની દેશનાને;
જેવી કાંતિ તિમિર હરતી સૂર્ય કેરી દીસે છે,
તેવી ક્યાંથી ગ્રહગણ તણી કાંતિ વાસો વસે છે?

(૩૪)

જે કોપ્યો છે ભ્રમર ગણના ગુંજવાથી અતિશે,
જેનું માથું મદ ઝરણથી છેક ભીનું જ દીસે;
એવો ગાંડોતુર કરી કદિ આવતો હોય સામે,
તેને કાંઈ ભય નવ રહે હે પ્રભુ આપ નામે.

(૩૫)

જે હાથીનાં શિરમહિં રહ્યા રક્તથી યુક્ત છે ને,
મોતીઓથી વિભૂષિત કર્યાં ભૂમિના ભાગ જેણે;
એવો સામે મૃગપતિ કદિ આવતો જો રહે છે,
નાવે પાસે શરણ પ્રભુજી આપનું જે ગ્રહે છે.

(૩૬)

કલ્પો કેરા સમય પરના વાયરાથી અતિશે,
ઉડે જેમાં વિવિધ તણખા અગ્નિકેરાય મિષે;
એવો અગ્નિ સમીપ કદિયે આવતો હોય પોતે,
તારાં નામ-સ્મરણ જળથી થાય છે શાંત તો તે.

(૩૭)

કાળો કાળો અતિશય બની લાલ આંખો કરેલી,
ક્રોધે પૂરો બહુવિધ વળી ઉછળે ફેન જેની;
એવો મોટો મણિધર કદિ આવતો હોય સામે,
નિશ્ચે થંભે તુરત અહિ તે હે પ્રભુ આપ નામે.

(૩૮)

અશ્વો કૂદે કરિગણ કરે ભીમનાદો અતિશે,
એવી સેના સમરભૂમિમાં રાજતી જિતમિષે;
ભેદાયે તે તુરત પ્રભુજી આપનાં કીર્તનોથી,
જાણે નાસે તિમિર સઘળાં સૂર્યનાં કિરણોથી.

(૩૯)

ભોંકાતાં જ્યાં કરિશરીરમાં લોહીધારા વહે છે,
તેમાં મ્હાલી અહિં તહિં અહા સૈનિકો તો રહે છે;
એ સંગ્રામે નવ રહી કદિ જિતકેરી નિશાની,
લીધું જેણે શરણ તુજ જો હાર હોયે જ શાની.

(૪૦)

જ્યાં ત્યાં કૂદાકૂદ કરી રહ્યા નક્રચક્રો ફરે છે,
જેમાં મોજાં અહિં તહિં બહુ જોરથી ઉછળે છે;
એવા અબ્ધિમહિં કદિ અહા યાત્રિકો જો ફસાયે,
સંભારે જો પ્રભુજી તમને ભીતિ તો દૂર થાયે.

(૪૧)

અંગો જેનાં અતિશય વળ્યાં પેટના વ્યાધિઓથી,
જેણે છોડી જીવન જીવવા સર્વથા આશ તેથી;
તેવા પ્રાણી શરણ પ્રભુજી આપનું જો ધરે છે,
તેઓ નિશ્ચે જગતભરમાં દેવરૂપે ફરે છે.

(૪૨)

જે કેદીના પગમહિં અરે બેડીઓ તો પડી છે,
માથાથી તે જકડી લઈને જાંઘ સુધી જડી છે;
એવાં કેદી મનુજ પ્રભુજી આપને જો સ્મરે છે,
સર્વે બંધો ઝટપટ છૂટી છૂટથા તે ફરે છે.

(૪૩)

ગાંડા હાથી સિંહ દવ અને સર્પ યુદ્ધે થએલી,
અબ્ધિકેરી ઉદર દરદે બંધને કે બનેલી;
એવી ભીતિ ઝટપટ બહુ તેમની તો હરે છે,
જેઓ તારૂં સ્તવન પ્રભુજી પ્રેમથી રે કરે છે.

(૪૪)

જેને ગુંથી ગુણગણરૂપે વર્ણકુલે રમુજી,
એવી માળા વિવિધ વિધિએ આપની હે પ્રભુજી!
તેને જેઓ નિશદિન અહા કંઠમાંહે ધરે છે,
તેઓ લક્ષ્મી સુખથી જગમાં માનતુંગી વરે છે.



શ્રી સિદ્ધસેન દિવાકરકૃત

# કલ્યાણમંદિર સ્તોત્ર

## ગુજરાતી સમશ્લોકી અનુવાદસહિત

### મંદાક્રાન્તાવૃત્ત

(૧)

કલ્યાણોના ગૃહસમ વળી પાપભેદી ઉદાર,
બીધેલાંને જગતભરમાં નિર્ભીતિ આપનાર;
ડૂબંતાને ભવજલધિમાં જેહ છે તારનારી,
તીર્થેશોનાં ચરણયુગમાં વંદના હો અમારી.

(૨)

જેને બુદ્ધિ અતિશય વરી દેવગુરુ સમાન,
તેઓથી યે નવ થઇ શકે આપનાં ગુણગાન;
જે છે અગ્નિ સમ કમઠના ગર્વનાશે અધીશ,
નિશ્ચે એવા જિનવર તણી હું સ્તુતિને કરીશ.

(૩)

ગાવા માટે પ્રભુ તુજ ગુણો સ્થૂલરૂપે સમર્થ !
મારા જેવો જનગણ પ્રભુ કેમ થાયે સમર્થ ?
જો કે દેખી નવ શકતું જે દિનમાં ઘૂડ પોતે,
કેવી રીતે વરણવી શકે સૂર્યનું રૂપ તો તે.

(૪)

પ્રાણી જો કે અનુભવી થઈ મોહનાશે કદાપિ,
ગાઈ તારા ગુણ નવ શકે નાથ તારા તથાપિ;
કલ્પો કેરા પ્રબળ બળથી ઊછળેલો જણાય,
તો યે કોથી જલનિધિતણો રત્નરાશિ ગણાય?

(૫)

ગુણો તારા અગણિત છતાં તેમનાં ગાન કાજે,
જો કે હું છું જડ સમ છતાં નાથ તૈયાર આજે;
જોયો મોટો જલનિધિ અમે આવડો તો હતો તે,
દેખાડે છે કરયુગલથી બાળકો માપ પોતે.

(૬)

તારા ગુણો નવ કહી શકે નાથ યોગીજનો યે,
તે ગાવાને મુજ મહિં કહો કેમ સામર્થ્ય હોયે?
લાગ્યું એથી પગલું મુજ આ ભૂલવાળું કદાપિ,
બોલે છે યે નિજવચનથી પક્ષીઓ રે તથાપિ.

(૭)

દૂરે રાખો સ્તવન પ્રભુજી આપનાં એકધારાં,
રક્ષાયે છે મનુજ સઘળા નામથી આપકેરાં;
ઉનાળાના સખત તડકે પાંથિકો તાપતાંને,
આપે શાંતિ કમળસરનો વાયરો એ બધાને.

(૮)

જ્યારે જ્યારે હૃદયમહિં હો નાથજી લોકકેશ,
ત્યારે ત્યારે શિથિલ બનતા જન્મના સર્વ ફેરા;
જ્યારે આવે મયૂર વનશ્રી ખંડના મધ્યભાગે,
ત્યારે સર્પો ઝટપટ છૂટી આમને તેમ ભાગે.

(૯)

સંતાપે જો જગતજનને ખેદ કે દુઃખતાપ,
મૂકાયે છે મનુજગણ તે આપનો છે પ્રતાપ;
તાજા તેજે ઝળહળ થતા સૂર્યને જોઈ જેમ,
નાશી જાયે પશુગણ બધે ચોરથી આમતેમ.

(૧૦)

કેવી રીતે પ્રભુ ભવિકને આપ તારી રહ્યા છો,
ભવ્યો કેરા હૃદયકમળે આપ પોતે વહ્યા છો;
દેખાયે છે મશક તરતી વાયુ જો સંચરે છે,
નિશ્ચે પોતે પવનબળથી પાણીમાંહે તરે છે.

(૧૧)

મોટા મોટા હરિ–હર સમા નાથ જેથી ધવાયા,
એવા મોટા રતિપતિ વડે આપ તો ના છવાયા;
જે પાણીથી ઠરી હિમ થતો દીસતો લોકઅગ્નિ,
તે પાણીને ઝટપટ પીએ શું નહિ વાડવાગ્નિ?

(૧૨)

મોટાઈના ઘરસમ પ્રભુ આશરે આપ કેરા,
આવેલાઓ હૃદય ધરીને તોડતા સર્વ ફેરા;
થાયે સે'લો ભવજલતણો અંત તો માનવોથી,
મોટાકેરો વિભવ જગમાં ચિંતવ્યો જાય કોથી ?

(૧૩)

પેલા જ્યારે ઝટ દઈ પ્રભુ ક્રોધ આપે હટાવ્યા,
શી રીતે એ પ્રબળબળશા કર્મવૈરી નમાવ્યા ?
જાણે સર્વે હિમતતિ અતિ શીતતાથી સુહાયે,
તોયે બાળે તરુવરતણાં જંગલોને સદાયે.

(૧૪)

યોગીઓએ પરમ પ્રભુજી આપને હે જિનેશ,
જોયેલા છે નિજ હૃદયના મધ્યભાગે હમેશ;
જેની કાંતિ વિમળ અતિ છે એ સમું અક્ષ છે તો,
તેનો વાસો કમલ-કલિકાથી બીજે સંભવે શો ?

(૧૫)

ધ્યાનાગ્નિએ ભવિજન અહા સર્વ કર્મો જલાવી,
અંતે પામે પરમપદને દેહનો અંત લાવી;
અગ્નિકેરા પ્રબળ બળથી ભેદી પાષાણ ભાવ;
પામે સોના સરખી સઘળી ધાતુઓ શુદ્ધ ભાવ.

(૧૬)

જે કાયામાં મનુજ તમને ચિંતવે નાથ નિત્ય,
તે કાયાને ભવિજન કરે કેવી રીતે અનિત્ય?
મધ્યસ્થોથી જગમહિં બધે ક્લેશ અગ્નિ શમાય,
એવી ઉક્તિ વિમળમતિથી એક ભાવે ગવાય.

(૧૭)

તારી સાથે કદિ નવ કરે સુજ્ઞ તો ભેદભાવ,
વર્તે તેમાં પ્રભુજી સઘળો આપનો છે પ્રભાવ;
પાણીને યે પીયુષ કરતો મંત્ર કેરો પ્રકાર,
શું તે દૂરે નવ કદિ કરે વિષ કેરો વિકાર.

(૧૮)

અજ્ઞાની ને કુમતજનતા આશરો ર્હાય તારો,
ચિત્તે ચિંતે હરિહરસમી બુદ્ધિએ તોલ તારો;
ધોળો એવો જગમહિં બધે શંખ દેખાય પીળો,
જેની આંખે દરદ કમળો વર્ણ દેખાય પીળો.

(૧૯)

જ્યારે દેતા જિનવર તમે ધર્મની દેશનાને,
ત્યારે લોકો મુદિત તરુ યે વૃક્ષ નિઃશોકતાને;
જ્યારે ઉગી સૂરજ જગમાં ઠાલવે તેજ થોક,
ત્યારે થાયે પ્રકટ નહિ શું સર્વથા જીવલોક?

(૨૦)

ચારે બાજુ કુસુમ પડતાં દેવકેરાં ઘણાય,
નીચે જેનાં બીંટ રહી જતાં હોય તેવાં જણાય;
દેખે જ્યારે જિનવર તને દેવ કે વિજ્ઞ ઉંચા,
ત્યારે થાયે પ્રભુ મનુજના કર્મના બંધ નીચા.

(૨૧)

તારા ઉંડા હૃદયમહિંથી ઉપજેલી જિનેશ,
વાણી તારી પીયુષ સરખી લાગતી'તી હમેશ;
તે વાણીના સરસ રસનો હર્ષથી સ્વાદ પામે,
તેવા ભવ્યો ઝટપટ જતા મુક્તિના શ્રેષ્ઠ ધામે.

(૨૨)

નીચે નીચે અતિ જઈ પછી ઉચ્ચતાને ધરંતા,
દેવો કેરા જગતજનને ચામરો છે કહંતા;
જેઓ નિત્યે શરણ ધરતા દેવના દેવ તારાં,
નિશ્ચે તેઓ વિમળમતિના ઉચ્ચગામી થનારા.

(૨૩)

કાળા એવા મધુર રવના સ્વર્ણ-રત્ને રચેલાં,
એવા સિંહાસન પર તને ભવ્ય મોરો પહેલાં;
દેખે હર્ષે અતિશયપણે આપને નાથ તો ય,
જાણે મેરુ-શિખર પરનો એ નવો મેઘ હોય.

(૨૪)

ઉંચે ઉંચે વહન કરતા શ્યામ ભામંડળેથી,
લોપાયાં છે તરુવરતણાં પર્ણનાં તેજ તેથી;
તારૂં જેઓ શરણ ધરતા જેહ હે વીતરાગ,
કો એવા છે જગમહિં જનો જે ન થાયે વિરાગ ?

(૨૫)

હોયે મુક્તિપુરી ભણી જવા ભાવના જો તમારી,
તો હે લોકો પરમપ્રભુને સેવજો ચિત્ત ધારી;
એવું જાણે ત્રણ ભુવનના લોકને હોય કે' તો,
માનું છું હું જિનવર અહા દુંદુભિનાદ એ તો.

(૨૬)

આપે જ્યારે ત્રણ જગતને તેજધારી બનાવ્યા,
ત્યારે તારા ગુણ સહિત એ ચંદ્રમા કામ નાવ્યા;
મોતીઓના સમૂહથી અહા શોભતા સર્વ રીતે,
એવાં ધાર્યાં પ્રભુ ઉપર તો છત્રનાં રૂપ પ્રીતે.

(૨૭)

આપ્યો જેણે ત્રણ ભુવનને એકરૂપેજ યોગ,
જાણે કાંતિ તપ યશતણો જામતો રે સુયોગ;
સોના રૂપાં મહિં વળી મણિ તેજ ઓપી રહ્યાં છે,
એવા કિલ્લા ત્રણ મહિં અહા નાથ શોભી રહ્યા છે.

(૨૮)

દેવો કેરા નમન કરતા મસ્તકોમાં રહ્યા જે,
પુષ્પો પોતે શરણુ ધરતાં નાથજી આપનું તે;
પામે તારૂં શરણુ પ્રભુજી અલ્પરૂપે ય જો તે,
દેવો હો કે વિબુધજનતા પામતા હર્ષ પોતે.

(૨૯)

જો કે દૂરે પ્રભુજી ભવના સાગરેથી રહે છે,
તો યે તારા જગત સઘળા પ્રાણી પૃષ્ઠે રહે છે;
માટી કેરો ઘટ જલ મહિં જેમ છે તારનાર,
આઠે કર્મો રહિત પ્રભુજી તેમ છે તારનાર.

(૩૦)

તું છો સ્વામી ભુવન મહિં છો જાણનારા અકામી,
તું છો સ્વામી અલિપિરૂપ ને સર્વથા મોક્ષગામી;
અજ્ઞાનીને સકળ રીતથી નાથ છો રક્ષનાર,
ઉંચું એવું પ્રભુમહિં રહ્યું જ્ઞાન શોભાવનાર.

(૩૧)

ક્રોધાગ્નિથી કમઠ અસુરે ધૂળની વૃષ્ટિએથી,
ઘેરી દીધું ગગન સઘળું સર્વથા નાથ તેથી;
કાંતિ તેથી નવ ઘટી પ્રભુ લેશ જો કે તમારી,
બાજી તેના કરથકી ગઈ સર્વથા તારનારી.

(૩૨)

મેઘોકેરા ભયભીત થતા ગર્જનાના ભડાકા,
ને ચારે યે દિશ મહિં થતા વિજળીના કડાકા;
એવી વૃષ્ટિ કમઠ અસુરે દુઃખ દેવા કરી'તી,
તે પોતાને ભવજલધિમાં ડૂબવાને બની'તી.

(૩૩)

નીચા કેશે વિરૂપ જનના મુંડને ધારનારા,
અગ્નિ જેના મુખથકી અહા ચાલતા વેરનારા !
મૂકયા દૈત્યો કમઠ અસુરે આપને દુઃખ દેવા,
તે પોતાને દુઃખરૂપ થયા શું કહું દેવદેવા.

(૩૪)

ભક્તિકેરા ભરથી દીલના વ્યાપતા હોય જેના,
એવા પ્રાણી પ્રભુજી ચરણો આપના જે ભજેના;
સર્વે કામો તજી દઇ પ્રભુ ભાવથી જે ભજે છે,
રૂડી રીતે સકળ સમયે ધન્ય તે તો બને છે.

(૩૫)

માનું છું હું પ્રભુજી જગમાં જે ખરૂં પુણ્યધામ,
એવું કર્ણે કદિ નવ પડયું આપનું પુણ્ય નામ;
જો હું કાને કદિ ધરી શકયો આપનો નામમંત્ર,
તો શું પીડે કદિ પ્રભુ મને દુઃખના સર્વ તંત્ર ?

(૩૬)

હું માનું છું પ્રભુજી કદિયે સિદ્ધિને સાધનારા,
ચર્ણો તારા કદિ નવ પૂજ્યા દુઃખથી તારનારા;
પામ્યા ઉંચા હૃદય દળના આશયો સર્વનાશ,
તેથી આજે જીવનભરમાં હું થયો છું હતાશ!

(૩૭)

ઢાંકેલા છે નયન પ્રભુજી મોહના અંધકારે,
તેથી જોયા નવ કદિ પ્રભુ આપને કો પ્રકારે;
મારાં કર્મો અતિશયપણે ઉગ્રતા રે બતાવે,
તેથી તેઓ પ્રભુજી મુજને સર્વ રીતે સતાવે.

(૩૮)

પૂજ્યા જોયા પ્રભુજી તમને સાંભળ્યા મેં કદાપિ,
નિશ્ચે મારા મન મહિં અહા મેં ન ધાર્યા તથાપિ;
તેથી આજે દુઃખરૂપ ફળો ભોગવું નાથ તેના,
સાચું છે કે મનવગરની ભાવનાઓ ફળે ના.

(૩૯)

દુઃખી જીવો નિરખી અમને આપ છાયા કરોને,
ઇંદ્રિયોને વશ કરી તમે તો મને ઉદ્ધરોને;
ભક્તિથી હું નમન કરૂં છું, છો દયાળુ તમે તો,
દુઃખો કેરો સકળ બળથી અંત લાવો હવે તો.

(૪૦)

પામ્યો છું હું શરણુ કરવા યોગ્ય એવા તમોને,
ને રાગાદિ અરિગણુ ગયો આપથી નાશી પોતે;
એવા મારા પ્રભુજી કદિ હું ધ્યાન કું તમારૂં,
તો હું માનું પરમ પ્રભુજી છેક દુર્ભાગ્ય મારૂં.

(૪૧)

જેણે જાણ્યો સહુ જગતની વસ્તુનો સાર પોતે,
તાર્યા ભવ્યો જિનવર તમે દેવથી વંદ્ય છો તે;
રક્ષો આજે પ્રભુજી મુજને દુઃખના સાગરેથી,
શુદ્ધિ મારી કરી લઈ તમે છો દયામૂર્તિ તેથી.

(૪૨)

હોજો પ્યારા પ્રભુજી શરણું આપનું એક મારે,
હો આજે ને પરભવમહિં આપ તો નાથ મારે;
મેં જો ભક્તિ કંઈ પણ કરી આપની હે જિનેશ,
તો હું માગું ફળ પ્રભુ કને એકનું એક ઈશ.

(૪૩)

હર્ષે નિત્યે પુલકિત થતા અંગના ભાગ જેના,
જોવા તારાં વિમલ મુખને ઇચ્છતા જે મજેનાં;
જેને કોઇ નવ રહી ગયો હર્ષનો લેશ દેશ,
જેઓ તારૂં સ્તવન રચતા ભાવથી હે જિનેશ.

(૪૪)

તેઓ નિશ્ચે મનુજ કુમુદો ખીલવે ચંદ્ર જેમ,
પામે તેજે ઝળહળ થતી સ્વર્ગની લક્ષ્મી તેમ;
તેઓ ધૂએ સકળ મનના સંચયો સર્વકાળે,
ને પામે છે નિખિલ સુખનાં ધામને અલ્પકાળે.



# સર્વાંગસુંદર જીવન

જાણતાં કે અજાણતાં, દરકારથી કે બેદરકારથી તમે નિસર્ગ–કુદરતના નિયમોનો જેટલા પ્રમાણમાં ભંગ કરશો, તેની જેટલા પ્રમાણમાં અવહેલના કરશો, બરાબર તેટલા જ પ્રમાણમાં તમે તમારી પાસે વિધવિધ રોગોને બોલાવી રહ્યા છો, એમ નક્કી માનજો.

* *

[illegible]તના પ્રત્યેક નિયમનું બરાબર [illegible]ની સાન્નિધ્યમાં જેટલું રહી શકો [illegible], એ તંદુરસ્તીની મહાન ચાવી છે.

આ [illegible] નીરોગી તેમજ દીર્ઘજીવનનું પરમ રહસ્ય જીવનમાં ઉતારી તમારું જીવન સર્વાંગ-સુંદર બનાવી દો.

—શ્રી માવજી દામજી શાહ

જેકેટ : રિલાયેબલ પ્રિન્ટર્સ, સિટી મિલ કમ્પાઉન્ડ, અમદાવાદ-૧૭.